Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 16, Issue. 269, January 2025



**પ્રિય વાચક મિત્રો,**

સનાતન સંસ્કૃતિના સર્વોચ્ચ શીખર સમાન મહાકુંભ મેળાનો ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ થી પ્રારંભ થયો. મહાકુંભ એટલા માટે કે ૧૨ પૂર્ણકુંભ મેળા પછી, ૧૪૪ વર્ષ પછી આવતો કુંભ મેળો મહાકુંભ મેળા તરીકે ઓળખાય છે. આ ભારતીય સંસ્કૃતિનો ધાર્મિક અને સાંસ્કૃતિ ઉત્સવ છે. આપણા શાસ્ત્રોમાં પૂર્ણ કુંભ અને તેના આયોજનનો ઉલ્લેખ મળે છે. અથર્વવેદમાં પૂર્ણ કુંભ વિશેની એક ઋચા મળે છે. જે દર્શાવે છે કે સનાતન ધર્મના પ્રાચીન કાળથી કુંભ મેળાની ઉજવણીની પરંપરા ભારતીય સંસ્કૃતિમાં ચાલી આવી છે. 'કુંભ' એવું ખાસ નામ સમયગાળાને આપવામાં આવ્યું છે. (જે વિશાળ આકાશમાં સ્થિત ગ્રહો, રાશિઓ વગેરેના જોડાણને કારણે રચાય છે.) કુંભ મેળાનો આ ખગોળીય આધાર અને તેની સાથે જોડાયેલું આધ્યાત્મિક મહત્વ પશ્ચિમના દેશોની વિચારધારા માટે એક આશ્ચર્ય છે. તેની ઉત્પત્તિ સાથે સમુદ્રમંથનનો પ્રસંગ અને શંકરાચાર્યનું નામ સંકળાયેલું છે. જે તેનો પ્રાચિન ઇતિહાસ દર્શાવે છે.

મહાકુંભ મેળો એ માત્ર ધાર્મિક અને આધ્યાત્મિક મેળાવડો નથી. સંસ્કૃતિ અને આધ્યાત્મિક સંસ્કારનું પ્રતીક છે. આસ્થા, પરંપરા અને ઇતિહાસનો અનોખો સંગમ છે. આ મેળામાં દેશ–વિદેશના શ્રદ્ધાળુઓ પવિત્ર નદીઓમાં સ્નાન કરી પોતાના આત્મતત્વનું, ચિત્તત્તવનું શુદ્ધિકરણ કરે છે. આધ્યાત્મિક શાંતિ મેળવે છે. મુક્તિના માર્ગને મોકળો કરે છે. તેથી જ હિન્દું શાસ્ત્રોમાં કુંભ મેળાને 'અમરત્વનો મેળો' એવું કહેવાયું છે. આવા પવિત્ર સ્થાનનો લાભ લેવા લાખો શ્રદ્ધાળુઓ આવે છે.

કુંભ મેળો ભારતીય સનાતન સંસ્કૃતિનો જીવંત વારસો છે. માર્ક ટુલી કહે છે એમ એક સંસ્કૃતિક ઘટના છે. સનાતન ધર્મનું પ્રતિબિંબ છે. જેમાં સત્યની શોધનું મહત્વ રહેલું છે. તેથી આ મેળામાં કોઈ કોઈની ઉપર અધિકાર જમાવતું નથી. તેમજ માન્યતા થોપતું નથી. સૌ શ્રધ્ધાળુઓને પોતપોતાની સાધના પદ્ધતિમાં વિશ્વાસ કરવાનો અધિકાર આપે છે. આપણો સંસ્કૃતિક વારસાસમો કુંભ મેળો વિવિધતાનું સન્માન અને સહિષ્ણુંતાનું એક અદભુત ઉદાહરણ બની રહે છે.

આ મેળાવડો ભારતીયો પૂરતો નથી. અહી જગતના દરેક વર્ગના લોકો એક સાથે આવે છે. આ પવિત્રસંગમ સંતો, તપસ્વીઓ અને ગૃહસ્થો વચ્ચે સેતુરૂપ બને રહે છે. આધ્યાત્મના માર્ગ ઉપર ચાલનાર આ ત્રણેય સત્યોને એમ સંગમઃ સ્થાને એકઠા કરે છે. અહી ગૃહસ્થ શ્રદ્ધાળુઓ તપસ્વિઓના સાનિધ્યમાં રહે છે.

માન્યતા એવી છે કે સમુદ્રમંથન દ્વારા નીકળેલા અમૃત કળશને પ્રાપ્ત કરવા માટે દેવો અને દાનવો વચ્ચે ૧૨ વર્ષ યુધ્ધ ચાલ્યું હતું. એ દરમિયાન ચાર સ્થળોએ અમૃતબિંદુનાં ટપકયાં હતા. આ ચાર સ્થળોએ દર ચાર વર્ષે કુંભ મેળો યોજાય છે. જેમાં નાસિક, ઉજ્જૈન, હરદ્વાર અને પ્રયાગરાજનો સમાવેશ થાય છે.

મહાકુંભમાં સાધુ સંતોના અખાડા મુખ્ય આકર્ષણ રૂપ હોય છે. આ અખાડાઓની રચના આદિ શંકરાચાર્યએ સનાતન ધર્મનાં રક્ષણ માટે કરી હતી. એથી અખાડાના સાધુઓ શારીરિક રીતે સક્ષમ અને શાસ્ત્ર વિદ્યામાં નિપૂર્ણ હોય છે. હાલ ૧૩ અખાડા છે. જેને ત્રણ શ્રેણીમાં શૈવ, વૈષ્ણવ અને ઉદાસીનની શ્રેણીમાં વિભાજીત કરાયા છે.

કુંભમેળો એ હિંદુ ધર્મનાં મુખ્ય બે સિધ્ધાંતો ધર્મ (નૈતિકતા) અને કર્મ પર ભાર મુકે છે. કુંભમેળો આત્મસાધના, ભકિત ત્યાગ અને મૌક્ષની પરિભાષા પણ છે. તે મનુષ્યને પાપમુકિત, આધ્યાત્મિક શાંતિ, સત્યના અન્વેષણ માટે પ્રેરિત કરે છે. ધર્મ અને જ્ઞાનની પરંપરાઓ, તપસ્યા, યોગ, ગુરૂ–શિષ્ય સંવાદો દ્વારા કુંભ મેળો વ્યકિતગત અને સામાજિક રૂપે આધ્યાત્મિક ઉન્નતિ માટે એક અનોખું મંચ પૂરું પાડે છે.

સંત સમાજ પોતે મેળવેલ જ્ઞાન અને અનુભવને સામાન્ય જન સુધી પહોંચાડે છે. તેથી કુંભ મેળાનું આયોજન સાધના પરંપરા, ગૃહસ્થ પરંપરા અને કુંભ શાસ્ત્રની ત્રિવેણી છે. વળી, કથા અને પ્રવચન કઠિન જ્ઞાનને, (જીવનના ગૂઢ રહસ્યોને) સરળ ભાષામાં સામાન્ય જન સુધી પહોંચાડવાનું માધ્યમ છે. માટે જ સમાજશાસ્ત્રો તેને ભારતીય સમાજની સામૂહિક ચેતના જાગૃત કરવાનું સાધન માને છે.

ધર્મ સત્તા ઉપરાંત સમાજ સત્તા અને રાજ્ય સત્તા, આ ત્રણેયનો સંગમ કુંભ મેળાના આયોજનને સુવ્યવસ્થિત બનાવે છે. એટલું જ નહિ આ સંગઠિત આયોજન આદર્શ સમાજનો પાયો નાખવા માટેનું પ્રતીક છે. આજે તો આ મેળામાં ભારતીઓની સાથે વિદેશી શ્રદ્ધાળુઓ પણ સહભાગી બની રહ્યા છે. પશ્ચિમના દૃષ્ટિકોણથી આ મેળો સંત, સન્યાસી અને જીવનની ગૂઢ અવધારણાઓને સમજવાનો એક પ્રયાસ છે. જો કે ત્યાં આવી કોઈ પરંપરા નથી. એ જુદી વાત છે. અંતે એટલું કે ભારતીય પરંપરા, સંસ્કૃતિ, ધર્મ અને સમાજનો વિશેષ સંગમ એવો કે કુંભમેળો વિશ્વ એકતા અને સહિષ્ણુતાનો સંદેશ આપે છે. ભારતીય સમાજની સહઅસ્તિત્વની ભાવના અને સંસ્કૃતિક સમૃદ્ધિનું પ્રતીક છે. આસ્થાનું પર્વ છે. ઐતિહાસિક, પૌરાણિક, દાર્શનિક આયોજન છે. જ્યાં એક મંચ પર માનવતા, જ્ઞાન અને ચેતનાનું મિલન થાય છે.

**તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫**

**(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### ફરજીયાત હેલ્મેટ પહેરવા અંગેની ઝુંબેશની પુર્ણાહૂતી

ગુજરાત પોલીસના તા.૧૮/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક: ૧૮૬/STB/RB/F.NO/ટ્રાફિક નિયમ–અમલીવાર/હેલ્મેટ/૧૦૫૮/૨૦૨૪ દ્વારા દ્વિ–ચક્રીય વાહનનો ઉપયોગ કરતા અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સુચના ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ. આ સૂચનાને અમલમાં લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિશ્વવિદ્યાલયના મુખ્ય પ્રવેશ દ્વારા નં. ૧ પર સતત ૩૦ થી વધુ દિવસ હેલ્મેટ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ હેલ્મેટ ઝુંબેશમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ.રમેશદાન સી.ગઢવી તથા સુરક્ષા અધિકારીશ્રી મેહુલ મોદી દ્વારા હેલ્મેટની આવશ્યકતાઓ વિશે કેમ્પસમાં આવનાર તમામને જાણકારી આપવામાં આવી હતી. વિશ્વવિદ્યાલયના તમામ અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ અને વિદ્યાર્થીઓને ફરજીયાત હેલ્મેટ પહેરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તા.૧/૧/૨૦૨૫ના રોજ આ ૩૦ દિવસની હેલ્મેટ ઝુંબેશની પુર્ણાહૂતિ કરવામાં આવી હતી. હેલ્મેટ પહેરીને આવનાર તમામ અધિકારીઓ/ કર્મચારીઓ/સ્ટાફ અને વિદ્યાર્થીઓને ભગવદ્ગીતા આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશમાં સતત કાર્યરત સુરક્ષા અધિકારીશ્રી મેહુલ મોદી તથા મહિલા સુરક્ષા કર્મીઓને સાલ તથા પુરુષ સુરક્ષા કર્મીઓને જૅકેટ આપીને કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં બાંધકામ વિભાગના OSD ધર્મેશભાઈ જુરેમલાની, ફાઈન આર્ટસ વિભાગના કૉ–ઓર્ડિનેટર શ્રી અંકિત ચાંગાવાલા તેમજ મોનિકાબેન આકોલીયા હાજર રહ્યા હતા.















## આંતર વિશ્વવિદ્યાલય વેસ્ટ ઝોન ટેબલ ટેનિશ (ભાઇઓ)ની સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ટીમે ચેમ્પિયનશીપ મેળવી

આંતર વિશ્વવિદ્યાલય વેસ્ટ ઝોન ટેબલ ટેનિશ (ભાઈઓ)ની ટીમ અવધેશ પ્રતાપસિંહ વિશ્વવિદ્યાલય, રેવા દ્વારા આયોજિત શ્રી રામા ક્રિષ્ના કૉલેજ ઓફ પોલીટેકનિક એન્ડ મૅનેજમેન્ટ, સતના (મધ્યપ્રદેશ) મુકામે યોજાયેલ આંતર વિશ્વવિદ્યાલય વેસ્ટ ઝોન ટેબલ ટેનિશ (ભાઈઓ)ની સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ટીમે સૌ પ્રથમ કવાર્ટર ફાઈનલ મેચમાં ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદને ૩–૧ નાં ટીમ સ્કોરથી હરાવી સતત બીજીવાર લીગ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. પ્રથમ લીગ મેચ એમ.કે.કે.એસ. વિશ્વવિદ્યાલય, ભવનગરને ૩–૧ નાં ટીમ સ્કોરથી પરાજીત કરી હતી, બીજી લીગ મેચમાં દેવી અહિલ્યા બાઈ વિશ્વવિદ્યાલય, ઇન્દોરને ૩–૧નાં ટીમ સ્કોરથી પરાસ્ત કરી હતી. ત્રીજી લીગ મેચમાં આર.ટી.એમ.નાગપુર વિશ્વવિદ્યાલય, નાગપુર સામે ૩–૧નાં મેચ સ્કોરથી વિજેતા થઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇતિહાસમાં સૌ પ્રથમવાર ટેબલ ટેનિશ (ભાઇઓ)માં આંતર વિશ્વવિદ્યાલય વેસ્ટ ઝોન ચેમ્પિયનશીપ મેળવી છે. આ વિજય વિશ્વવિદ્યાલય માટે ગૌરવની વાત છે. આ વિજયથી વિશ્વવિદ્યાલયની પ્રતિષ્ઠા વધી છે અને અન્ય વિદ્યાર્થીઓને પણ રમતગમતમાં ભાગ લેવા માટે પ્રેરણા મળશે. આ ચેમ્પિયનશીપ પ્રાપ્ત થવા બદલ ટીમનાં દરેક ખેલાડીઓને, મૅનેજર, કોચ સર્વને વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેમજ યુવક કલ્યાણ વિભાગનાં ઓ.એસ.ડી.ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા અભિનંદન પાઠવી ટીમને ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.







## ૩૮માં વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો ફોક ડાન્સ સ્પર્ધામાં સિદ્ધિમાં પ્રથમ ક્રમ તથા અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃત પ્રદર્શન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા લોકમાતા અહલ્યાબાઈ હોલકર ૫૧માં યુવા મહોત્સવમાં વિજેતા થયેલ ૧૨ કૃતિ જેમાં શાસ્ત્રીય નૃત્ય, ફોક/ટ્રાઈબલ ડાન્સ, કાર્ટૂનિંગ, ઓન ધ સ્પોટ પેટિંગ, કલે મૉડેલિંગ, રંગોળી, ડિબેટ, શાસ્ત્રીય કંઠય સંગીત , સમૂહ ગીત, હળવું કંઠય સંગીત, મૂક અભિનય અને એકાંકી નાટક ૩૮માં વેસ્ટ ઝોન યૂથ ફેસ્ટિવલ, ગણપત વિશ્વવિદ્યાલય, મહેસાણા ખાતે વિજેતાઓની જાહેરાત કરવામાં આવી, જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફોક/ટ્રાઈબલ ડાન્સ ૩૮માં વેસ્ટ ઝોન યૂથ ફેસ્ટિવલમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. સાથે જ નૃત્ય શ્રેણીમાં ફર્સ્ટ રનર્સ અપ અને ડિબેટમાં પાંચમો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. ઉલ્લેખનીય છે કે વેસ્ટ ઝોન કક્ષાએ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યનો સમાવેશ થાય છે. આ ત્રણ રાજ્યોમાંથી  અંદાજિત ૪૫ વિશ્વવિદ્યાલયોએ ભાગ લીધો હતો. જેમાં ફોક/ટ્રાઈબલ ડાન્સમાં પ્રથમ ક્રમાંક, નૃત્ય શ્રેણીમાં ફર્સ્ટ રનર્સ અપ અને ડિબેટમાં પાંચમો ક્રમાંક પ્રાપ્ત કરવું એ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય માટે ખૂબ જ ગૌરવની વાત છે, મેળવેલ સિદ્ધિ બદલ તમામ ટીમને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઑ.એસ.ડી.ડૉ.પ્રકાશચંદ્ર પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહે છે અને આ પ્રદર્શન દ્વારા યુવા પ્રતિભાના વિકાસ માટે મજબુત પાયાનું નિર્માણ થયું છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા જાતિગત સમાનતા ઉપર એક દિવસીય સેમિનાર

તા. ૦૮/૦૧/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના વુમન ડેવલોપમેન્ટ સેલ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાતના સંયુકત ઉપક્રમે "સેતુ કાર્યક્રમ"ના

ભાગરૂપે જાતિગત સમાનતા ઉપર એક દિવસીય સેમિનારનું આયોજક કરવામાં આવ્યું હતું. આ સેમિનારના મુખ્ય ત્રણ સત્રમાં વિભાજીત હતો. સવારે ૧૧:૦૦ વાગ્યાથી શરૂ થયેલ આ કાર્યક્રમની શરૂઆતમાં શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. કિર્તીબેન ઠાકર દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોના સ્વાગત સત્કાર બાદ ૧૧:૩૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પ્રથમ સત્ર ૧૧:૩૦ વાગ્યાથી ૧૨:૩૦ વાગ્યા સુધી હતું. આ સત્રના મુખ્ય વકતા તરીકે મુંબઈથી પધારેલ વિખ્યાત મોટીવેશનલ સ્પીકર ડૉ. રચનાબેન રાવલ હતા. તેમણે પ્રવર્તતી જાતિગત સમાનતાને ભારતીય દ્રષ્ટિકોણથી સમજાવી તથા તેના મૂળમાં રહેલી બાબતો, પૂર્વ તથા પશ્ચિમનો જાતિગત સમાનતા અંગેનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ કર્યો હતો. તથા હાલમાં પ્રવર્તતી જાતિગત અસમાનતા નિવારવા સંભવિત ઉપાયો અંગે વિસ્તૃત ચર્ચા કરી. બીજુ સત્ર ૧૨:૩૦ વાગ્યાથી ૧:૪૫ વાગ્યા સુધી ચાલ્યું. તેમાં મુખ્ય વકતા તરીકે જેન્ડર રિસોર્સ સેન્ટરના ઓફિસર મહેન્દ્રભાઈ મકવાણા હતા. આ સત્ર દરમિયાન તેમણે લિંગ તથા જાતિયતા અંગેનો ભેદ સમજાવ્યો હતો. તેમણે સમજાવ્યું કે લિંગ એ કુદરતી બાબત છે. જ્યારે જાતિયતા એ માનસિક બાબત છે. આ સમગ્ર ચર્ચા દરમિયાન તેમણે સેમિનારમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નોના ઊંડી સમજણ વિકસે તેવા જવાબ આપ્યા હતા.

ત્યારપછી ભોજન વિશ્રાંતિ બાદ ૩:૦૦ વાગ્યાથી ૫:૦૦ વાગ્યા સુધી અંતિમ સત્ર પેનલ ડિસ્કશનનું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ભૂતપૂર્વ પત્રકાર, લેખિકા અને કવિયિત્રી એશા દાદાવાલા, મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોકસી, સામાજિક કાર્યકર શ્રીમતિ વર્ષાબેન ઠક્કર તથા સુરતના ડી.સી.પી. હેતલબેન પટેલ હતા. એશા દાદાવાલા દ્વારા પત્રકાર તરીકેને તેમની કારકિર્દી દરમિયાન તેમણે અનુભવેલા જાતિગત અસમાનતા અંગેના અનુભવો જણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે જાતિગત સમાનતા માટે સ્ત્રીઓએ પોતાની જાતને જ સક્ષમ બનાવવી પડશે. ડૉ. મુકુલ ચોકસી દ્વારા મનોવૈજ્ઞાનિક ફ્રોઈડના મનોવિશ્લેષણવાદની ચર્ચા કરવામાં આવી હતી. તેમણે જૈવિક તફાવતોનું અતિક્રમણ કરીને સમાનતા સ્થાપવાની વાત કરી હતી. શ્રીમતિ વર્ષાબેન ઠક્કર દ્વારા પ્રાચીન સાહિત્યમાં સ્ત્રી–પુરુષ સમાનતા અંગેની વાત કરવામાં આવી હતી. વધુમાં તેમના દ્વારા સૌને સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચેની ભેદરેખા સમજવા માટેનું સુચન કરવામાં આવ્યું હતું. ડી.સી.પી. હેતલબેન પટેલ દ્વારા તેમની ટ્રેઈનીંગ દરમિયાનના તથા પોતાના જીવનમાં અનુભવેલા જાતિગત અસમાનતાના અંગેના અનુભવો જણાવવામાં આવ્યા હતા. બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. કૈલાશબેન પટેલ દ્વારા અંતિમ સત્રની આ ચર્ચાઓનો ટૂંકમાં સાર રજૂ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન ડૉ. રેખાબેન ગઢવી દ્વારા થયું હતું. કાર્યક્રમના અંતમાં ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. દિલીપભાઈ જોષી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. પ્રમાણપત્ર એનાયત કરી કાર્યક્રમની પુર્ણાહૂતિ કરવામાં આવી હતી.






## વિશ્વવિદ્યાલય ખાતે ડૉ. શ્યામપ્રસાદ મુખર્જીના જીવન, યોગદાન અને નવભારત નિર્માણ માટેના તેમના વિચારો પર આધારિત એક દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના મહાત્મા ગાંધી ડિપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડીઝ દ્વારા તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ શ્યામપ્રસાદ મુખર્જીના જીવન યોગદાન અને નવભારત નિર્માણ માટેના તેમના વિચારો પર આધારિત એક દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન થયું. આ પરિષદ મૌલાના અબુલ કલામ આઝાદ ઇન્સ્ટિટયૂટ ઓફ કોલકાતા દ્વારા પ્રાયોજિત થયેલ હતી. આ પરિષદમાં દેશના પ્રખર વિદ્વાનો, અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક હાજરી આપી.

પરિષદની શરૂઆત દીપ પ્રાગટ્ય, વિશ્વવિદ્યાલય ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા થઈ. વિધિવત ઉદ્ઘાટન સમયે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ સ્વાગત ઉદબોધન કર્યું હતું, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપ્યું હતું અને મૌલાના અબુલ કલામ આઝાદ ઇન્સ્ટિટયૂટ ઓફ એશિયન સ્ટડીઝના પ્રતિનિધિ ડૉ. સરૂપ પ્રસાદ ઘોષે પરિષદમાં ઉપસ્થિત સૌ કોઈનું અભિવાદન કર્યુ

પરિષદના વિવિધ સત્રોમાં વિશિષ્ટ વકતાઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. ડૉ. સરૂપ પ્રસાદ ઘોષ, યુએન ESCPAના ડેપ્યુટી હેડ, શ્રી રાજન રત્ન અને પ્રખ્યાત પત્રકાર, શ્રી ઉદય મહુરકરે ડૉ. શ્યામપ્રસાદ મુખર્જીના રાષ્ટ્રવાદ, આત્મનિર્ભર ભારત માટેના દ્રષ્ટિકોણ અને ભારતીય સંસ્કૃતિ માટેના યોગદાન પર વકતવ્ય આપ્યું. ડૉ. અશ્વિન પટેલે જણાવ્યુ કે ડૉ. મુખર્જી "એક રાષ્ટ્ર, એક બંધારણ અને એક રાષ્ટ્ર, એક ધ્વજ"ના આદર્શમાં માનતા હતા. ડૉ. પ્રગતી બંદોપાધ્યાયે અખંડ ભારત માટેના ડૉ. મુખર્જીના વિચારો અને હિન્દુઓના અધિકાર માટેના તેમના માર્ગદર્શન પર પ્રકાશ પાડયો. ડૉ. અત્રાયી સહાએ ડૉ. મુખર્જીના ઔદ્યોગિક સુધારાઓ માટેના વિઝન અને મિશન વિષે તેમના સંશોધન રજૂ કર્યુ.

પરિષદમાં અન્ય મહાનુભાવોએ પણ તેમના વિચારો રજૂ કર્યા. ડૉ. દિગ્વિજયસિંશ ઠાકોરે ડૉ. મુખર્જીના નવનિર્મિત ભારત માટેના વિચારો પર ચર્ચા કરી, જ્યારે શ્રી વિશાલ ઘોષે ડૉ. મુખર્જીના શિક્ષણ, રોજગારી અને સ્ત્રી શિક્ષણ પરના દ્રષ્ટિકોણ વિશે ચર્ચા કરી. ડૉ. ભરત ઠાકરે શ્યામાપ્રસાદ મુખર્જીના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને ભારતના વિભાજન સમયે લોકોની યાતનાઓ દૂર કરવા માટેના તેમના પ્રયત્નોનું વિશ્લેષણ રજૂ કર્યુ.

દિવસના અંતે તજજ્ઞ શ્રી દિવ્યાંગ જે આચાર્યએ "દેશની સફળતા માટે તેની સંસ્કૃતિ અને ઇતિહાસ જાગૃત કરવાના મહત્વ" વિશે ચર્ચા કરી. પરિષદના સમાપન સમયે ડૉ. દીપેશ પટેલે તમામ ઉપસ્થિત વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને દાતાઓ માટે આભાર વ્યકત કર્યો. આ પરિષદમાં આશરે ૧૬૬ વિદ્યાર્થીઓ અને સંશોધકો તથા ૪૪ અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરિષદનું સમાપન ચર્ચા અને પ્રશ્નોતરી સત્ર સાથે થયું, જેમાં નવા વિચારો અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે સંકલ્પ કરવામાં આવ્યો.

## નેશનલ અને ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં અદ્દભૂત સિદ્ધિ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કેમેસ્ટ્રી વિભાગના ડૉ. પરેશ પટેલના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી કરતા વિદ્યાર્થીશ્રી પ્રતિક પટેલ તારીખ ૧૯ થી ૨૧ ડીસેમ્બર, ૨૦૨૪ દરમિયાન જયપુર, રાજસ્થાન ખાતે Indian Chemical Society દ્વારા આયોજિત ૬૧ મી ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લીધેલ હતો. આ કોન્ફરન્સમાં શ્રેષ્ઠ રીસર્ચ પેપર રજૂ કરેલ હતું. જેમાં વિદ્યાર્થીને પ્રથમ ક્રમાંક બદલ Research Excellence Awardથી સન્માનિત કરવામાં આવ્યા હતા. એટલું જ નહિ તેઓએ ૨૬ થી ૨૮ ડીસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ઇન્ડિયન કાઉન્સિલ ઓફ કેમેસ્ટ્રી દ્વારા પુને, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ ૪૩મો નેશનલ કોન્ફરન્સમાં પણ ભાગ લીધેલ હતો. આ કોન્ફરન્સમાં શ્રેષ્ઠ રીસર્ચ પેપર રજૂ કરેલ હતું. જેમાં વિદ્યાર્થીને પ્રથમ ક્રમાંક બદલ Young Scientist Awardથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓએ આ અદ્દભૂત સિદ્ધિથી પોતાના વિભાગનું અને સમગ્ર વિશ્વવિદ્યાલયનું નામ રોશન કર્યુ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, પીએચ.ડી. માર્ગદર્શક ડૉ. પરેશ પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તેઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

## ગુજરાતી વિભાગમાં ગુજરાતી આત્મકથા અને સંસ્મરણો: ફેક્ટ અને ફિક્શન પર નેશનલ સેમિનાર યોજાયો








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે શ્રી ક.મા.મુનશી પ્રકલ્પ એકમ ચેર અને ગુજરાતી વિભાગના ઉપક્રમે તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન

કરવામાં આવ્યું હતું. જેનો વિષય "ગુજરાતી આત્મકથા અને સંસ્મરણોઃ ફેકટ અને ફિકશન સંદર્ભે" હતો.

ભારતીય પરંપરામાં પોતાની વાત કહેવાનો રિવાજ નહોતો એટલે આપણે ત્યાં આત્મકથનાત્મક વાત કરતી રચનાઓની પરંપરા ઉભી નથી થઈ પણ પશ્ચિમમાં ખ્રિસ્તી ધર્મના મૂળમાં જ પોતે જે કર્યુ છે એની કબુલાત કરવાની વિધિ જોડાયેલી હોવાથી એવા ભાવમાંથી આત્મકથનની પરંપરા ઊભી થયેલી છે. જે અંગ્રેજી શાસન અને શિક્ષણના કારણે આપણે ત્યાં પણ આત્મકથનો કરવાની પરંપરા ઊભી થઈ– એમ કહીને આ સેમિનારના બીજ વકતા શ્રી સતીશ વ્યાસે સેમિનાર માટેનું ભાથુ બાંધતું બીજ વ્યાખ્યાન આપ્યું. ઉદ્ઘાટન બેઠકમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી રમેશદાન ગઢવી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા ને આવા સેમિનારો અવાર–નવાર યોજાતા રહે તો વિદ્યાર્થીઓનાં સર્વાંગી ઘડતરમાં મોટી બાબત બનીને ઊભી રહે. વિશ્વવિદ્યાલયમાં સંશોધનની પ્રવૃત્તિનો વ્યાપ વધે, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સંશોધન તરફ વળે, એમનામાં વિચારવમળો સર્જાય અને નવી દિશાઓ શોધવાની મથામણ કરતા થાય એ માટેના આયોજનો ગુજરાતી વિભાગ કરતો રહે છે – એનો આનંદ છે એમ જણાવીને શુભેચ્છાઓ પાઠવી હતી. વિભાગના અધ્યક્ષે સૌ મહેમાનોનું સ્વાગત કરવા સાથે આ સેમિનારની શા માટે જરૂરી પડી. તે સમજાવીને સત્ય અને સંભાવનાઓને, કલ્પનાઓને સમજવામાં આ સેમિનાર ઉપયોગી નીવડશે એવી શ્રદ્ધા પ્રગટ કરી. આ બેઠકનું સંચાલન શ્રી ભરત ઠાકોરે કર્યુ હતું.


બીજી બેઠકમાં કુલ ચાર વકતવ્યોમાં સુધારક યુગ, પંડિત યુગમાં સર્જાયેલી આત્મકથાઓ, રોજનીશીઓ, પત્રો અને સંસ્મરણો વિશે વાત કરવામાં આવી. ગાંધીયુગમાં આ પ્રકારનું સાહિત્ય સૌથી વધારે પ્રમાણે સર્જાયું હોવાથી આ યુગને બે ભાગમાં વહેંચીને બે વ્યાખ્યાનો યોજવામાં આવેલા. યુગની લાક્ષણિકતાઓ આ સ્વરૂપોમાં, એમના પત્રોમાં પ્રગટતો સમાજ, પ્રગટતો વિચાર અને વ્યકિતત્વો વિશે વકતાઓએ વિગતે વાત કરી. શ્રી અજયસિંહ ચૌહાણ, શ્રી હસિત મહેતા, શ્રી મિનલ દવે અને શ્રી શરીફા વીજળીવાળાએ આ બેઠકમાં વ્યાખ્યાનો આપ્યાં. આ બેઠકનું સંચાલન શ્રી પન્ના ત્રિવેદીએ કર્યુ.

ત્રીજી બેઠકમાં આધુનિકગાળાની આત્મકથાઓ વિશે શ્રી અજય રાવલ, ૧૯૮૫ થી ૨૦૦૦ની આત્મકથાઓ અને પત્રો વિશે શ્રી મહેન્દ્રસિંહ પરમારે અને ૨૦૦૦ પછીની આત્મકથઓ, સંસ્મરણો, પત્રો વિશે શ્રી જનક રાવલે પોતાના વ્યાખ્યાનો આપ્યા હતા. એમાથી ઉભરતી તાસીર, એ સમયની લાક્ષણિકતાઓ અને ખાસ તો આત્મકથાઓ કઈ રીતે દસ્તાવેજ આલેખન કરવામાં અને ભવિષ્યમાં એ સમયને સમજવાનું ઉપયોગી માધ્યમ બની રહે છે તેની લાક્ષણિકતાઓ વિશે વિચાર કરવામાં આવ્યો હતો. આ બેઠકનું સંચાલન શ્રી હેતલ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું.

કુલ ૧૧૬ જેટલા વિદ્યાર્થીઓ, સંશોધકોએ આ સેમિનારમાં હાજરી આપી. એમાં સાઠ જેટલા સંશોધનપત્રો આ સેમિનાર નિમિત્તે સંશોધકો દ્વારા લખવામાં આવ્યા હતા. એમાંથી પસંદગીના નમૂનારૂપ ૧૦ શોધપત્રોની પ્રસ્તુતિ કરતી ત્રીજી બેઠકના અધ્યક્ષ સ્થાને હતા શ્રી નરેશ વાઘેલા. સંશોધકોએ આત્મકથાઓ, પત્રો સંસ્મરણો વિશે વિગતે શોધપત્રો તૈયાર કરીને આ સેમિનારમાં રજૂ કરવામાં આવ્યા. સેમિનારના અંતિમસત્રમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા અને સુચારુ સેમિનારના નિર્વહન માટે વિભાગને અભિનંદન પાઠવવા સાથે વકતાઓએ સમય ફાળવ્યો અને વિશ્વવિદ્યાલયમાં આવ્યા તે માટે આવકારવા સાથે આભાર પાઠવ્યા હતા. સેમિનાર સમયબદ્ધ, શિસ્તબદ્ધ અને વિચારોની ઉત્તેજના આપનારું ભાથું બંધાવનારો રહ્યો.

## દ્વિતીય રામોત્સવ, ફૂડ ફેસ્ટિવલ તથા સ્ટાર્ટઅપનું ઉદ્‌ઘાટન








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે દ્વિતીય રામોત્સવ અને ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી કરવામાં આવેલ છે. આ દ્વિતીય રામોત્સવ અને ફૂડ ફેસ્ટિવલ તથા સ્ટાર્ટઅપના સ્ટૉલનું ઉદ્ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન ચાવડા ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, વિભાગીય વડાશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનના સમયગાળા દરમિયાન ઘણા બધા પ્રાદેશિક કલાકારો આવીને પોતાનું હુન્નર પ્રદર્શિત કરશે તથા પોતાની હેન્ડ મેડ વસ્તુઓ તથા ખાદ્ય પ્રદાર્થોનું વેચાણ કરશે અને આ ફેસ્ટીવલમાં અવનવી વાનગીઓ જોવા, જાણવા અને ખાવા મળશે. જેમાં આયુર્વેદિક વસ્તુઓ, રસોડામાં ઉપયોગમાં આવતા વિવિધ સામગ્રીઓ, ફરસાણ, ડાંગની પ્રખ્યાત વાનગીઓ તથા અદ્‌ભૂત વસ્તુઓના સ્ટોલ, ઓર્ગેનિક ખેતી પેદાશોનું વેચાણ કેન્દ્ર, વિવિધ પ્રકારની કલાકૃતિઓ જેવીકે ફાઈન આર્ટસ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ચિત્રો, લાઈવ સ્કેચ તથા સુશોભનની વસ્તુઓના વિવિધ સ્ટોલ છે. જેમાં દિવ્યાંગ ચિત્રકાર દ્વારા લાઈવ પેન્ટિંગ પણ કરવામાં છે જે ખરેખર આશ્ચર્યજનક વાત છે. ઉપરાંત અન્ય દિવ્યાંગ ભાઇઓ તથા બહેનો દ્વારા પણ પોતાની કળા રજૂ કરવામાં આવે છે. સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલના ભાગરૂપે ટ્રાયબલની સ્વસહાય સખી જૂથને એક પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી ગૃહ ઉદ્યોગના સ્ટોલ આપવામાં આવ્યા છે. વિવિધ વિભાગના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને તેઓ આગળ આવી અલગ અલગ ક્ષેત્રો અને સ્ટાર્ટઅપમાં પોતાની પોસીબીલીટી એક્સપ્લોર કરે એ હેતુથી તેમને પણ સ્ટોલ આપવામાં આવ્યા છે. તથા વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક વિભાગોના સ્ટોલ પણ છે જેમાં વિભાગમાં ચાલતા કોર્ષ અને પ્રવૃત્તિઓની માહિતીની જાણકારી આપવામાં આવે છે. આ ફૂડ ફેસ્ટીવલ તથા સ્ટાર્ટઅપને માણવા માટે તમામને જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય માર્ગ સલામતી માર્ચ–૨૦૨૫ની ઉજવણી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને સુરત શહેર ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે વિશ્વવિદ્યાલયમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી હતી. જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોતની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. યોગેશ વાંસિયા સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિષયને અનુરૂપ પ્રવચન આપતા કુલપતિશ્રી અને પોલીસ કમિશનરશ્રીએ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ટ્રાફિક સંબંધિ કરવામાં આવેલી જોગવાઈઓ, તેના ભંગ બદલ થતો દંડ, ટ્રાફિક સંબંધી કાયદામાં કરવામાં જોગવાઈઓનું પાલન કરવાથી થતા ફાયદા અને ના કરવાથી થતું નુકશાન વગેરે બાબતો વિશે વાત કરી હતી. કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના જુદા જુદા વિભાગો દ્વારા ટ્રાફિક સંબંધી માર્ગદર્શન આપતી જુદી જુદી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. તે પૈકી તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા નુક્કડ નાટક, લૉ વિભાગ દ્વારા વકતૃત્વ, જળચર જીવ વિજ્ઞાન વિભાગ દ્વારા નુક્કડ નાટક, જીવ વિજ્ઞાન વિભાગ દ્વારા નૃત્ય, જૈવ તકનીકી વિભાગ દ્વારા ડાન્સ કમ ડ્રામા અને સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા માઈમની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રતિભાગીઓને પ્રમાણપત્રોથી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમને રાષ્ટ્રગાન સાથે પૂર્ણ કરવામાં આવ્યો હતો.


## AISHEના નોડલ ઓફિસરો માટે તાલીમ કાર્યક્રમ


માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ : ૨૦૧૦–૨૦૧૧થી શરૂ કરવામાં આવેલ ઉચ્ચ શિક્ષણ અંગે All Indian Survey on Higher Education (AISHE) અંતર્ગત ૨૦૨૩–૨૪ના સર્વે માટે વિશ્વવિદ્યાલય સંલગ્ન સુરત અને તાપી જિલ્લાની કૉલેજોએ તેઓની કૉલેજની માહિતી માટે DCF-II નિયત સમયમર્યાદામાં AISHEની વેબસાઈટ પર અપલોડ કરવું અનિવાર્ય છે. સદર સર્વે અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ માહિતીનો સરકારશ્રી દ્વારા વિવિધ નીતિ–વિષયક નિર્ણયો/નીતિ તૈયાર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી સર્વે અંતર્ગત WEB-DCF-IIમાં દર્શાવવામાં આવેલ માહિતી સંપૂર્ણ સાચી હોવી અત્યંત જરૂરી છે. જેથી વિશ્વવિદ્યાલય સંલગ્ન સુરત અને તાપી કૉલેજોના નોડલ ઓફિસરો માટે જિલ્લા પ્રમાણે તાલીમ કાર્યક્રમ તા. ૨૪/૦૧/૨૦૨૫ના રોજ યોજાયો હતો.

સુરત અને તાપી જિલ્લાનો તાલીમ કાર્યક્રમ વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે તા. ૨૪/૦૧/૨૦૨૫ના રોજ એમ.એચ.આર. વિભાગના ચાણક્ય હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. તાલીમ કાર્યક્રમ વિશ્વવિદ્યાલય પરિસર પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વવિદ્યાલયના IQAC ડાયરેકટર તથા કોમ્પ્યુટર સાયન્સ વિભાગના ડૉ. અપૂર્વ દેસાઈ દ્વારા વિશ્વવિદ્યાલય સંલગ્ન સુરત અને તાપી જિલ્લાનાં નોડલ ઓફિસરોને AISHE-NIRF/GSRIFની કામગીરીના મૂલ્યાંકન તથા તેની અગત્યતા જણાવી હતી તથા સૌના સાથ સહકારથી ઓલ ઇન્ડિયા સર્વેની સૌથી સારી કામગીરી કરવાની આશા વ્યકત કરી હતી.

ગુજરાત રાજ્યના AISHEના સ્ટેટ નોડલ ઓફિસર ડૉ. દિનેશભાઈ શર્મા દ્વારા તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત નોડલ ઓફિસરશ્રીઓને AISHEના વિવિધ પાસાઓની ઝીણવટભરી માહિતી આપી હતી તથા ઓ.એસ.ડી., NIRF-GSRIF, કેસીજીના ડૉ. ભીષ્મ સિંગ દ્વારા NIRF-GSRIFનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલય નોડલ ઓફિસર તથા ઇકોનોમિક્સ વિભાગના ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા તાલીમ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. તાલીમ કાર્યક્રમ ૧૮૦ જેટલા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન સુરત અને તાપી કૉલેજોના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.









## ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ધ્વજારોહણ, ધ્વજવંદન અને બેન્ડના તાલે પરેડ દ્વારા કરવામાં આવી હતી. વિવિધ વિભાગો અને કૉલેજોના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ પરેડમાં જોડાયા હતા. મુખ્ય મહેમાન તરીકે શ્રી અખિલેશ પાંડેજી જેઓ વ્યવસાયે તબીબ છે અને સાથે સાથે સહ કાર્યવાહ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંતની કામગીરી પણ સંભાળી રહ્યા છે. તેમણે પોતાના વકતવ્યમાં વૈશ્વિક પરિપેક્ષયમાં ભારતની ભૂમિકા સંદર્ભે જણાવતા કહ્યું કે વૈશ્વિક સમસ્યાના સમાધાન માટે ભારતીય મૂલ્યોને ધ્યાનમાં લેવા જરૂરી છે, ભારતની સમાવેશીકરણના મુલ્યની ધરોહર થકી હજારો વર્ષ સુધી ભારતીય સંસ્કૃતિ અકબંધ ટકી રહી છે. ઉત્તમ નાગરિકના નિર્માણ સંદર્ભે તેમણે ભારતીય મૂલ્યોના જતનની વાત કરી.

કાર્યક્રમના અધ્યક્ષ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીએ ભારતીય મુલ્યો સાથે કઈ રીતે આપણા સંસ્કૃતિક વારસાને આગળ લઈ જઈ શકાય, પોતાના માતા–પિતા સાથે કઈ રીતે રહેવું, વિદ્યાર્થીની નૈતિક જવાબદારી સંદર્ભે વિદ્યાર્થીને જાગૃત કર્યા હતા. કુલસચિવશ્રી રમેશદાન ગઢવી જેમણે સમગ્ર મહેમાનોને આવકાર્ય હતા અને મુખ્ય મહેમાનશ્રીનો પરિચય આપ્યો હતો, ઉપરાંત તેમણે જણાવ્યું હતુ કે ભારતીય બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે અને સૌને દુનિયાના સૌથી મોટા ગણતાંત્રિક નાગરિક હોવાનો ગર્વ હોવો જોઈએ તેમ જણાવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં શ્રીમતી કંચનબેન પાંડેજી, બોર્ડ ઓફ મૅનેજમેન્ટ (BOM) સભ્યશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ, ડૉ. જયદીપભાઈ ચૌધરી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલના (EC)ના સભ્યશ્રીમાં ડૉ. કશ્યપસિંહ ખરચીયા, શ્રી ભાવિનભાઈ પટેલ, શ્રી અરવિંદ ધડુક, અને ડૉ. ડી.સી.જોષી હાજર રહ્યા હતા. ઉપરાંત મોટી સંખ્યામાં વિવિધ વિભાગના અધ્યક્ષ, કૉ–ઓર્ડિનેટર, પ્રાધ્યાપકો, NSSના કેડેટ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

વિશ્વવિદ્યાલયના સમગ્ર પરિવાર થકી ભારતમાતાનું પૂજન, આરતી અને સંવિધાનનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને ભગવાન શ્રી બિરસામુડાંની જન્મ જયંતીના ૧૫૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આદિવાસી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર આદિવાસીની પરંપરા અને સંસ્કૃતિક પરંપરાને આવરી લેવામાં આવી હતી, બાયોટૅક્નોલોજી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા માઈમ, ફાઈન આર્ટસના અધ્યાપિકા કિનલબેન દ્વારા 'જયતુ ગુજરાત..જયતુ સંસ્કૃત' પર સુંદર ગીતની રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા ગરબાની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન NSSના કૉ–ઓર્ડિનેટર ડૉ. શ્રીધર નિમાવત અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના કાર્યકારી નિયામક ડૉ. યોગેશ વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.












MAD SOUTH GUJARAT
CONVENTION HALL


VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત
પ્રજાસત્તાક દિવસની

## દ્વિતીય શ્રીરામોત્સવ અને ફુડ ફેસ્ટિવલનું ભવ્ય આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ ૨૧ થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન દ્વિતીય શ્રીરામોત્સવ અને ફુડ ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કર્યું. આ કાર્યક્રમ માત્ર સાંસ્કૃતિક ઉજવણી પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ વિદ્યાર્થીઓ માટે સ્વાવલંબનની પ્રેરણા પણ બની રહ્યો. આ ફૂડ ફેસ્ટીવલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગના વિદ્યાર્થીઓએ દક્ષિણ ગુજરાતનાં આદિવાસીઓની ઓળખ એવી ચોખાના રોટલા, જુવારના રોટલા, રીંગણનું ભરથું, રવૈયા, ખીચું, ખીચડી, સૂપ વગેરે જેવી વિવિધ વાનગીઓ બનાવી વેચાણ કર્યુ હતું. જેમાંથી આ વિદ્યાર્થીઓને રૂ ૧૫,૬૦૦/– જેટલી આવક થઈ હતી. ભણતરની સાથે આત્મનિર્ભરતા અને પોતાની સંસ્કૃતિને લોકો સમક્ષ ઉજાગર કરવાનાં આ પ્રયાસમાં ભાગ લેનાર તુલનાત્મક સાહિત્ય વિભાગના વિદ્યાર્થીઓનો વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ આભાર વ્યકત કર્યો હતો અને તેમના ઉત્સાહ માટે વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવ્યા. આ ફેસ્ટિવલ દ્વારા વિદ્યાર્થીઓમાં સાહિત્ય, સંસ્કૃતિ અને વ્યવસાયિક કુશળતાનો સમન્વય જોવા મળ્યો.










## મહિલાલક્ષી કાયદા અને સામાજિક બદલાવ વિષય પર એક દિવસીય સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વુમન ડેવલોપમેન્ટ સેલ (WDC) અને Gender Resource Center, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાતના સંયુકત ઉપક્રમે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ તા. ૩૦/૦૧/૨૦૨૫, ગુરુવારના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૨:૦૦ દરમિયાન 'સેતુ કાર્યક્રમ' અંતર્ગત ત્રણ સત્રમાં 'મહિલાલક્ષી કાયદા અને સામાજિક બદલાવ' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી સુનીતિબેન કારવા (International Vaish Federation, ગુજરાત પ્રાંત મંત્રી), ડૉ. જાગૃતિબેન પટેલ (Academician & Administrator), ડૉ. વિક્રમભાઈ દેસાઈ (Academician and Administrator), વુમન ડેવલોપમેન્ટ સેલ (WDC)ના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. કીર્તિબેન ઠાકર, વુમન ડેવલોપમેન્ટ સેલના સભ્યશ્રીઓ ડૉ. કૈલાસબેન પટેલ, ડૉ. દિલીપ જોશી, ડૉ. પ્રિતી શર્મા, ડૉ. કૈલાશ પટેલ, શ્રીમતી પ્રતિભા દેસાઈ, શ્રીમતી જીલના પટેલ, ડૉ. પારૂલબેન પટેલ, ડૉ. રેખાબેન ગઢવી તથા વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય તથા વિશ્વવિદ્યાલય ગીત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ વુમન ડેવલોપમેન્ટ સેલના સભ્યો દ્વારા શાલ, પુસ્તક તથા મોમેન્ટો આપીને ઉપસ્થિત સર્વે મંચસ્થ વકતાશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. કીર્તિબેન ઠાકરે મંચસ્થ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી મહિલાલક્ષી કાયદા અને સામાજિક બદલાવ વિશે માહિતી આપી હતી. સમાજમાં રહેતી દરેક સ્ત્રી તેને લાગુ પડતા કાયદા વિશે જાગ્રત બને તેમજ દરેક સ્ત્રીને ગૌરવ પ્રાપ્ત થાય તે હેતુ માટે આવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે તેમ જણાવી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સમજાવી હતી. કાર્યક્રમના પ્રથમ સત્રમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી સુનીતિબેન કારવાએ તેમના વતન રાજસ્થાનની સ્ત્રીઓની સ્થિતિ વિશે જણાવતા કહ્યું કે મહિલાઓ વિશે લોકોની સમજ એ પારિવારિક પરિસ્થિતિ પર આધાર રાખે છે. તેમણે જણાવ્યુ કે માતૃશકિતથી મોટી કોઈ શકિત નથી. પરંતુ કસ્તુરી મૃગ ઉદાહરણ દ્વારા તેમણે કહ્યું કે સ્ત્રીઓને આ શકિત વિશે ખબર જ નથી, તેમણે દહેજ નિષેધ અધિનિયમ, ૧૯૬૧, માતૃત્વ લાભ અધિનિયમ, ૧૯૬૧, ઘરેલુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૫ વિશે જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે જ્યારે આપણે પોતાને માનવ, નાગરિક, મનુષ્ય સમજીશું ત્યારે જાતિગમ સમાનતા આવશે. સંવિધાને મહિલાને લગતા તમામ કાયદા સમયે સમયે બનાવ્યા છે પરંતુ કાનૂનથી નહિ પરંતુ માનવીય કર્તવ્યથી સમાજ બદલાશે તેમ કહી વકતવ્ય પૂર્ણ કર્યુ હતું.

બીજા સત્રમાં વકતાશ્રી ડૉ. જાગૃતિબેન પટેલે સૌ પ્રથમ Gender Resource Center તથા વુમન ડેવલોપમેન્ટ સેલ

(WDC)નો આભાર વ્યકત કર્યો હતો. તેમણે ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કર્તવ્યપથ પર Ministry of Social Justice દ્વારા પ્રદર્શિત ટેબ્લો બંધારણ પુસ્તક, ૩૦ જાન્યુઆરી શહિદ તેમજ મહાત્મા ગાંધી નિર્વાણ દિવસ તેમજ સમાચાર પત્રમાં Artificial Intelligence (AI)ની વાત દ્વારા પોતાના વકતવ્યથી શરૂઆત કરી હતી. કાયદો એ સાધન છે, પરંતુ તેને અમલ કરવાનું કામ વહીવટી તંત્રનું છે તેમ જણાવવા કહ્યું કે કાયદાને નવી નજરે જોવાની જરૂર છે. કાયદો એ કોઈ પણ પરિસ્થિતિનો કોઈ રીતે સામનો કરવો તેની માત્ર સમજણ આપે છે. તેમણે Towards Equality Report, 1971 તથા શ્રમશકિત રિપોર્ટ, ૧૯૮૮ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ત્રીજા સત્રની શરૂઆત વકતાશ્રીઓ ડૉ. વિક્રમભાઈ દેસાઈએ પોતાના વકતવ્યથી કરી હતી. તેમણે પોતાના વકતવ્યમાં સશકિતકરણ વિશે ચર્ચા કરી હતી તથા ભારત આઝાદ થયો ત્યારથી અત્યાર સુધી મહિલાઓની પરિસ્થિતિમાં કેટલાક ફેરફાર થયા તેના વિશે ચર્ચા કરી હતી. તેમણે નવી ટૅક્નોલોજીનો ખૂબ કાળજીપૂર્વક ઉપયોગ કરવા તેમજ પોતાને મળેલા અધિકારોનો એથિકલ રીતે ઉપયોગ કરવા માટે સમજણ આપી હતી.

કાર્યક્રમના અંતે તમામ વકતાશ્રીઓ તથા કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ અધ્યાપકશ્રીઓને વુમન ડેવલોપમેન્ટ સેલના સભ્યશ્રીઓ દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સમગ્ર સંચાલન ડૉ. રેખાબેન ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. કીર્તિબેન ઠાકરના માર્ગદર્શન હેઠળ ડૉ. કૈલાસબેન પટેલ, ડૉ. દિલીપ જોશી, ડૉ. પ્રિતીબેન શર્મા, ડૉ. કૌશલ પટેલ, શ્રીમતી પ્રતિભા દેસાઈ, શ્રીમતી જીલના પટેલ, ડૉ. પારૂલબેન પટેલ, ડૉ. રેખાબેન ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે ડૉ. દિલીપ જોષી દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.
















## Workshop on Mastering Scientific Writing for Quality Publications

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ ગુણવત્તાસભર સંશોધનો પ્રકાશિત થયા અને સંશોધનાર્થીઓને યોગ્ય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું માર્ગદર્શન મળી રહે એવા ઉદ્દેશ્ય સાથે વિશ્વવિદ્યાલયના રિસર્ચ અને ડેવલોપમેન્ટ સેલ દ્વારા તા. ૩૧/૦૧/૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયમાં એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યશાળાનો વિષય Mastering Scientific Writing for Quality Publications ઉપર હતો.

જેમાં ઇન્ડોનેશિયાની ઉદયાના વિશ્વવિદ્યાલયના તજજ્ઞ ડૉ. નેન્ગાહ વિરજાના અને ડૉ. પુષ્પાવતી તથા મતરામ વિશ્વવિદ્યાલયના તજજ્ઞ ડૉ. લાલુ રુદીયાત ટેલી સેવલાસ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવેલ હતું. તજજ્ઞો દ્વારા સંશોધનાર્થીઓને પોતાનું સંશોધન પ્રકાશિત કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. જેમાં ઉચ્ચ ગુણવતાવાળી રીસર્ચ જર્નલ શોધવી, અન્ય ગુણવતાવિનાની પ્રીડેટરી જર્નલને ઓળખાવી, સંશોધન પત્રના લેખન કાર્યની જરૂરી માહિતી, જર્નલની સંપાદકીય પ્રક્રિયાની અંદર સમીક્ષકોને સંશોધક પાસેથી અપેક્ષા શું હોય વગેરે બાબત ઉપર વકતવ્ય આપવામાં આવેલ હતું.

વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોમાંથી ૧૦૦ જેટલા સંશોધનાર્થીઓએ ભાગ લીધો હતો. વિશ્વવિદ્યાલય હાલ ૬૦ વર્ષની ઉજવણી કરતી હોય જેમાં ૬૦ દિવસમાં ૬૦ સંશોધનપત્રો પ્રકાશિત કરવા માટે ૬૦ જેટલા સંશોધનાર્થીઓએ રસ દાખવ્યો છે એવા સંશોધનાર્થીઓને કાર્યશાળા ખૂબ જ લાભદાયી નીવડી છે એવા અભિપ્રાય સાથે કાર્યની પુર્ણાહુતી કરવામાં આવેલ. કાર્યશાળા બાદ તજજ્ઞોએ વિશ્વવિદ્યાલયના કાકડિયા ભવનની મુલાકાત કરી હતી જેમાં ભારતીય જ્ઞાન પ્રણાલી અને વિવિધ વેદોના અભ્યાસ વિષે માહિતી મેળવી હતી. બાયોસાયન્સીસ વિભાગની મુલાકાત દરમ્યાન વિભાગમાં ચાલતા સંશોધનની સમીક્ષા અને અવલોકન કરવામાં આવેલ. તજજ્ઞો દ્વારા સંશોધનાર્થીઓ માટે ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે વિદ્યાર્થીઓ માટે જોઇન્ટ પ્રોગ્રામ અને સહયોગી સંસોધનની શકયતા વિષે ચર્ચા કરવામાં આવેલ જેમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, આર.એન.ડી.સેલના ડાયરેકટર, ડૉ. જયદીપ ચૌધરી અને કૉ-ઓર્ડિનેટર ડૉ. જીતેન્દ્ર પરમાર તથા વિવિધ વિભાગના અધ્યાપકશ્રીઓએ ભાગ લીધેલ હતો. સમગ્ર કાર્યશાળાનું સંચાલન ડૉ. પરેશ જોશી, ડૉ. રાજેશ પટેલ અને ડૉ. પ્રવીણ દુધાગરા દ્વારા કરવામાં આવ્યું હતું.





## Department of Biotechnology

### પુસ્તક સમીક્ષા અંતર્ગત મણકાઃ ૦૪નું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરત વિશ્વવિદ્યાલયના બાયોટૅક્નોલોજી વિભાગે ૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ "લિટરલી લ્યુમિનરીઝઃ Monthly Review Club" અંતર્ગત ચોથા મણકાનું આયોજન બપોરે ૩:૩૦ થી ૪:૩૦ વાગ્યે કર્યું હતું. આ સત્રમાં વિદ્યાર્થીઓ , શિક્ષકો અને બિન શિક્ષણકર્મીઓએ ભાગ લીધો હતો.

પુસ્તક સમીક્ષાની શરૂઆત વિભાગની વિદ્યાર્થીની અનુશ્રી ગહલોત, બીએસસી બાયોટૅક્નોલોજી (સેમેસ્ટર-૬), તોશિકાઝૂ કાવાગુચીની પુસ્તક Before the Coffee Gets Cold પર કરી હતી.

આ પુસ્તક ટોકયોમાં આવેલા એક કાફેની કહાણી છે, જે ગ્રાહકોને વીતેલા સમયમાં પાછા જઈને ભૂતકાળમાં ઘટનાઓને સુધારવાની તક આપે છે, પરંતુ તેની કેટલીક કડક શરતો છે. આ વાર્તા ભૂતકાળમાંથી સમાપ્તિ શોધતા લોકોના જીવન પર પ્રકાશ પાડે છે અને પ્રેમ, પછતાવો અને બીજા મોકાઓ જેવા વિષયોનું અન્વેષણ કરે છે.


બીજી સમીક્ષક, માનસી ગજેરા, બીએસસી બાયોટૅક્નોલોજી (સેમેસ્ટર-૬)ની વિદ્યાર્થીએ ખાલેદ હોશેનીની The Kite Runner પર સમીક્ષા આપતા જણાવ્યું હતુ કે નવલકથાના વિષયમાં અમીર નામના એક છોકરાના જીવનની વાત છે, જે કાબુલમાં રહે છે, અને મિત્રતા, ગુનાહિત અને પુનઃ પ્રાપ્તિની જટિલતાઓ સાથે સંઘર્ષ કરે છે, જેની પૃષ્ઠભૂમિ અફઘાનિષ્તાનમાં રાજકીય ગડબડી થકી થઈ છે.

આ બંને વિદ્યાર્થીઓને તેમના સહૃયી પુસ્તક સમીક્ષા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા વિભાગીય વડા ડૉ. ગૌરવ શાહ દ્વારા અભિનંદન આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગની જ વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવ્યું હતું.



## University Central Library

### "One Nation One Subscription (ONOS)" યોજના તથા વિશ્વવિદ્યાલય પરિસર બહાર E-resourceના ઉપયોગ માટે પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું










તા. ૨૦/૧/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની ઉપસ્થિતીમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના વરદ હસ્તે (૧) One Nation One Subscription (ONOS) યોજના તથા (૨) વિશ્વવિદ્યાલયના E-resource વિશ્વવિદ્યાલય પરિસર બહાર ઉપયોગ કરી શકાય તે માટે Use E- Resource for out-off University Campus પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સંશોધનનું કાર્ય ઝડપી, સરળ અને ગુણવત્તાયુક્ત બને તે હેતુસર વિદ્યાર્થીઓ, પ્રોફેસર તથા રિસર્ચ કરનારને ૩૦ (ત્રીસ) પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પબ્લિશર દ્વારા પ્રકાશિત થતી જર્નલ્સ એક જ વેબસાઈટ/જગ્યાએથી વિનામૂલ્યે ઉપલબ્ધ થાય તે માટે INFLIBNET Center, Gandhinahar દ્વારા સંચાલિત ભારત સરકારની "One Nation One Subscription (ONOS)" યોજના અંતર્ગત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

સદર ONOS યોજના તથા વિશ્વવિદ્યાલય ગ્રંથાલય દ્વારા ખરીદવામાં આવેલ અન્ય E-resourceનો ઉપયોગ વિશ્વવિદ્યાલય પરિસરનાં કોઈ પણ કમ્પ્યૂટર, વાઈ–ફાઈ તેમજ વિભાગની લેબના કોમ્પ્યુટર પરથી વિનામૂલ્યે કરી શકાશે. તદ્ઉપરાંત વિશ્વવિદ્યાલય પરિસર બહાર વિશ્વવિદ્યાલય ગ્રંથાલય દ્વારા ફાળવવામાં આવનાર User Name & Password દ્વારા વિનામૂલ્યે કરી શકાશે. આ બન્ને યોજનાઓ ચાલુ કરવાની કામગીરી ઇ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન પટેલના માર્ગદર્શન હેઠળ ટૅક્નીકલ આસિસ્ટન્ટ ડૉ. જીતેશભાઈ કે. ટોપીવાલા, જુ. લાઇબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પિન્ટુભાઈ આઈ. પટેલ તથા વિશ્વવિદ્યાલયના સિસ્ટમ મૅનેજરશ્રી કલ્પેશ ચાંપાનેરી દ્વારા કરવામાં આવી હતી.

આ યોજનાનો મહત્તમ ઉપયોગ થાય તે અંગેની જાણ વિશ્વવિદ્યાલયના દરેક વિભાગોને કરવામાં આવેલ છે. One Nation One Subscription (ONOS)" યોજનાનો ઉપયોગ https://vnsgu.ac.in/E-Resource.html તથા ONOSની ડાયરેક્ટ લિંક https://onos.gov.in પરથી તદ્ઉપરાંત યુનિવર્સિટ પરિસર બહાર E-Resourceના ઉપયોગ https://idp.vnsgu.ac.in પરથી કરી શકાશે.

## Department of Chemistry

### શૈક્ષણિક પ્રવાસ



M.Sc. દ્વારા ઉતરાંખંડ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિશ્વવિદ્યાલય ઓથોરિટીઓની પરવાનગી સાથે સેમ–૨ અને સેમ–૪ના વિદ્યાર્થીઓ ૨૦મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સવારે ૪:૩૦ કલાકે સુરત સ્ટેશનથી આ યાત્રા શરૂ કરવામાં આવી હતી. પ્રવાસ શરૂ થવાના એક કલાક પહેલા તમામ વિદ્યાર્થીઓ સુરત સ્ટેશન પર ભેગા થયા હતા. સરળતાથી અમે હરિદ્વાર પહોંચ્યા અને પછી ત્યા કેમ્પટિ જોગ ફોલ સ્થળે વિદ્યાર્થીઓએ આનંદ માણ્યો અને રાતવાસો કર્યો. બીજા દિવસે વહેલી સવારે આ પ્રવાસ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ડીમ્ડ વિશ્વવિદ્યાલય દેહરાદૂન (FRI દેહરાદૂન) દ્વારા બંને સંસ્થાઓમાં નોંધપાત્ર અવલોકનો કરવામાં આવ્યા હતા, અને વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિકો સાથે વાર્તાલાપ કર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પવિત્ર ગંગા નદીમાં ઋષિકેશ ખાતે રિવર રાફ્ટિંગની મજા માણી હતી. ત્રીજા દિવસે પવિત્ર શકિતપીટી, મા સુરખંડા દેવી અને હરિદ્વારા પાછા જવાની યાત્રા શરૂ કરવામાં આવી હતી. ચોથા દિવસે વહેલી સવારે વિદ્યાર્થીઓ ગંગા આરતી માટે ગયા હતા. બપોરે ૧૨:૩૦ કલાકે સુરત તરફ પરત ફરવાની યાત્રા શરૂ કરવામાં આવી હતી.

સમગ્ર પ્રવાસ સુખદ હતો અને કોઈ અનિચ્છનીય ઘટના બની નથી. આ સુંદર કાર્યક્રમની પરવાનગી આપવા બદલ વિદ્યાર્થી કેમેસ્ટ્રી વિભગના વડાશ્રીનો હ્રદય પૂર્વક આભાર માને છે.

## કાર્બનિક સંશ્લેષણમાં સ્પેક્ટ્રલ વિશ્લેષણ પર કાર્યશાળા






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રાસયણશાસ્ત્ર વિભાગ દ્વારા આરદણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના સહકારથી તા. ૧૭ અને ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કાર્બનિક કાર્બનિક સંશ્લેષણમાં સ્પેક્ટ્રલ વિશ્લેષણ પર એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યશાળાનો ઉદ્દેશય કાર્બનિક સંશ્લેષણમાં સ્પેક્ટ્રલ અર્થઘટન, નવીનતમ પ્રગતિ અને નવીન વ્યૂહરચનાઓનું અન્વેષણ અને ચર્ચા કરવાનો ઉદ્દેશય ધ્યાનમાં લઈ પ્રખ્યાત નિષ્ણાંતો, સંશોધકો અને વિદ્વાનોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યશાળામાં કુલ ૨૨૫ સહભાગીઓએ ભાગ લીધો હતો, જેમાં M.Sc. અને Ph.d.ના વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. જે બધા જ કાર્બનિક સંશ્લેષણમાં સ્પેક્ટ્રલ વિશ્લેષણ ક્ષેત્રમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા આતુર હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિતોને જ્ઞાનની આપ–લે અને આંતરદૃષ્ટિ શેર કરવા માટે એક પ્લેટફોર્મ પુરૂં પાડવામાં આવ્યું હતું. પ્રખ્યાત નિષ્ણાંતો પ્રો. ડી.આઈ.બ્રહ્મભટ્ટ, ભૂતપૂર્વ પ્રોફેસર અને વડા,રસાયણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ વિશ્વવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર, આણંદ ડૉ. જી.એન. ગુરુરાજા સહાયક પ્રોફેસર, સ્કૂલ ઓફ કેમિકલ સાયન્સ, સેન્ટ્રલ વિશ્વવિદ્યાલય ઓફ ગુજરાત, ગાંધીનગર, ડૉ.પી.શિવપેરુમલ, વૈજ્ઞાનિક ઇ, ICMR-NIOH, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓકયુતેશનલ હેલ્થ, અમદાવાદ, અને શ્રી મનોજકુમાર કે., વૈજ્ઞાનિક એફ (CS), ઇન્ફોસિટી, ગાંધીનગરને કાર્યક્રમને અનુરૂપ વકતવ્ય આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પ્રો. ડી.આઈ.બ્રહ્મભટ્ટે HOMO, $^1H$-$^1H$, HETCOR, HSQC કોરિલેશન સ્પેક્ટ્રોસ્કોપી, DQF, COSY, HMQC, NOESY, વગેરે અને વિવિધ કાર્બનિક અણુઓ માટેના ઉપયોગો સહિત વિવિધ વિષયોનો સમાવેશ કર્યો હતો. ડૉ. જી.એન. ગુરુરાજાએ ઓંર્ગેનિક સિન્થેસિસમાં વિવિધ પદ્ધતિઓ પર વકતવ્ય આપ્યું હતું. ડૉ. પી. શિવપેરુમલે માસ સ્પેક્ટ્રોમેટી દ્વારા ઓંર્ગેનિક પ્રદૂષકોના અંદાજ માટે આધુનિક અભિગમો વિશે સચોટ રીતે માહિતી આપી સમજાવ્યું હતુ અને સાથે સાથે શ્રી મનોજ કુમાર કે એ સંશોધન નીતિશાસ્ત્ર સમજાવતા ડેટા સાયન્સ પર માહિતીપ્રદ વકતવ્ય આપવામાં આવ્યું હતું આ મહાનુભાવોએ પ્રસ્તુત વિષયોની ઊંડી સમજણને સરળ બનાવી અને પ્રેક્ષકોની સક્રિય ભાગીદારીને પ્રોત્સહન આપ્યું હતું. "સ્પેક્ટ્રલ એનાલિસિસ" વર્કશોપ સંશોધકો, વિદ્વાનો અને ક્ષેત્રના નિષ્ણાંતો વચ્ચે બૌદ્ધિક આદાન–પ્રદાન અને સહયોગ માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપતા જણાયા હતા. આ કાર્યક્રમે માત્ર નવીનતમ પ્રગતિઓ વિશે મૂલ્યવાન સમજ જ નહી પરંતુ ઉપસ્થિતોને રસાયણશાસ્ત્રના વિકાસમાં નવા માર્ગો શોધવા અને યોગદાન આપવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું. એકંદરે, ઉપસ્થિતોનો ઉત્સાહ, ભાગીદારી, વકતાઓના અમૂલ્ય યોગદાન અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા ઝીણવટભર્યા સંગઢનને કારણે વર્કશોપ ખૂબ જ સફળ રહ્યો હતો. આશા છે કે આવી પહેલ રસાયણશાસ્ત્રના ક્ષેત્રમાં નવીનતા અને શ્રેષ્ઠતાને વેગ આપતી રહેશે. આ વર્કશોપ વિભાગના વડા ડૉ. સૌરભ કે. પટેલ, કન્વીનર ડૉ. કિશોર એચ. ચીખલીયા, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. પાર્થ પી. પટેલ અને તેમની ટીમના દેખરેખ હેઠળ યોજાઈ હતી.

## Department of Business and Industrial Management (DBIM)

### નેશનલ લેવલના ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (FDP)નું આયોજન








ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ મૅનેજમેન્ટ અને ઇન્ડિયન સોસાટયી ઓફ ટ્રેનિંગ એન્ડ ડેવલોપમેન્ટ, સુરત ચેપ્ટરના સંયુકત ઉપક્રમે તા. ૧૭મી જાન્યુઆર, ૨૦૨૫, શુક્રવારના રોજ માસ્ટરીંગ MOOC ડિઝાઈન એન્ડ ડેવલોપમેન્ટ: ક્રિયેટિંગ સ્કેલેબલ ઓનલાઈન ટીચિંગ એક્સપેરીએંસીસ વિષય પર નેશનલ લેવલના ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (FDP)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ FDPમાં UGC સ્વયમ પ્લેટફોર્મ અને MOOCsનું શિક્ષણવિદો માટે મહત્વ, MOOCના કોર્સ અંગેની પ્રપોઝલ તૈયાર કરવી, MOOCsની તૈયારી અને MOOCsમાં અંદાજપત્રીય જોગવાઈઓ, અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે રસપ્રદ વિડીયો બનાવવો, (સિદ્ધાંત અને પ્રકિટસ–એક સ્ટુડિયો સત્ર), MOOCs કોર્સનું સંચાલન કરવું, જેવા વિષયો પર ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદના પબ્લિક પોલિસી અને ગવર્નન્સ વિભાગના અધ્યક્ષ એવા ડૉ. નીલમ પંચાલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ FDPમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના અધ્યાપકો ઉપરાંત દક્ષિણ ગુજરાતની વિવિધ કૉલેજો તથા અન્ય વિશ્વવિદ્યાલયઓના કુલ ૨૬ અધ્યાપકોએ ભાગ લીધો હતો.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા પોતાના વકતવ્યમાં MOOC કોર્સનું મહત્વ સમજાવ્યું હતું અને તેમાં સહભાગીઓને ઓછામાં ઓછો એક MOOC કોર્સ તૈયાર કરવા પ્રેરિત કર્યા હતા. વિભાગના અધ્યક્ષ ડૉ.મનીષ સિધ્ધપુરીયાએ સૌને આવકાર્ય હતા અને અધ્યાપકોને MOOC કોર્સ તૈયાર કરવા માટે વિભાગ દ્વારા તમામ પ્રકારની મદદ કરવાની તૈયારી દર્શાવી હતી. આ કાર્યક્રમમાં સંયોજક તરીકે વિભાગના મદદનીશ પ્રોફેસર ડૉ. નમ્રતા ખત્રીએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતું.

આ FDP કાર્યક્રમે તેમાં ભાગ લેનાર તમામ સહભાગીઓને swayam પોર્ટલ પર ઓફર કરવામાં આવતા ઓનલાઈન અભ્યાસક્રમો માટેની દરખાસ્તો તૈયાર માટે પ્રેરિત કર્યા છે.

### Inter-college management game event




The Department of Business and Industrial Management, VNSGU, Surat organised an inter-college management game event - The Invincibles - today on Thursday, 30th January 2025.

About 300 students from different colleges located in South Gujarat area from Bharuch to Vapi participated in this event.

Dr. Vatsal Patel and Dr. Pratha Jhala - Assistant Professor of the Department co-ordinated the event. All the faculty members guided the students in effectively administering different management games.

Dr. Manish Sidhpuria emphasized the importance of learning from these games rather than either wining or not winning.

The Department is organising this event for last 10 years.

## Department of Economics

### અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા નવા વર્ષની ઉજવણી નિમિત્તે સરસ્વતી પૂજન કાર્યક્રમનું આયોજન




તા. ૦૧–૦૧–૨૦૨૫નાં રોજ નવા વર્ષનાં પ્રારંભ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં વિભાગીય અધ્યક્ષ, શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા એમ.એ.સેમેસ્ટર–૨ અને ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા મળી જ્ઞાન અને વિદ્યાની દેવી મા સરસ્વતીનું પૂજન કાર્યક્રમ કરીને નવા વર્ષની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં મા સરસ્વતી સમક્ષ દીપ–પ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં નવા વર્ષમાં વિદ્યાર્થીઓ પોતાના વ્યકિતગત અને શૈક્ષણિક જીવનમાં ખૂબ પ્રગતિ કરે અને નવું વર્ષ તેમના જીવનમાં સફળતા અને સારું સ્વાસ્થય પ્રદાન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસરે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા નવા વર્ષની શુભેચ્છાનો સંદેશો મોકલવામાં આવ્યો હતો.

### સ્માર્ટ ઈન્વેસ્ટર અવેરનેસ કાર્યક્રમ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં તારીખ ૨૦/૦૧/૨૦૨૫નાં રોજ વિશ્વવિદ્યાલયનાં ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે Empirical F&M Academy દ્વારા વિદ્યાર્થીઓમાં નાણાકીય રોકાણ અંગે જાગૃતિ લાવવા માટે અર્થશાસ્ત્ર વિભાગ ખાતે 'સ્માર્ટ ઈન્વેસ્ટર અવેરનેસ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમેસ્ટર–૪ અને ૨ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનાં મુખ્ય વકતા તરીકે નેહલ તપરીયા (SECURITY MARKET TRAINER, NISM SERIES 12 CERTIFIED) હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શ્રી નેહલ તપરીયા દ્વારા પોતાના પરિચય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને રોકાણ માટેનાં પ્લેટફોર્મ જે હાલમાં ઉપલબ્ધ છે જેવા કે GROW, ANGELONE જેવી એપ્લીકેશનનો કઈ રીતે ઉપયોગ કરીને રોકાણ કરી શકો છો તે અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. તે ઉપરાંત તેઓએ SEBI, NSE, BSE EXCHANGES, MUTUAL FUND, SIP વગેરે રોકાણનાં માધ્યમો દ્વારા કઈ રીતે રોકાણ કરી શકાય અને રોકાણ કરતી વખતે ધ્યાનમાં લેવા જેવી બાબતોની પણ ચર્ચા કરવામાં આવી હતી. એક સફળ રોકાણકાર બનવા માટે રોકાણ બજાર અંગેનું જ્ઞાન હોવું જરૂરી છે. જો વિદ્યાર્થીઓમાં તે અંગે પૂરી જાગૃતિ હશે તો તે ભવિષ્યમાં એક સ્માર્ટ રોકાણકાર બની શકે છે. વધુમાં તેમણે જણાવ્યુ કે, માર્કેટ એક્સચેન્જ, જેમ કે સ્ટોક એક્સચેન્જ, એ એક પ્લેટફોર્મ છે જ્યાં ખરીદનાર અને વેચનાર પોતપોતાના નાણાકીય ઇન્સ્ટ્રુમેન્ટ્સ, જેમ કે શેર, બોન્ડ્સ, મ્યુચ્યુઅલ ફંડ, અને અન્ય પ્રોડક્ટ્સનું વહીવટ કરે છે. આ પ્રણાલી ભવિષ્ય માટે નાણાકીય વ્યવહારને સરળ બનાવે છે અને બંને પક્ષને પારદર્શકતા સાથે વ્યાપાર કરવાની તક આપે છે. કાર્યક્રમના અંતે શ્રી નેહલ તપરીયા દ્વારા વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં હાજર રહેવા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગનાં શૈક્ષણિક કર્મચારીમાં ડૉ. દિલીપ ચૌધરી અને ઉર્વીશાબેન માટલીયા તથા એમ.એ. સેમેસ્ટર–૨ અને ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી












તા. ૨૫/૦૧/૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અર્થર્શાસ્ત્ર વિભાગ દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથી તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મૅનેજમેન્ટનાં સભ્ય ડૉ. જયદીપ ચૌધરી, સમાજવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ, ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને એકઝીકયુટીવ સમિતિનાં સભ્ય ડૉ. દિલીપ જોશી, બાયોસાયન્સ વિભાગનાં અધ્યક્ષ ડૉ. કૈલાશ પટેલ, મહાત્મા ગાંધી ગ્રામીણ વિકાસ વિભાગના અધ્યક્ષ ડૉ. દીપક ભોયે, મહાત્મા ગાંધી ગ્રામીણ વિકાસ વિભાગના પ્રાધ્યાપક અને NSSનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. શ્રીધર નિમાવત, તુલનાત્મક સાહિત્ય વિભાગનાં અધ્યાપક ડૉ. મુકેશ વસાવા, અંગ્રેજી વિભાગનાં અધ્યાપક ડૉ. પરેશ જોશી, અને શ્રી ગૌતમભાઈ ગામીત, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા તથા ડૉ. મનીશ આર. પટેલ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગના શૈક્ષણિક કર્મચારી, વહીવટી કર્મચારી અને એમ.એ.સેમેસ્ટર–૨ અને ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમની શરૂઆત ભગવાન બિરસા મુંડા તેમજ દેવમોગરા માતાની આરતી અને પ્રાર્થના દ્વારા પરંપરાગત રીતે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિઓનું અભિવાદન વિશ્વવિદ્યાલય ખેંસ, પુસ્તક તથા પુષ્પ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત કાર્યક્રમ અંગે વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં આદિવાસી દિવસની ઉજવણીનાં ઇતિહાસ તથા આ દિવસ શા માટે ઉજવવામાં આવે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમનાં આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી તથા વિશ્વવિદ્યાલય ખાતે આદિવાસી સમુદાયનાં જે પણ લોકો સાથે પોતે કામગીરી અંગે પોતાના અનુભવો વ્યકત કર્યા હતા. ત્યારબાદ આદિવાસી સમાજની સંસ્કૃતિ દર્શાવતી કૃતિઓ લોકગીત, સમૂહનૃત્ય ડાંગી નૃત્ય વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી. જેમા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી સંસ્કૃતિની ઝાંખી જુદા જુદા વકતવ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી જેમાં માટલ્ય દેવ વિષે પ્રસ્તુતિ, ચૌરી અમાસની ઉજવણી, ગામદેવીની પૂજા, હોળી–દિવાળીની આદિવાસી સમાજ દ્વારા કરવામાં આવતી ઉજવણી, ડુંગરદેવની પૂજા તથા ડાંગી સમાજની પ્રસ્તુતિ આદિવાસી લગ્નવિધિ અને રીવાજો અંગે વકતવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું આયોજન ડૉ. મનીશ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની યાદવ ધરતી દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમની સફળતા અંગે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યા હતા.

## Department of Gujarati

### વર્તમાન સમય મેં ઓશો દર્શન કી પ્રાસંગિકતા

'ઓશો લોટ્સ ટ્રસ્ટ' સુરતના અનુદાનથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત ખાતે 'ઓશો ચેર'ની સ્થાપના ૨૦૧૭માં કરવામાં આવી હતી. મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં આરંભાયેલ આ ચેર ભારત દેશમાં સૌ પ્રથમ વાર એકેડેમિક સ્વરૂપમાં ઓશો ચેરની સ્થાપના કરનાર આ વિશ્વવિદ્યાલય છે. ગુજરાતી વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. નરેશ શુકલ આ ચેરના કૉ–ઓર્ડિનેટર છે.

આ ચેરના ઉપક્રમે તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ નર્મદ ઓડિટોરિયમ, ગુજરાતી વિભાગ ખાતે એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિતિ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, આજના યુવાનોને જરૂર છે તત્વજ્ઞાનીય પીઠિકાની. એની પાસે ભૌતિક સંસાધનો છે, ખાસ કરીને મોબાઈલ, ઇન્ટરનેટના કારણે એની પાસે માહિતીઓનો ઢગલો હાથવગો છે પણ જીવન માત્ર માહિતીઓથી ચાલતું નથી. સાથોસાથ જ્ઞાન અને એ જ્ઞાનને

જીવનમાં પ્રયોજવા માટેના ડહાપણની જરૂર પડતી હોય છે. આવી ચેરનું કામ છે મહાપુરુષોના વિચારોને એકેડેમિક રૂપમાં તપાસવા, પ્રસરાવવા અને સંશોધનો તરફ વાળવા.

આ વિશેષ વ્યાખ્યાનના મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત હતા મધ્યપ્રદેશનાં ભોપાલ ખાતે અધ્યાપન કરતાં સુપ્રસિદ્ધ ગાયિકા અને વકતા એવા ડૉ. ઉષા શર્મા. ઓશો અનુયાયીઓમાં એ જાણીતા વિચારક અને ગાયક–સાધક તરીકે જાણીતા છે. એમણે વર્તમાન સમયમાં ઓશોની પ્રાસંગિતાને સ્પષ્ટ કરતું વ્યાખ્યાન આપ્યું. ઓશો કઈ રીતે એમના સમયથી આગળનું દર્શન આપી ગયા છે તે ઉદાહરણોનો આશ્રય લઈને સમજાવવા સાથે યુવાનોને જીવનને ભરપૂર જીવવા માટે, નિરાશાથી દૂર જવા અને જીવનને વિધાયકરૂપમાં લાવવા માટે ઓશોના વિચારો કેવા તે ઉપયોગી થાય એમ છે તે સમજાવ્યું. આવા વિચારકો માત્ર લાવવા માટે ઓશોના વિચારો કેવા તો ઉપયોગી થાય એમ છે તે સમજાવ્યું. આવા વિચારકો માત્ર તત્વજ્ઞાનથી જ નથી, જીવનનો તર્કબદ્ધ સમાસ કરીને જીવનજીવવાનો ઉજ્જવળ માર્ગ દર્શાવનારાં મહામાનવ જ છે. વિશ્વભરમાં અતિચર્ચિત રહેલા ઓશોના વિચારો જાણવા માટે વિદ્યાર્થી–યુવાનોને અનુરોધ કર્યો હતો.

ચેરના કૉ–ઓર્ડિનેટર પ્રો. નરેશ શુકલએ ભારતીય તત્વજ્ઞાનીઓની પરંપરામાં ઓશો કઈ રીતે સાવ અલગ પડવાની સાથે પ્રભાવી અને તાર્કીક જીવનદર્શન આપનાર મહામાનવ તરીકે હંમેશા યાદગાર અને પ્રસ્તુત રહેવાના છે તેની વાત કરીને આ ચેરનાં ઉદ્દેશો, ભવિષ્યના આયોજનો વિશે વાત કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રો. આરતી પંચાલે કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની હાજરી તો હતી જ પણ સાથોસાથ સુરત શહેરમાંથી મોટી સંખ્યામાં ઓશોપ્રેમીઓ, ચાહકો અને પ્રબુદ્ધ નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આખાય કાર્યક્રમમાં લોટસ ટ્રસ્ટના પ્રમુખશ્રી રાકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી તે નોંધપાત્ર છે.







## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ભકિતમય વાતાવરણમાં રામોત્સવ–રનો ભવ્ય પ્રારંભ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે રામોત્સવ–રનું ભવ્ય અને ભકિતમય આયોજન કરવામાં આવેલ છે. આ રામોત્સવ–ર વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડાની અધ્યક્ષતામાં મનાવવામાં આવેલ છે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, આર.એસ.એસ. ગુજરાત સહ પ્રાંત પ્રચારક સુરતના શ્રી કૃણાલભાઈ રૂપાપર, આર.એસ.એસ. મહાનગર પ્રચારક શ્રી પ્રતિક પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલય તથા વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ સુરત શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા છે. આ રામોત્સવ તા. ૨૧ થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ એમ કુલ ૩ દિવસ યોજવામાં આવેલ છે. રામોત્સવનો ત્રણેય દિવસનો સમય સાંજના ૬ થી ૧૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. રામોત્સવનો આરંભ આજે તા. ૨૧/૦૧/૨૦૨૫ના રોજ સાંજે ૬ કલાકે થયો હતો. જેમાં આરંભે મહાઆરતીમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી, કુલસચિવશ્રી, બોર્ડ ઓફ મૅનેજમેન્ટના સભ્યશ્રીઓ, વિભાગના વડાશ્રીઓ અને કૉલેજના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને સુરતના શહેરીજનો આરતીમાં મોટી સંખ્યામાં વિશ્વવિદ્યાલયન કન્વેન્શાન હોલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સાંજે ૭:૧૫ વાગ્યેથી વિશ્વવિદ્યાલયના વિભાગો, કૉલેજો અને સુરતની વિભિન્ન કલા સંસ્થાઓ દ્વારા ભગવાનશ્રી રામના જીવન સાથે જોડયેલી જુદી–જુદી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. તેમાં સર્વપ્રથમ નર્તન કથક એકેડેમી દ્વારા કથક નૃત્ય, શ્રી જૂગનું કાપડીયા દ્વારા ભરત નાટયમ, શિવાંશી કલા એકેડમી દ્વારા ભરત

નાટયમ્ અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ દ્વારા સેમી કલાસિકલ, એ.એમ.એન.એસ. ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ભરત નાટયમ્, અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યામ કૉલેજ દ્વારા સેમી કલાસિકલ, એ.એમ.એન.એસ. ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ભરત નાટયમ, વિશ્વવિદ્યાલયના એકવેટિક બાયોલોજી વિભાગ દ્વારા નૃત્ય નાટિકા, નૃત્યમ નર્તન એકેડેમી દ્વારા ફોક ડાન્સ, ઝણકાર બિટ્સ દ્વારા ભરત નાટયમ, પ્રતિભા ડાન્સ એકેડેમી દ્વારા કથક, નૃત્યમ ડાન્સ એકેડમી દ્વારા ભરતનાટયમ, વિશ્વવિદ્યાલયના રૂરલ સ્ટડીસ વિભાગ દ્વારા ફોક ડાન્સ, સીકોની કથક ડાન્સ એકેડેમી દ્વારા કથક, સર્જનથી ભરતનાટ્યમ દ્વારા ભરતનાટયમ, શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુર દ્વારા ફોક ડાન્સ અને જે.ઝેડ.શાહ.આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી દ્વારા ગરબાની રજૂઆત કરવામાં આવી હતી. આ સિવાય કન્વેન્શન હૉલમાં પ્રવેશતા જ સર્વે ભકતજનો માટે આરતી ઉતારવાની વ્યવસ્થા, વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગ દ્વારા કાપડપર બનાવવામાં આવેલ શ્રી રામનું ચિત્ર, શ્રી રામોત્સવ સેલ્ફી પોઈન્ટ, પુસ્તકોની પ્રતિકૃતિઓ, પ્રાચીન લીપીઓની પ્રતિકૃતિઓ, વિશ્વવિદ્યાલયના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગ દ્વારા મૂકવામાં આવેલ ભગવાનશ્રી રામની પ્રતિકૃતિ, હૉલની બહાર સ્વદેશી વસ્તુઓને લગતા વિભિન્ન વસ્તુઓના સ્ટોલ વગેરે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

## પત્રકારત્વ અને તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા હનુમાન ચાલીસા પાઠ અને આરતીનું આયોજન થયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં રામોત્સવ દ્વિતીયનું ત્રણ દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે. તેમાં વિશ્વવિદ્યાલય અને કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા સુરત શહેરીજનો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આજે દિનાંક ૨૨/૦૧/૨૦૨૫ ના રોજ રામોત્સવનો બીજો દિવસ છે. આજના દિવસે ગત વર્ષે અયોધ્યા ખાતે ભગવાનશ્રી રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા હતી તે નિમિત્તે આજે જર્નાલિઝમ અને સમૂહ પ્રત્યાયન વિભાગ તથા તુલનાત્મક સાહિત્ય, હિન્દી અને સંસ્કૃત કેન્દ્રના સંયુકત ઉપક્રમે સામૂહિક હનુમાન ચાલીસા પાઠ અને આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ તો રામોત્સવનો સમય સાંજનો છે, પરંતુ દિવસ દરમિયાન પણ વિશ્વવિદ્યાલયના જુદા જુદા વિભાગો આધ્યાત્મિક કાર્ય કરતા રહેતા હોય છે. તે મુજબ આજે સવારે ૧૧:૩૦ કલાકે પત્રકારત્વ અને સમૂહ પ્રાત્યાયન વિભાગ અને તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા હનુમાન ચાલીસાનો સમૂહિક પાઠ અને સામૂહિક આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, પત્રકારત્વ અને તુલનાત્મક સાહિત્ય વિભાગના વડા ડૉ. ભરત ઠાકોર સહિત બંને વિભાગના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમણે સૌએ હનુમાન ચાલીસાનો સામૂહિક પાઠ કરી સામુહિક આરતી ઉતારી હતી.







## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે રામોત્સવમા મહાઆરતી અને ગરબાનું ભવ્ય આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે રામોત્સવ–૨નો આરંભ સાંજે ૬:૩૦ કલાકે મહાઆરતીથી થયો હતો. મહાઆરતીમાં કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી, બોર્ડ ઓફ મૅનેજમેન્ટના સભ્યશ્રી, વિભાગના વડાશ્રીઓ અને કૉલેજના આચાર્યશ્રી, વિદ્યાર્થીઓ અને સુરત શહેરીજનો મોટી સંખ્યામાં વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ વિશ્વવિદ્યાલય વિભાગો, કૉલેજો અને સુરતની વિભિન્ન કલા સંસ્થાઓ દ્વારા આજે ભગવાનશ્રી રામના જીવન સાથે જોડાયેલી જુદી જુદી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. તેમાં સર્વપ્રથમ શ્રી જૂગનું કાપડીયા દ્વારા ગણેશ કૌત્વમ, હિલ્સ હાઈસ્કૂલ દ્વારા આર્ટિસ્ટિક પર યોગાસન, શિવાંશી કલા એકેડમી દ્વારા કથક અને ભરતનાટયમ, વિશ્વવિદ્યાલયના કન્ટીન્યુ એજ્યુકેશન એન્ડ એકસટેન્શન વર્ક વિભાગ દ્વારા ગ્રુપ યોગ, શ્રી જૂગનું કાપડિયા દ્વારા કિર્તનમ, યોગ વિથ ગરબા દ્વારા યોગ વિથ ગરબા અને બી.આર. ફિલ્મસ એન્ડ થિયેટર દ્વારા ભગવાનશ્રી બિરસમુંડા નાટયકૃતિ રજૂ કરવામાં આવી હતી.















## રામોત્સવના અંતિમ દિવસે માનવ મહેરામણ ઊમટ્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે રામોત્સવ–રનાં ભવ્ય અને ભકિતમય આયોજનનો ત્રીજો અને છેલ્લો દિવસ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં મનાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમા મુખ્ય મહેમાનોમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડાશ્રી ડૉ. યોગેશ વાંસીયા, વિશ્વવિદ્યાલય બોર્ડ ઓફ મૅનેજમેન્ટ મેમ્બર શ્રી ડૉ. દિલીપભાઈ વસાણી, વિવેકાનંદ બી.એડ. કૉલેજના આચાર્યશ્રી ડૉ. પત્રલેખાબેન બરાડ, ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી અને ઇ.સી.મેમ્બર શ્રી ડૉ. દિલીપ જોશી તેમજ વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ સુરત શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેનો આરંભ સાંજે ૬:૩૦ કલાકે મહાઆરતીથી થયો હતો. મહાઆરતીમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, વિભાગના વડાશ્રીઓ અને કૉલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને સુરતના શહેરીજનો મોટી સંખ્યામાં વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ વિશ્વવિદ્યાલયના વિભાગો, કૉલેજો અને સુરતની વિભિન્ન કલા સંસ્થાઓ દ્વારા આજે ભગવાન શ્રી રામના જીવન સાથે જોડાયેલી જુદી જુદી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. તેમાં સર્વપ્રથમ રેડિયન્ટ ઇંગ્લિશ એકેડેમી દ્વારા કથક, વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા નૃત્યનાટિકા, સીનર્જી આર્ટસ લિટરેચર દ્વારા કથક, પ્રતિભા આર્ટસ એકેડેમી દ્વારા ફોક ડાન્સ, વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ દ્વારા ભરત નાટયમ, શ્રી પંકજ કાપડિયા સાર્વજનિક કૉલેજ ઓફ

પર્ફોમિંગ આર્ટસ દ્વારા દેવ સ્તુતિ વુમન એમ્પાવર્મેન્ટ, નૃત્ય નર્તન એકેડેમી દ્વારા ભરતનાટયમ, કલાનિધિ કથક એકેડમી દ્વારા કથક, એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ દ્વારા નૃત્યનાટિકા, વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા રામ ધૂન, વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા લોકનૃત્ય, ફેસિલિટી આર્ટ દ્વારા ભરત નાટયમલ પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેન્ક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા ગરબા, કલાનિધિ કથક એકેડેમી દ્વારા કથક, સિક્રોની કથક ડાન્સ એકેડેમી દ્વારા કથક, આધ્યશકિત ગરબા ગ્રુપ દ્વારા ગરબા, અને એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ દ્વારા ફોક ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો. આ તમામ કૃતિઓએ લોકોમાં કુતૂહલ અને અનેરું આકર્ષણ જનમાવ્યું હતું. સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું.

કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ આ ઉત્સવને પૂર્ણ જાહેર કરવાની સાથે સાથે સફળ બનાવવા માટે સહયોગ કરનાર વિશ્વવિદ્યાલય બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, ઇ.સી.ના સભ્યશ્રીઓ, વિભાગના વડાશ્રીઓ, કૉલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, સુરત શહેરીજનો તથા કાર્યક્રમમાં સહયોગ કરનાર તમામ સમિતિઓના સભ્યશ્રીઅ, ત્રણેય દિવસ કાર્યક્રમમાં જુદી જુદી કૃતિઓ રજૂ કરનારી સંસ્થાઓનો અંતઃ કરણપૂર્વક આભાર માન્યો હતો.








## Department of Journalism & Mass Communication

### ૫૧મા રાણી દુર્ગાવતીજી રમતોત્સવનો ભવ્ય આરંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવનો આજે ભવ્ય આરંભ થયો હતો. આ રમતોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૧૩૪ કૉલેજના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવેલ છે. જેમાં ૧૧૦૫ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦૭ વિદ્યાર્થીની ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ રમતોત્સવ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ એમ કુલ ચાર દિવસ માટે યોજવામાં આવેલ છે. જેમાં આજે પહેલા દિવસે એટલે કે તા. ૨૧/૦૧/૨૦૨૫ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે ઉદ્ઘાટન સત્ર યોજાયુ હતું. તેમાં આરંભે દીપ પ્રાગટય વિધિ કરવામાં આવી હતી. દીપ પ્રાગટય વિધિમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડા ડૉ. યોગેશ વાંસિયા, એન.એસ.એસના વડા ડૉ. શ્રીધર નિમાવત, બોર્ડ ઓફ સ્પોર્ટસના હોદ્દેદારો, વિશ્વવિદ્યાલયના જુદાજુદા વિભાગોના વડાઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય વિધિ બાદ વિશ્વવિદ્યાલય ગીતનું ગાન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલય ગીત ગાન બાદ કુલપતિશ્રી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને રમતોત્સવમાં ભાગીદાર થયેલ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ કુચનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રસ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ દ્વારા વ્યાયામ જ્યોત કુલપતિશ્રીને અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ ધપાવતા કુલસચિવ શ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા પ્રસંગને અનુરૂપ આવકાર પ્રવચન આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે કુલપતિશ્રી વગેરે મંચસ્થ મહેમાનો, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ, રમતોત્સવમાં સામેલ કૉલેજો અને વિદ્યાર્થીઓ, વિભાગના વડાઓ, કૉલેજોના આચાર્યશ્રીઓ , રમતોત્સવના અમલીકરણ માટે રચાયેલ જુદી જુદી સમિતિઓના સભ્યો વગેરેને શાબ્દિક આવકાર આપ્યો હતો. ત્યારબાદ તેમણે ૫૧મા રાણી દુર્ગાવતીજી રમતોત્સવના નામકરણ વિશે અને વર્તમાન અને ભવિષ્યમાં યોજાનાર આ પ્રકારના અન્ય કાર્યક્રમોના નામકરણ વિશે વાત કરી હતી. તેમણે ઉપસ્થિત સૌને આજે બપોરે વિશ્વવિદ્યાલય કન્વેશન હોલ ખાતે બિરસા મુંડાના જીવન પર આધારિત નાટક નિહાળવા માટે અને આજ સાંજથી શરૂ થતા રામોત્સવ માટે આમંત્રણ આપ્યું હતું. તેમણે ડી.આર.બી. કૉલેજની બેન્ડ ટીમનો અને કૉલેજનો વિશેષ આભાર માન્યો હતો. કુલસચિવ શ્રી ના આવકાર પ્રવચન બાદ મંચસ્થ મહોમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. જેમાં કુલપતિશ્રીનું સ્વાગત યુવક કલ્યાણ વિભાગના વડા ડૉ. યોગેશ એન. વાંસીયા દ્વારા પુષ્પ ગુચ્છ અને ખેસથી કરવામાં આવ્યું હતું. જ્યારે કુલ સચિવશ્રીનું સ્વાગત NSSના વડા ડૉ.

શ્રીધર નિમાવત દ્વારા પુષ્પગુચ્છ અને ખેસથી કરવામાં આવ્યું હતું. આમની સાથે સાથે બોર્ડ ઓફ સ્પોર્ટસના ઉપસ્થિત સભ્યો, વિભિન્ન વિભાગોના વડાઓ વગેરેનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વાગત વિધિ બાદ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીએ પ્રવચન કર્યુ હતું. જેમાં તેમણે પોતાના પ્રવચનનો આરંભ ભારત માતા કી જય અને વંદે માતરમના નારાઓ દ્વારા કર્યો હતો. તેમણે મંચસ્થ મહેમાનો અને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. શાબ્દિક સ્વાગત બાદ તેમણે પ્રવચનમાં વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાનાર જુદા જુદા કાર્યક્રમો, પોતાની ૪૧ વર્ષની શિક્ષણ યાત્રા, વિદ્યાર્થીઓને મોબાઈલથી દૂર રહેવાની, મોબાઈલમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરવા અને માત્ર ઇમેલનો ઉપયોગ કરવા, મોબાઈલ અને ઇમેઈલનો પાસવર્ડ મા–બાપને આપવા, ભોજનમાં સ્થાનિક ભોજનને મહત્વ આપવા, બ્રહ્મમુહૂર્તમાં ઊઠવાની અને સમયસર સૂઈ જવાની, સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે ભોજન લેવા, ભારતીય જીવન શૈલી અપનાવીને શરીરને રોગોથી દૂર રાખવા, માતા પિતાને સાક્ષાત દંડવત પ્રણામ અને વંદન કરી આશીર્વાદ લેવા, આ રમતોત્સવમાં થયેલા કીર્તિમાનો, રમતોત્સવમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ અને કૉલેજોની સંખ્યા, યુવા અને સ્વસ્થ ભારત, ભારતમાં ભવિષ્યમાં યોજાનાર ઓલિમ્પિક, ૨૦૨૮મા તમામ સંસ્થાઓની ગુજરાતમાં યોજનારી જુદી જુદી રમતો વગેરે વિશે વિગતે વાત કરી પોતાનું પ્રવચન પૂર્ણ કર્યુ હતું.

કુલપતિશ્રીએ પ્રવચન બાદ ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવ વિધિવત ખુલ્લો મુકયો હતો. ત્યારબાદ રમતોત્સવમાં શુદ્ધતા જળવાઈ રહે તે માટે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના વિભાગના વડા ડૉ. યોગેશ વાસીયા દ્વારા આભારવિધિ અને ઋણ સ્વીકાર કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે કુલપતિશ્રી, કુલસચિવશ્રી, અને મંચસ્થ મહેમાનો, વિશ્વવિદ્યાલયના વહીવટદારો, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યો, કાર્યક્રમમાં સામેલ કૉલેજ અને વિદ્યાર્થીઓ, વ્યવસ્થાપન માટે રચાયેલી જુદી જુદી સમિતિઓના સભ્યશ્રીઓ વગેરેનો રમતોત્સવમાં સહયોગ કરવા બદલ આભાર માન્યો હતો અને ઉદ્ઘાટન સત્રને પૂર્ણ જાહેર કર્યુ હતું.























## ૫૧માં રાણી દુર્ગાવતીજી રમતોત્સવના પહેલા દિવસના સાંજ સુધીનાં પરિણામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવનો ભવ્ય આરંભ થયો હતો. આ રમતોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૧૩૪ કૉલેજોના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવેલ છે. જેમાં ૧૧૦૫ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦૭ વિદ્યાર્થીની ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ રમતોત્સવ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ એમ કુલ ચાર દિવસ માટે યોજવામાં આવેલ છે. આજે બપોરના ૨:૩૦ કલાકે આરંભ થતા સત્રમાં જુદી જુદી રમતોનો આરંભ થયો હતો. જેમાં ભાઈઓ અને બહેનોની ૧૦૦ મીટર હિટ દોડ, બહેનોની ગોળા ફેંક ફાઈનલ સ્પર્ધા, બહેનો માટે ઊંચી કૂદ ફાઈનલ, ભાઈઓ અને બહેનો માટે ૪૦૦ મીટર હિટ દોડ, ભાઈઓ અને બહેનો માટેની ૧૫૦૦ મીટર હિટ દોડનો સમાવેશ થાય છે.

આ તમામ રમત સ્પર્ધાઓ પૈકી આજે બે રમત સ્પર્ધાઓ (૧) ચક્ર ફેક અને (૨) ઊંચી કૂદનાં પરિણામ જાહેર થયાં હતાં. આમાં ચક્ર ફેક સ્પર્ધામાં કુલ ૮૮ છોકરીઓએ ભાગ લીધો હતો. જ્યારે ઊંચીકુદમાં કુલ ૩૫ છોકરીઓએ ભાગ લીધો હતો. જેના પરિણામ નીચે મુજબ હતા.

### ઉંચી કૂદ (છોકરીઓ માટે) (High Jump)

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત. | બલદાનીયા પ્રિયાબેન આનંદભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે. કે. શાહ એન્ડ શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | ગામીત મયુરીબેન મહેન્દ્રસિંહ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત. | કનોજીયા ઋત્વીબેન શૈલેષભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ચક્ર ફેંક (છોકરીઓ માટે)

ચક્ર ફેક સ્પર્ધામાં કુલ ૮૮ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | એસ.ડી. જૈન કૉલેજ વેસુ, સુરત | સિંઘ કોયલ સંજય | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | સુવા દિવ્યા માલદે | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ, વી.એન.એસ.જી.યુ.સુરત | ગામિત હરિક્ષાબેન ભંગિયાભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## દ્વિતીય દિવસના સાંજ સુધીના પરિણામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવનો ભવ્ય આરંભ થયો હતો. આ રમતોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૧૩૪ કૉલેજોના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવેલ છે. જેમાં ૧૧૦૫ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦૭ વિદ્યાર્થીની ખેલાડીઓનો સમાવેશ થાય છે. રમતોત્સવમાં ભાગ લીધેલ તમામ ખેલાડીઓ ભારતીય પરંપરા પ્રમાણે નીચે બેસીને જમે, જે આ રમતોત્સવ દરમ્યાન વિશેષ આકર્ષણ બન્યું છે. આ રમતોત્સવ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ એમ કુલ ચાર દિવસ માટે યોજવામાં આવેલ છે. બીજા દિવસે સવારના સત્રમાં ૭:૩૦ વાગ્યે જુદી જુદી રમતગમત સ્પર્ધાનો આરંભ બપોરના ૦૨:૩૦ કલાકે આરંભ થતા સત્રમાં જુદી જુદી રમતોનો આરંભ થયો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

## ૫૦૦૦ મીટર દોડ (છોકરીઓ માટે)

૫૦૦૦ મીટર દોડમાં કુલ ૩૨ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતા.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | વસાવા વૈભવીબેન દિલીપભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | માલવીશ શિલાબેન માંગલ્યભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | સર કે.પી.કૉલેજ ઓફ કોમર્સ, સુરત | પટેલ જાનવી અરુણકુમાર | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ૫૦૦૦ મીટર દોડ (છોકરાઓ માટે)

૫૦૦૦ મીટર દોડમાં કુલ ૧૨૦ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતા.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી ઠાકોરભાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વર | મકવાણા વિશાલભાઈ વશ્રામભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ગામિત નિર્મળકુમાર યોહાનભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, સાગબારા | વસાવા અનિલભાઈ દિનેશભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ૧૫૦૦ મીટર દોડ (છોકરીઓ માટે)

૧૫૦૦ મીટર દોડમાં કુલ ૭૬ છોકરીઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | વસાવા વૈભવીબેન દિલીપભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | સર કે.પી.કૉલેજ ઓફ કોમર્સ, સુરત | પટેલ જાનવી અરુણકુમાર | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | માલવીશ શિલાબેન માંગલ્યભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ગોળા ફેક (છોકરીઓ માટે)

ગોળા ફેક સ્પર્ધામાં કુલ ૧૨૨ છોકરીઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | સુવા દિવ્યા માલદે | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | એસ.ડી.જૈન કૉલેજ વેસુ, સુરત | સિંગ કોયલ સંજય | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | સાસમા ઈંગ્લીશ મીડિયમ કૉલેજ,સુરત | કાછડિયા વૃંદ ધનસુખભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## લાંબી કુદ (છોકરાઓ માટે)

લાંબી કુદ સ્પર્ધામાં કુલ ૧૫૬ છોકરાઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતા.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | નવયુગ આર્ટ્સ કૉલેજ, સુરત | માળી વરુણ સંજયભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બુહારી | ગામિત અંકિતકુમાર અનિલભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શાહ એન.એસ.કોમર્સ કૉલેજ, વલસાડ | સિંગ હરખેંનકુમાર ધર્મેન્દ્રકુમાર | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ગોળા ફેક (છોકરાઓ માટે)

ગોળા ફેક સ્પર્ધામાં કુલ ૧૪૮ છોકરાઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શાહ એન.એસ.કોમર્સ કૉલેજ, વલસાડ | ઝાલા અભિનયસિંગ જશવંતસિંગ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | સી.બી.પટેલ કોમ્પ્યુટર કૉલેજ એન્ડ જમનાબેન નરોત્તમભાઈ મોતીરામ પટેલ સાયન્સ કૉલેજ, ભરથાણા, સુરત | મોહમદ ઇખલાશ નિયામત ખાન | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | એસ.ડી.જૈન.ઇન્ટરનેશનલ કૉલેજ પલસાણા | પટેલ મીત ભરતકુમાર | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## લાંબી કુદ (છોકરીઓ માટે)

લાંબી કુદ સ્પર્ધામાં કુલ ૧૪૮ છોકરીઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | ગામિત મયૂરીબેન મહેન્દ્રસિંહ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |

| | | | |
|---|---|---|---|
| ૨ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | ચૌધરી કશીષકુમારી અરુણભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નેત્રંગ | ગામિત ઋત્વિકાબેન દિનેશભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ઊંચી કુદ (છોકરાઓ માટે)

ઊંચી કુદમાં ૨૦૦૩–૦૪માં ભરૂચ ખાતે ખેલકૂદ મહોત્સવમાં શ્રી કે.પી.કોમર્સ કૉલેજ, સુરતના વિદ્યાર્થીશ્રી ધૂપલી મોહમદ હસમુખભાઈ દ્વારા ૧.૭૮ મીટર ઊંચી કુદ લગાવી રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. જેને હાલમાં રમાઈ રહેલા ૫૧માં ખેલકૂદ મહોત્સવમાં વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગના વિદ્યાર્થી કોંકણી પ્રિયાંશભાઈ રામજભાઈએ ૧૧ વર્ષ પછી તોડીને પોતાના નામે કર્યો છે. તેમણે તા. ૨૨/૧/૨૦૨૫ના રોજ યુનિવર્સિટી મેદાન ખાતે ઊંચી કુદમા ૧.૭૯ મીટર ઊંચીકુદ લગાવી રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. ઊંચી કુદ સ્પર્ધામાં કુલ ૬૮ છોકરાઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | તુલનાત્મક સાહિત્ય વિભાગ, વી.એન.એસ.જી.યુ. | કોંકણી પ્રિયાંશભાઈ રામજભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત | નિષાદ નવનિતકુમાર શ્રીરામ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બુહારી | ગામિત અંકિતકુમાર અનિલભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## તૃતીય દિવસના બપોર સુધીના પરિણામો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવનો આજે ભવ્ય આરંભ થયો હતો. આ રમતોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો છે. જેમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૧૩૪ કૉલેજોના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવેલ છે. જેમાં ૧૧૦૫ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦૭ વિદ્યાર્થીની ખેલાડીઓનો સમાવેશ થાય છે. રમતોત્સવમાં ભાગ લીધેલ તમામ ખેલાડીઓ ભારતીય પરંપરા પ્રમાણે નીચે બેસીને જમે, જે આ રમતોત્સવ દરમ્યાન વિશેષ આકર્ષણ બન્યું છે. આ રમતોત્સવ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ એમ કુલ ચાર દિવસ માટે યોજવામાં આવેલ છે. ત્રીજા દિવસે સવારના સત્રમાં ૭:૧૫ વાગ્યે જુદી જુદી રમતગમત સ્પર્ધાનો આરંભ બપોરના ૦૨:૩૦ કલાકે આરંભ થતા સત્રમાં જુદી જુદી રમતોનો આરંભ થયો હતો. જેના પરિણામો નીચે મુજબ હતાં.

## ૧૦૦૦૦ મીટર દોડ (છોકરાઓ માટે)

૧૦૦૦૦ મીટર દોડમાં કુલ ૫૩ છોકરાઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી ઠાકોરભાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વર | મકવાણા વિશાલભાઈ વશ્રામભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | મલધરીયા ચયુરભાઈ સીતારામ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, સાગબારા | વસાવા વિપુલભાઈ રૂપસિંગભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## હથોડા ફેક (છોકરીઓ માટે)

હથોડા ફેકમાં કુલ ૩૩ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | સુવા દિવ્ય માલદે | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી. જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત | અમીપરા હિમાનશી ગોરધનભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રીમતિ જે.પી શ્રોફ આર્ટ્સ કૉલેજ વલસાડ | રબારી નીતા જેઠાભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૨૦૦ મીટર દોડ (છોકરાઓ માટે)

૨૦૦ મીટર દોડમાં કુલ ૧૮૮ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | પટેલ યતિનભાઈ મહેશભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | વિમલ તોરમાલ પોદ્દાર કોમર્સ કૉલેજ, પાંડેસરા, સુરત | પાંડે સૌરભ વિરેન્દ્રભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ આહવા | ગણવીત સંતોષકુમાર ઉત્તમભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૨૦૦ મીટર દોડ (છોકરીઓ માટે)

૨૦૦ મીટર દોડમાં કુલ ૧૫૨ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | સર કે.પી.કોમર્સ કૉલેજ, સુરત | કદમ વિધિ સંતોષભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | એસ.એસ.અગ્રવાલ કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી | વશી રિદ્ધિ બિમલકુમાર | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | વી.એસ.પટેલ કૉલેજ ઓફ આટ્‌ર્સ એન્ડ સાયન્સ, બીલીમોરા | ચૌહાણ સોનાક્ષી સુરેશ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૮૦૦ મીટર દોડ (છોકરીઓ માટે)

૮૦૦ મીટર દોડમાં કુલ ૯૯ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આટ્‌ર્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | વસાવા વૈભવી દિલીપભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | સર કે.પી.કોમર્સ કૉલેજ, સુરત | પટેલ જાનવી અરુણકુમાર | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રી વનરાજ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ભોયા નિકિતાબેન બચલુભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૪૦૦ મીટર દોડ (છોકરીઓ માટે)

૪૦૦ મીટર દોડમાં કુલ ૧૩૦ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આટ્‌ર્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | વસાવા વૈભવી દિલીપભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | સર કે.પી.કોમર્સ કૉલેજ, સુરત | પટેલ જાનવી અરુણકુમાર | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રી વનરાજ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ભોયા નિકિતાબેન બચલુભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૪૦૦ મીટર દોડ (છોકરાઓ માટે)

૪૦૦ મીટર દોડમાં કુલ ૧૭૫ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી મોરારજી રણછોડભાઈ દેસાઈ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, બુહારી | ચૌધરી નૈતિકકુમાર વિજયભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી વનરાજ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ગવલી વિશાલભાઈ ગંગાભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પેરિટીવ લિટરેચર વી.એન.એસ.જી.યુ. | કોંકણી પ્રિયાંશભાઈ રામજભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## બરછી ફેક (છોકરીઓ માટે)

બરછી ફેકમાં કુલ ૫૭ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક્સ, વી.એન.એસ.જી.યુ. | ચૌધરી નૈતિકકુમાર વિજયભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી જે.પી.શ્રોફ આટ્‌ર્સ કૉલેજ, વલસાડ | પટેલ હેતસ્વી અજયભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રી રંગનવચેતન મહિલા આટ્‌ર્સ કૉલેજ, વાલિયા | કોંકણી પ્રિયાંશભાઈ રામજભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## હથોડા ફેક (છોકરાઓ માટે)

હથોડા ફેકમાં કુલ ૭૦ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શાહ એન.એસ.કોમર્સ કૉલેજ, વલસાડ | ઝાલા અભ્યસિંઘ જશવંતસિંઘ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી. જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કિલ્લા પારડી | કંસાર દીપ અશોકકુમાર | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લીશ મીડિયમ કૉલેજ, વેસુ | શર્મા રિતેશ સુભાષ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૧૫૦૦ મીટર દોડ (છોકરાઓ માટે)

વર્ષ ૨૦૨૨–૨૩માં છોકરાઓની ૧૫૦૦મીટર દોડમાં સુરત ખાતે યોજાયેલ ખેલકુદ મહોત્સવમાં શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુરના વિદ્યાર્થીશ્રી સુનિલ કમદીએ ૦૪:૦૯.૧૩ મિનિટમાં ૧૫૦૦ મીટર દોડ પૂરી કરીને રેકોર્ડ પોતાના નામે કર્યો હતો તે રેકોર્ડને તોડીને આ વર્ષે (૨૦૨૪–૨૫) ૫૧મા ખેલકૂદ મહોત્સવમાં શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુરના વિદ્યાર્થીશ્રી ગામિત નિર્મલકુમાર યોહાનભાઈએ ૦૪:૦૬.૬૮ મિનિટમાં ૧૫૦૦ મીટર દોડ પૂરી કરીને નવો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

૧૫૦૦ મીટર દોડમાં કુલ ૧૪૯ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ગામિત નિર્મલકુમાર યોહાનભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી ઠાકોરભાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વર | મકવાણા વિશાલભાઈ વશ્રામભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, સાગબારા | વસાવા અનિલભાઈ દિનેશભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



















## તૃતીય દિવસના સાંજ સુધીના પરિણામો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૧૩૪ કૉલેજોના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવેલ છે. જેમાં ૧૧૦૫ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦૭ વિદ્યાર્થીની ખેલાડીઓનો સમાવેશ થાય છે. રમતોત્સવમાં ભાગ લીધેલ તમામ ખેલાડીઓ ભારતીય પરંપરા પ્રમાણે નીચે બેસીને જમે, જે આ રમતોત્સવ દરમ્યાન વિશેષ આકર્ષણ બન્યું છે. આ રમતોત્સવ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ એમ કુલ ચાર દિવસ માટે યોજવામાં આવેલ છે. ત્રીજા દિવસે બપોરના સત્રમાં ૨:૪૫ વાગ્યે જુદી જુદી રમતગમત સ્પર્ધાનો આરંભ બપોરના ૦૨:૩૦ કલાકે આરંભ થતા સત્રમાં જુદી જુદી રમતોનો આરંભ થયો હતો. જેના પરિણામો નીચે મુજબ હતાં.

## ૪૦૦ મીટર અવરોધ દોડ (છોકરાઓ માટે)

૪૦૦ મીટર અવરોધ દોડમાં કુલ ૫૪ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ગહલા રાજેશભાઈ તુકારામભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પેરિટીવ લિટરેચર | કોંકણી પ્રિયાંશભાઈ રમાજભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શાહ એન.એસ.કોમર્સ કૉલેજ, વલસાડ | સિંગ હરખેનકુમાર ધર્મેન્દ્રકુમાર | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ૧૦૦ મીટર અવરોધ દોડ (છોકરીઓ માટે)

૧૦૦ મીટર અવરોધ દોડના ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | ગામિત મયુરીબેન મહેન્દ્રસિંહ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ગામીત વંદનાબેન સુરેન્દ્રભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | | મહાલા દર્શનાબેન વસંતભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ૧૧૦ મીટર અવરોધ દોડ (છોકરાઓ માટે)

૧૧૦ મીટર અવરોધ દોડમાં કુલ ૫૫ છોકરાઓએ ભાગ લીધો હતો. તેના ફાઈનલ પરિણામ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનું નામ | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|
| ૧ | ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પેરિટીવ લિટરેચર, વી.ન.દ.ગુ.યુ.સુરત. | કોંકણી પ્રિયાંશભાઈ રમાજભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર | પરમાર મીતકુમાર હસમુખભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | ઉધાર જોગેશભાઈ જશુભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ૪૦૦ મીટર અવરોધ દોડ (છોકરીઓ માટે)

૪૦૦ મીટર અવરોધ દોડમાં કુલ ૧૩ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ગામીત વંદનાબેન સુરેન્દ્રભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શાહ એન.એસ.કોમર્સ કૉલેજ, વલસાડ | અનીતા ધર્મા | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | મહાલા દર્શનાબેન વસંતભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## બરછી ફેંક (છોકરાઓ માટે)

બરછી ફેંકમાં કુલ ૧૧૫ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | માં દેવમોગરા ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ ઉચ્છલ, તાપી | ગામીત જગદીશકુમાર જસુભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ આહવા | ઉધર જોગેશભાઈ જસુભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્ય કૉલેજ, ડેડીયાપાડા | વસાવા અર્જુનભાઈ રમેશભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |



## ચોથા દિવસના બપોર સુધીના પરિણામો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવનો આજે ભવ્ય આરંભ થયો હતો. આ રમતોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો છે. જેમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૧૩૪ કૉલેજોના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવેલ છે. જેમાં ૧૧૦૫ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦૭ વિદ્યાર્થીની ખેલાડીઓનો સમાવેશ થાય છે. રમતોત્સવમાં ભાગ લીધેલ તમામ ખેલાડીઓ ભારતીય પરંપરા પ્રમાણે નીચે બેસીને જમે, જે આ રમતોત્સવ દરમ્યાન વિશેષ આકર્ષણ બન્યું છે. આ રમતોત્સવ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ એમ કુલ ચાર દિવસ માટે યોજવામાં આવેલ હતો. આજે તેનો ચોથો અને અંતિમ દિવસ હતો. જેમાં પારિતોષિક વિતરણ અને સમાપન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના અંતિમ અને સવારના સત્રનો આરંભ ૭:૪૫ કલાકે સવારે થયો હતો. તેમાં જુદી જુદી રમતગમત સ્પર્ધાઓનો આરંભ થયો હતો. આજના અંતિમ સત્રનું વિશેષ આકર્ષણ હતું દિવ્યાંગ (વિકલાંગ) વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ખેલાડીઓ. દિવ્યાંગ ખેલાડીઓએ પોતાની મનની મક્કમતા દ્વારા દિવ્યાંગ શરીરને પૂર્ણતા બક્ષી હોય તેવું તેમના ખેલ પ્રદર્શન પરથી જણાઈ આવ્યું હતું. તેમણે સામાન્ય માનવીને પ્રેરણા આપે તેવું અસામાન્ય પ્રદર્શન રમત ગમત સ્પર્ધાઓમાં દેખાયું હતુ. દિવ્યાંગ ખેલાડીઓ માટે જે રમતોનું આયોજન થયુ હતું તેમાં ૫૦ મીટર દોડ છોકરાઓ અને છોકરીઓ, છોકરાઓ અને છોકરીઓ માટે ગોળા ફેંક તથા છોકરાઓ અને છોકરીઓ માટે લોંગ જંપનો સમાવેશ થયો હતો. જેના પરિણામ નીચે મુજબ હતા.

## ૫૦ મીટર દોડ દિવ્યાંગ (છોકરીઓ માટે)

દિવ્યાંગ છોકરીઓ માટેની ૫૦ મીટર દોડના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|---|
| ૧ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, સાગબારા | વસાવા રેખાબેન શૈલેશભાઈ | અપર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, બી.કોમ ઇંગ્લિશ મીડિયમ, એડિશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ (ફોર વુમન્સ),સુરત | સોલંકી પ્રિયા અતુલભાઈ | અપર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |

## ૫૦ મીટર દોડ દિવ્યાંગ (છોકરીઓ માટે)

દિવ્યાંગ છોકરીઓ માટેની ૫૦ મીટર દોડના ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|---|
| ૧ | જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, બી.કોમ ઇંગ્લિશ મીડિયમ, એડિશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ (ફોર વુમન્સ),સુરત | સરધરા ઝરણા અશ્વિનભાઈ | લોઅર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| | યુ.સી.સી.સી.એન્ડ એસ.પી.બી.સી.બી. એ. એન્ડ એસ.ડી. એચ.જી. કે.સી.બી.સી.એ. એન્ડ આઈ.ટી., ઉધના | મહતો અનિષા અરુણકુમાર | લોઅર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |

## ૫૦ મીટર દોડ દિવ્યાંગ (છોકરાઓ માટે)

દિવ્યાંગ છોકરાઓ માટેની ૫૦ મીટર દોડના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|---|
| ૧ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | પવાર વિશાલભાઈ પુનિયાભાઈ | લોઅર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | ગવર્મેન્ટ બી.એડ કૉલેજ, કાછલ | પ્રસાદ શંકર ધર્મેન્દ્રભાઈ | લોઅર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર | ગણવીત રોનકભાઈ વિક્રમભાઈ | લોઅર લીબ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ગોળા ફેંક દિવ્યાંગ (છોકરીઓ માટે)

દિવ્યાંગ છોકરીઓ માટે ગોળા ફેંકના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|---|
| ૧ | જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, બી.કોમ ઇંગ્લિશ મીડિયમ, એડિશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ , સુરત | સોલંકી પ્રિયા અતુલભાઈ | અપર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, સાગબારા | વસાવા રેખાબેન શૈલેશભાઈ | અપર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |

## ગોળા ફેંક દિવ્યાંગ (છોકરીઓ માટે)

દિવ્યાંગ છોકરીઓ માટે ગોળા ફેંકના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|---|
| ૧ | યુ.સી.સી.સી.એન્ડ એસ.પી.બી.સી.બી. એ. એન્ડ એસ.ડી. એચ.જી. કે.સી. બી.સી.એ. એન્ડ આઈ.ટી., ઉધના | મહતો અનિષા અરુણકુમાર | લોઅર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, બી.કોમ ઇંગ્લિશ મીડિયમ, એડિશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ (ફોર વુમન્સ),સુરત | સરધરા ઝરણા અશ્વિનભાઈ | લોઅર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |

## ૫૦ મીટર દોડ દિવ્યાંગ (છોકરાઓ માટે)

દિવ્યાંગ છોકરાઓ માટેની ૫૦ મીટર દોડના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|---|
| ૧ | એસ.બી. આર્ટ્સ કૉલેજ, પી.કે.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારી | શાહ અબુકેશ જલાલુદ્દીન | અપર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | મહલા અતુલભાઈ ગંગારામભાઈ | અપર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ | વરલી હેતલકુમાર હસમુખભાઈ | અપર લીબ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## લાંબી કુદ દિવ્યાંગ (છોકરીઓ માટે)

દિવ્યાંગ છોકરીઓ માટેની લાંબી કૂદના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|---|
| ૧ | ગવર્મેન્ટ આટ્ર્સ કૉલેજ, સાગબારા | વસાવા રેખાબેન શૈલેશભાઈ | અપર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | જે.બી.ધારૂકાવાલા મહિલા આટ્ર્સ કૉલેજ, બી.કોમ ઇંગ્લિશ મીડિયમ, એડિશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ ,સુરત | સોલંકી પ્રિયા અતુલભાઈ | અપર લીબ | બીજો ક્રમ/સિલ્વર મેડલ |

## લાંબી કુદ દિવ્યાંગ (છોકરાઓ માટે)

દિવ્યાંગ છોકરાઓ માટેની લાંબી કુદના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|---|
| ૧ | ગવર્મેન્ટ બી.એડ.કૉલેજ, કછલ | પ્રસાદ શંકર ધર્મેન્દ્રભાઈ | લોઅર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | વનસેવા મહાવિદ્યાલય, ધરમપુર | રાડીયા વિશાલભાઈ લક્ષ મણભાઈ | લોઅર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર | ગણવીત રોનકભાઈ વિક્રમભાઈ | લોઅર લીબ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ગોળા ફેંક દિવ્યાંગ (છોકરાઓ માટે)

દિવ્યાંગ છોકરાઓ માટેની ગોળા ફેંકના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|---|
| ૧ | ગવર્મેન્ટ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ | વરલી હેતલકુમાર હસમુખભાઈ | અપર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | એસ.બી.ગાર્ડા આટ્ર્સ કૉલેજ એન્ડ પી.કે. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારી | શાહ અબુકેશ જલાલુદ્દીન | અપર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | એમ.ટી.બી. આટ્ર્સ કૉલેજ, સુરત | ગવાદ હસમુખ મણિલાલ | અપર લીબ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## લાંબી કુદ દિવ્યાંગ (છોકરાઓ માટે)

દિવ્યાંગ છોકરાઓ માટેની લાંબી કુદના ફાઈનલ પરિણામો નીચે મુજબ હતા.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|---|
| ૧ | એસ.બી.ગાર્ડા આટ્ર્સ કૉલેજ એન્ડ પી.કે.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારી | શાહ અબુકેશ જલાલુદ્દીન | અપર લીબ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | ગવર્મેન્ટ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | મહલા અતુલભાઈ ગંગારામભાઈ | અપર લીબ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | પવાર વિશાલભાઈ પૂણિયાભાઈ | અપર લીબ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ગોળા ફેંક દિવ્યાંગ (છોકરાઓ માટે)

દિવ્યાંગ છોકરાઓ માટેની ગોળા ફેંકના ફાઈનલ પરિણોમ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | રિમાર્ક | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|---|
| ૧ | ગવર્મેન્ટ બી.એડ.કૉલેજ, કછલ | પ્રસાદ શંકર ધર્મેન્દ્રભાઈ | લોઅર લીબ | પ્રથમ ક્રમ/ગોલ્ડ મેડલ |
| ૨ | ગવર્મેન્ટ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | પવાર વિશાલભાઈ પૂણિયાભાઈ | લોઅર લીબ | બીજો ક્રમ/સિલ્વર મેડલ |
| ૩ | નારણલાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારી. | ખલાસી જિગર ઉમેશભાઈ | લોઅર લીબ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૫૧માં રાણી દુર્ગાવતીજી રમતોત્સવનું ભવ્ય સમાપન તથા બાકી પરિણામો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીજી રમતોત્સવનો આજે ભવ્ય આરંભ થયો હતો. આ રમતોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો છે. જેમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૧૩૪ કૉલેજોના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવેલ છે. જેમાં ૧૧૦૫ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦૭ વિદ્યાર્થીની ખેલાડીઓનો સમાવેશ થાય છે. રમતોત્સવમાં ભાગ લીધેલ તમામ ખેલાડીઓ ભારતીય પરંપરા પ્રમાણે નીચે બેસીને જમે, જે આ રમતોત્સવ દરમ્યાન વિશેષ આકર્ષણ બન્યું છે. આ રમતોત્સવ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ એમ કુલ ચાર દિવસ માટે યોજવામાં આવેલ હતો. આજે તેનો ચોથો અને અંતિમ દિવસ હતો. જેમાં પારિતોષિક વિતરણ અને સમાપન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજના કાર્યક્રમમા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડાશ્રી ડૉ. યોગેશ વાંસીયા, વિશ્વવિદ્યાલય બોર્ડ ઓફ

મૅનેજમેન્ટ મેમ્બર શ્રી ડૉ. અપૂર્વ દેસાઈ, વિશ્વવિદ્યાલયના ઈ.સી.મેમ્બર શ્રી ડૉ. દિલીપ જોષી અને બોર્ડ ઑફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. રમત ગમતની તમામ સ્પર્ધાઓ પૂર્ણ થાય બાદ પારિતોષિક વિતરણ અને સમાપન સમારંભમાં કુલસચિવશ્રીએ આવકાર અને આભાર પ્રવચન કર્યુ હતું. તેમા તેમણે આ કાર્યક્રમ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષપણે જોડાયેલ લોકો તથા વિશ્વવિદ્યાલયના બોર્ડ ઑફ મૅનેજમેન્ટના સભ્યશ્રીઓ અને ઇ.સી.ના સભ્યશ્રીઓ, વિભાગના વડાશ્રીઓ અને કૉલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને કાર્યક્રમમા સહયોગ કરનાર તમામ સમિતિઓના સભ્યશ્રીઓ, બોર્ડ ઑફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ વગેરે તમામનો આભાર માન્યો હતો. ત્યારબાદ યુવક કલ્યાણ વડાશ્રી ડૉ. યોગેશ વાંસીયાએ સ્પોર્ટ રિર્પોટ રજૂ કર્યો હતો. જેમાં તેમણે પહેલો અને વર્તમાન સમયમાં ખેલકુદ મહોત્સવમાં જુદા જુદા વિદ્યાર્થી ખેલાડીઓ દ્વારા મેળવવામાં આવેલ સિદ્ધીઓની વિગતે વિસ્તૃત માહિતી આપી હતી. સ્પોર્ટ રિપોર્ટ બાદ કુલપતિશ્રી એ આભાર વિધિ કરી હતી. જેમાં તેમણેવિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મૅનેજમેન્ટના સભ્યશ્રીઓ અને ઈ.સી.ના સભ્યશ્રીઓ, બોર્ડ ઑફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ, વિભાગના વડાશ્રીઓ, અને કૉલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને કાર્યક્રમમાં સહયોગ કરનાર તમામ સમિતિઓના સભ્યશ્રીઓ વગેરે સૌનો આભાર માન્યો હતો. આભારવિધિ બાદ ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમાં ચેમ્પિયનશીપના ઇનામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુરને જનરલ ટીમ ચેમ્પિયનશીપ જાહેર કરવામાં આવી હતી. તેને ટ્રોફી, શિલ્ડ પ્રમાણપત્રો અને વિજયપદ્મથી સન્માનિત કરવામાં આવી હતી. ત્યારબાદ છોકરીઓ માટેની વ્યકિતગત ચેમ્પિયનશીપ જાહેર કરવામાં આવી જાહેર કરવામાં આવી હતી. જે શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી.શાહ કોમર્સ કૉલેજ વ્યારાથી વિદ્યાર્થીની શ્રી ગામિત મયૂરીબેન મહેન્દ્રસિંહને ફાળે ગઈ હતી. આ પછી છોકરાઓ માટેની વ્યકિતગત ચેમ્પિયનશિપ જાહેર કરવામાં આવી છે. જે શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ અંકલેશ્વરના વિદ્યાર્થી શ્રી મકવાણા વિશાલભાઈ વશ્રામભાઈ અને શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુરના વિદ્યાર્થીશ્રી ગામિત નિર્મલકુમાર યોહાનભાઈને સંયુકતપણે આપવમાં આવી હતી. ઇનામ વિતરણના અંતે કુલપતિશ્રી દ્વારા ૫૧મા રાણી દુર્ગાવતીજી રમતોત્સવને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. આજના અંતિમ અને સવારના સત્રનો આરંભ ૭:૪૫ કલાકે સવારે થયો હતો. તેમાં બાકી રમતગમત સ્પર્ધાઓના પરિણામો નીચે મુજબ હતા.

## ૪*૧૦૦ મીટર રિલે (છોકરાઓ માટે)

છોકરાઓ માટેની ૪*૧૦૦ મીટર રિલમાં કુલ ૭૯ છોકરાઓ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ગહલા રાજેશભાઈ તુકારામભાઈ, ગામીત જયકુમાર કૌશિકભાઈ, ગવળી વિશાલભાઈ ગંગાભાઈ, પટેલ યતિનભાઈ મહેશભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બુહારી | ચૌધરી નૈતિકકુમાર વિજયભાઈ, કોંકણી કિન્નરકુમાર રાકેશભાઈ, ચૌધરી તુષારકુમાર રસિકભાઈ, ગામીત અંકિતકુમાર અનિલભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા | ગંગુડે પંકજભાઈ હીરામાંભાઈ, ગંગુડે વિનેશભાઈ જયરામભાઈ, ગણવીત સંતોષકુમાર ઉત્તમભાઈ, ઉઘર જોગેશભાઈ જશુભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૪*૧૦૦ મીટર રિલે (છોકરીઓ માટે)

છોકરીઓ માટેની ૪*૧૦૦ મીટર રિલમાં કુલ ૫૫ છોકરીઓ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ભોયા નિમિતાબેન બચુલાલભાઈ, ગામીત વંદનાબેન સુરેન્દ્રભાઈ, ગાવડા કાજલબેન હરેશભાઈ, માહલા દર્શનાબેન વસંતભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શાહ એન.એચ. કોમર્સ કૉલેજ, વલસાડ | ચૌધરી દિવ્યાકુમારી રસિકભાઈ, ડોકિયા અનિતા ધર્મ, પટેલ કિષ્નાબેન શશાંકભાઈ, રોહિત રોશનીકુમારી લલ્લુભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ | ભીલ સ્વીટીબેન પંકજભાઈ, ગામીત ભૂમિકુમારી જયંતીભાઈ, ગામીત રીપકા બેન દિલીપભાઈ, ઠાકરે કલ્પનાબેન નરેશભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૧૦૦ મીટર રન (છોકરીઓ માટે)

રેકોર્ડ: વર્ષ ૨૦૧૫ – ૧૬ માં છોકરીઓની ૧૦૦ મીટર દોડમાં સુરત ખાતે યોજાયેલ ખેલકૂદ મહોત્સવમાં શ્રી આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ચીખલીની વિદ્યાર્થીની શ્રી સરિતા ગાયકવાડે ૧૨.૯૦ સેકન્ડમાં ૧૦૦ મીટર દોડ પૂરી કરીને રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તે રેકોર્ડ તોડીને આ વર્ષે એટલે કે ૨૦૨૫ માં ૫૧માં ખેલકુદ મહોત્સવમાં શ્રી કે.પી. કૉલેજ ઓફ કોમર્સ, સુરતની વિદ્યાર્થીની શ્રી કદમ વિધિ સંતોષભાઈ ૧૨.૧૭ સેકન્ડમાં ૧૦૦ મીટર દોડ પૂરી કરીને નવો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

છોકરીઓ માટેની ૧૦૦ મીટર રનમાં કુલ ૧૪૯ છોકરીઓ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/ મેડલ |
|---|---|---|---|
| ૧ | સર. કે.પી. કૉલેજ ઓફ કોમર્સ, સુરત | કદમ વિધિ સંતોષભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે કે શાહ એન્ડ શ્રી કે ડી શાહ કોમર્સ કૉલેજ, વ્યારા | ગામીત મયુરીબેન મહેન્દ્રસિંહ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | એસ.એસ.અગ્રવાલ કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ નવસારી | વશી રિદ્ધિ બિમલકુમાર | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૧૦૦ મીટર રન (છોકરાઓ માટે)

છોકરાઓ માટેની ૧૦૦ મીટર રનમાં કુલ ૧૮૨ છોકરાઓ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | પટેલ યતિનભાઈ મહેશભાઈ | પ્રથમ ક્રમ/ ગોલ્ડ મેડલ |
| ૨ | એસ.ડી.જે ઇન્ટરનેશનલ કૉલેજ, સુરત | સાવલિયા રિશીલ જીગ્નેશભાઈ | બીજો ક્રમ/ સિલ્વર મેડલ |
| ૩ | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બુહારી | ચૌધરી નૈતિકકુમાર વિજયભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |

## ૪*૪૦૦ મીટર રિલે (છોકરીઓ માટે)

છોકરીઓ માટેની ૪*૪૦૦ મીટર રિલમાં કુલ ૩૮ છોકરીઓ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પરિણામ નીચે મુજબ હતાં.

| ક્રમ | કૉલેજનું નામ | વિદ્યાર્થીનીનું નામ | મેળવેલ ક્રમ/મેડલ |
|---|---|---|---|
| ૧ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ભોયા નિકિતાબેન બચુલાલભાઈ, ગામીત વંદનાબેન સુરેન્દ્રભાઈ, ગાવડા કાજલબેન હરેશભાઈ, માહલા દર્શનાબેન વસંતભાઈ | પ્રથમ ક્રમ/ગોલ્ડ મેડલ |
| ૨ | શાહ એન.એચ. કોમર્સ કૉલેજ, વલસાડ | કાવડલ જશવંતીબેન બરાકુભાઈ, ડોકિયા અનિતા ધર્મ, પટેલ કિષ્નાબેન શંકરભાઈ, રાઠોડ અંજલી દીપકભાઈ | બીજો ક્રમ/સિલ વર મેડલ |
| ૩ | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત | ચૌધરી પ્રિયાંશીકુમારી મુકેશભાઈ, ગોંન્ડ અશ્રિતા રામાયોદ્ધા, મૌર્ય અંશુ રાજેશકુમાર, વસાવા હિમાંશીબેન રમેશભાઈ | ત્રીજો ક્રમ/ બ્રોન્ઝ મેડલ |






















## Department of Mathemetics

### ગણિત પ્રેરણા સપ્તાહનું સફળ આયોજન

રાષ્ટ્રીય ગણિત દિવસ નિમિત્તે, ગણિત વિભાગ દ્વારા ૧૬ થી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સપ્તાહ લાંબી ઉજવણી દરમ્યાન વિવિધ જ્ઞાનવર્ધક કાર્યક્રમો તથા વિશિષ્ટ વાર્તાલાપનો આનંદ સર્વે એ માણ્યો હતો. શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપતા તમામ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની પૂરા દિલથી સહભાગીતા નોંધપાત્ર હતી, જેના કારણે સમગ્ર ઉજવણીને ભવ્ય સફળતા મળી હતી.

૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ – Math Movie: પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી નિવાસ રામાનુજનની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે, વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ રામાનુજન વિશેની ટોચની ફિલ્મોમાંની એમ 'ધ મેન હુ ન્યુ ઇન્ફિનિટી' નિહાળી હતી.



૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ – Math Talks: વિભાગના શિક્ષકોએ વિદ્યાર્થીઓને વિવિધ ગાણિતિક વિચારો વિશે માહિતગાર કર્યા હતા.

૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ – Math Blueprints: ગણિત વિષય પર પોસ્ટર બનાવવાની સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેનું પરિણામ નીચે મુજબ રહ્યું હતું. પટેલ ક્રિશા જે. (પ્રથમ), ટંડેલ ભાર્ગવી પી., હળપતિ દિયા કે. (દ્વિતીય), રોઉતા શ્વેતા એસ. (તૃતીય), પટેલ અંકુરી એમ. (તૃતીય).

૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ – Math Power Show: આ દિવસે વિદ્યાર્થીઓએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધામાં ભાગ લઈને તેમના કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં પઠાણ હુસૈન ખાન (પ્રથમ), હાથીવાલા કેસર એન. (દ્વિતીય), પરમાર યુવરાજસિંહ વી. (તૃતીય) તથા ઉપાધ્યાય આંચલ (તૃતીય) વિજેતા જાહેર થયા હતા.



૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ – Math Models: આ દિવસે વર્કિંગ મોડલ–મેકિંગ સ્પર્ધામાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ તેમની સર્જનાત્મકતા પ્રગટ કરી હતી. જેમાં મિસ્ત્રી ટીશા કે. (પ્રથમ), હાથીવાલા કેસર એન., પરમાર ઇશા આર., રાઠોડ નેન્સી કે.(દ્વિતીય) વિજેતા થયા હતા.

૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ – Math Tiles: ગણિતને લગતી રંગોળી બનાવવાની સ્પર્ધાના રંગારંગ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના કેટલાક જૂથોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના વિજેતાઓ ટંડેલ ભાર્ગવી પી., હળપતિ દિયા કે. (પ્રથમ), પટેલ ભૂમિ એસ., પટેલ જાહ્નવિ જે., ભોલા સાદિયા એસ. (દ્વિતીય), વઘાસિયા જાનવી એચ., દેવલિયા કૃપા એચ., પટેલ ચિનાલ એસ. (દ્વિતીય), લાડ હેની જે., મોરે અશ્વિની એમ. (તૃતીય), હાથીવાલા કેસર એન., રાઠોડ નેન્સી કે., મિશ્રા સિમરન આર. (તૃતીય) થયા હતા.




૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ – Expert talk : વિભાગના વિદ્યાર્થીઓને ભારતીય ગણિતના ઝળહળતા ઇતિહાસ પ્રત્યે સભાન કરવા માટે બ્રેમર કૉલેજ, ટોરેન્ટો, કેનેડાના ડૉ. વ્રજેશકુમાર ખંભોળજાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ઉપસ્થિત રહ્યા હતા.



૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ – Alumni Expert talk: ગણિત પ્રેરણા સપ્તાહની ઉજવણીના અંતિમ દિવસે વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. રચના દેસાઈ, સોમૈયા વિદ્યાવિહાર વિશ્વવિદ્યાલય, મુંબઈના વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગના વિદ્યાર્થીઓએ આ વાર્તાલાપમાંથી પ્રેરણા મેળવી હતી.



ગણિત પ્રેરણા સપ્તાહની સફળતાપૂર્વક ઉજવણી દ્વારા ગણિત વિષયને લોકભોગ્ય બનાવવાની વિભાગની પહેલે ગણિતશાસ્ત્રીઓની આગામી પેઢીને પ્રેરણા આપી છે.

## Department of Public Administration

### પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગમાં સ્પોર્ટ્સ ડે ઉજવાયો

પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગમા ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા સ્પોર્ટ્સ ડે ઉજવવામાં આવ્યો હતો. તેમાં ઘણી બધી રમતો રમવામાં આવી હતી. જેમ કે, ખો–ખો, ચેસ, વોલીબોલ, ક્રિકેટ, દોડ, રેસ, બેડમિન્ટન વગેરે જેવી રમતો રમવામાં આવી હતી. રમતો રમતી વખતે વિદ્યાર્થીઓને ઘણો ઉત્સાહ હતો. દોડ સ્પર્ધામાં રુવેકર યશકુમારે પ્રથમ, પટેલ ગુણવંતી બહેને બીજો અને પાટીલ તેજલે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓના ચહેરા પર ઉત્સાહ અને જોશ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમ સફળ બનાવવામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીનો મહત્વનો ફાળો રહ્યો છે. વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ મધુ થવાની અને આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી મમતા મીનાએ પણ આયોજનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સ્પોર્ટ્સ ડે એ વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધાર્યો છે અને તેમને એકબીજા સાથે સહકાર કરવાની તક પણ આપી છે.








## Department of Sociology

### સમાજકાર્યના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરતની એક દિવસીય મુલાકાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા માસ્ટર ઓફ સોશિયલ વર્ક પ્રોગ્રામનાં સેમેસ્ટર–૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરતની મુલાકાત તા. ૦૬–૦૧–૨૦૨૫નાં રોજ આયોજિત કરવામાં આવી હતી. તેમાં ૪૦ વિદ્યાર્થીઓ અને બે ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો. ડી.આર.ડી.એ.ના એ.પી.ઓ. કુ. બંસરી મેડમ દ્વારા બધાનો આવકાર કરવામાં આવ્યો હતો. એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામના આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બહાદુરસિંહ એ વસાવા દ્વારા આભાર સાથે એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામનો ટૂંકો પરિચય સાથે વિઝીટનો ઉદ્દેશય જણાવેલ હતો. ત્યારબાદ શ્રી પાર્થ દવે દ્વારા ડી.આર.ડી.એ.ની માળખાગત રચનાની પાયાની સમજણ અને સંસ્થાની કાર્યપ્રણાલી તેમજ તેમના થકી અમલીકરણ, મોનીટરીગ કઈ રીતે કરવામાં આવે છે તેની માહિતી આપી હતી. વિવિધ પ્રકલ્પોના તજજ્ઞોએ તેમનું પી.પી.ટી.પ્રેઝન્ટેશન સાથે વારાફરતી (૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી અધિનિયમ–૨૦૦૫ (મનરેગા) (૨) પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ (૩) સ્વચ્છ ભારત મિશન–ગ્રામિણ (૪) મિશન મંગલમ /એન.આર.એલ.એમ. અને (૫) વોટરશેડ કાર્યક્રમની વિસ્તૃત જાણકારી આપી હતી. ઉપસ્થિત રહેનાર તજજ્ઞો જેવા કે બંસરી મેડમ, શ્રી દિપક ગાયકવાડ, શ્રી સંજય, શ્રી નિરવ, શ્રી રોનક, શ્રી વોહરા સરળ ભાષામાં તેમના પ્રકલ્પોની રજૂઆત અને અનુભવો સચોટ રીતે આપ્યા હતા.

સદર કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, શ્રી પ્રજાપતિ  દ્વારા આવકાર સાથે દરેક પ્રકલ્પનું વિઝન, મિશન અને તેના થકી દરેક ગ્રામીણ વ્યકિતના જીવન ધોરણને કઈ રીતે ઊંચું લાવી શકાય તેની સચોટ સમજણ આપી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરતની મુલાકાતનો હેતુ સમાજકાર્યના વિદ્યાર્થીઓ જે તે વિષયનો વર્ગખંડમાં જે અભ્યાસ કરે છે તે ગ્રામ્ય સ્તરે અમલીકરણ એજન્સી જેવી કે ડી.આર.ડી.એ. કઈ રીતે પ્રેકટીકલ રીતે કામ કરે છે, કેવી સમસ્યાઓ આવે છે, તેમનો કઈ રીતે ઉકેલ લાવીને લાભાર્થીઓ સુધી વિવિધ સરકારી યોજનાઓ તેમના સુધી પહોંચે અને તેમનું સામાજિક, આર્થિક, શૈક્ષણિક, જીવન ધોરણ ઊંચું લાવી, ખાસ કરીને સ્ત્રીઓ સ્વમાનભેર સારી રીતે જીવી શકે તે હેતુ હોય છે એ સર્વ બાબતો વિવિધ યોજનાઓના અધિકારીશ્રીઓ પાસેથી રુબરુ મુલાકાત કરી મેળવે તે આશય હતો. જે સફળ થઈ શકયો છે, જેથી વિદ્યાર્થીઓ અત્યારથી જ પોતે કયા ક્ષેત્રોમાં, કોના માટે કામ કરશે તે ધીરે ધીરે નકકી કરી શકે.

ડી.આર.ડી.એ. સુરત મુલાકાતને સફળ બનાવવામાં જેમનો સિંહ–ફાળો રહ્યો છે એવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિભાગના અધ્યક્ષ અને એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર ડૉ. એમ.એન.ગાયકવાડ અને વિઝીટને સફળ બનાવનાર એવા એમ.એસ.ડબલ્યું. પ્રોગ્રામના આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બહાદુરસિંહ એ. વસાવા અને આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી નવિનકુમાર રોહિતનો અમુલ્ય ફાળો રહ્યો હતો. જે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિવાર તથા સમાજશાસ્ત્ર વિભાગે તેમનો આભાર વ્યકત કર્યો હતો.





## "સંશોધન દરખાસ્ત કઈ રીતે તૈયાર કરવી?" વિષય ઉપર એક દિવસીય કાર્યશાળાનું આયોજન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ૬૦ વર્ષની ઉજવણીના ભાગ રૂપે સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ "સંશોધન દરખાસ્ત કઈ રીતે તૈયાર કરવી?" વિષય પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યશાળાના આયોજન માટે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ કાર્યશાળામાં કુલ ૪૦ થી વધુ શોધાર્થી તેમજ ભાવિ સંશોધકો હાજર રહ્યા હતા. આ કાર્યશાળાનો મુંખ્ય ઉદ્દેશય ભવિષ્યમાં અને વર્તમાન સમયમાં ઉચ્ચ અભ્યાસ તરીકે પીએચ.ડી.માં એડમીશન લેવાના છે, તેવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે અને તે માટે સંશોધન દરખાસ્ત બનાવામાં કઈ રીતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે ઉદ્દેશયથી આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યશાળામાં સમાજશાસ્ત્ર વિભાગનાં ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. પરવેઝ અબ્બાસી દ્વારા ભાવિ સંશોધકોને સંશોધન એટલે શું? ત્યાંથી લઈ સમાજશાસ્ત્ર જે થીયરી છે તેને સંશોધન દરખાસ્તમાં કઈ રીતે મૂકી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ પ્રો. મધુભાઈ ગાયકવાડ દ્વારા સંશોધકોને સંશોધન પ્રશ્નોથી લઈ સંશોધન દરખાસ્ત બનાવવામાં કયાં કયાં મુદ્દાઓનું ધ્યાન રાખવું તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. વિભાગના અધ્યાપક ડૉ. અરુણ પંડયા દ્વારા સંશોધકોને સંશોધન દરખાસ્ત શરૂઆતથી લઈને અંત સુધી સંશોધન દરખાસ્ત વિવિધ પગથીયા વિશે માર્ગદર્શન મળ્યું. આ કાર્યશાળાનું સંચાલન અને આયોજન પ્રાધ્યાપક ગિરધર રાઠોડ અને રિસર્ચ ફેલો સાગર વસાવા દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યશાળાના અંતે આભારવિધિ ડૉ. જીતેન્દ્ર વસાવા દ્વારા કરવામાં આવી.

## Department of Statistics

### 'ટ્રેન્ડ એનાલિસિસ એન્ડ ડેટા સાયન્સઃ ધ ફાઉન્ડર ફોર એસ્પાયરિંગ ડેટા સાયન્ટિસ્ટ્સ' વિષય પર વિશેષ વ્યાખ્યાન

૧૧ મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૦મા વર્ષના ઉજવણી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીપ્રવૃત્તિના ભાગરૂપે, "ટ્રેન્ડ એનાલિસિસ એન્ડ ડેટા સાયન્સઃ ધ ફાઉન્ડર ફોર એસ્પાયરિંગ ડેટા સાયન્ટિસ્ટ્સ" વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયુ. શ્રી એજાઝઅહમદ અન્સારી, જે હાલ Mumbai JIO Platforms LTDમાં ડેટા સાયન્ટિસ્ટ છે અને એમ.એસસી. (સ્ટેટિસ્ટિકસ–૨૦૨૨ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે, તેમણે આ વ્યાખ્યાન આપ્યું. સત્રની શરૂઆતમાં સ્પીકરને આરંભિક સ્વાગત વિભાગીય વડા ડૉ. આરતી જે. રાજ્યગુરુ દ્વારા કરાયું હતું. આ સત્ર બપોરે ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યે સ્ટેટિસ્ટિકસ વિભાગમાં યોજાયું હતુ. અને તેમાં ૬૩ વિદ્યાર્થી અને ૬ ફેકલ્ટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાને ટ્રેન્ડ એનાલિસિસના મહત્વ અને ડેટા સાયન્સના ક્ષેત્રમાં સફળ થવા માટે જરૂરી કુશળતાઓ, જેમ કે પ્રોગ્રામિંગ, સ્ટેટિસ્ટિકલ મોડેલિંગ અને કંટિન્યુઅસ લર્નિંગના મહત્વ પર ભાર મૂકયો. તેમણે વિદ્યાર્થીઓને પ્રોજેકટ, ઈન્ટર્નશિપ એન કોમ્પિટિશનમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. સત્રના અંતે એક સાકારાત્મક પ્રશ્નોતરીનું આયોજન થયું, જે વિદ્યાર્થીઓને ડેટા સાયન્સ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રેરણાદાયી સાબિત થયું. વિભાગે શ્રી એજાજઅહમદ અન્સારીને આ પ્રેરણાદાયી વ્યાખ્યાન માટે આભાર વ્યકત કર્યો અને પૂર્વ વિદ્યાર્થી અને વર્તમાન વિદ્યાર્થીઓ વચ્ચે જોડાણને વધુ મજબુત બનાવ્યું.






## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### એન.સી.સી. કેડેટ્સ માટે રેન્ક સેરમનીનો કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી –સુરતમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ NCC યુનિટ દ્વારા તા. ૨/૧/૨૦૨૫ના રોજ એન.સી.સી.કેડેટ્સ માટે રેન્ક સેરમનીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે મૅનેજરશ્રી અરુંધતીબેન શાહ, હવલદાર શ્રી કુલબીર સિંઘ, નાયક શ્રી વિરલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને કૉલેજના ગીતથી કરવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈએ અતિથિશ્રીઓનું પુસ્તક આપી સ્વાગત કર્યુ હતું. અને એન.સી.સી. કેડેટ્સની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. એન.સી.સી.કેર ટેકર ઓફિસર પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને મેજર શ્રી. અરુંધતીબેન શાહે શાબ્દિક ઉદબોધન આપ્યું હતું. અતિથી વિશેષ તરીકે આવેલા મહેમાનોના વરદ હસ્તે કુલ ૨૫ જેટલા એન.સી.સી. કેડેટ્સને SUO, JUO, CQMS, SGT, CPL, LCPL જેવા વિવિધ રેન્ક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. કેડેટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૫ જેટલા એન.સી.સી. કેડેટ્સ સહભાગી થયા હતા.

### યુથ ડેવલોપમેન્ટ હેઠળ લીડરશીપના ગુણો વિકસાવવા અંગે બે દિવસીય વર્કશોપ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૪ અને ૦૬/૦૧/૨૦૨૫ ને શનિવાર અને સોમવારના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ વિવેકાનંદ કેન્દ્ર–કન્યાકુમારી દ્વારા યુથ ડૅવલપમેન્ટ હેઠળ બે દિવસ દરમિયાન લીડરશીપના ગુણો વિકસાવવા અંગેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્કશોપની શરૂઆત પ્રાર્થના અને અમરોલી કૉલેજના ગીતથી કરી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. આ વર્કશોપમાં લીડરશીપના ગુણો વિકસાવવા વિવેકાનંદ કેન્દ્ર–કન્યાકુમારીના કાર્યકર શ્રુતિબેન, અવિના, જાનવીબેન, આઝાદભાઈ, અક્ષયભાઈ, ઇશિતાબેન, પિયુષભાઈ, કૌશિકીબેન દ્વારા વિવિધ પ્રવૃતિ કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક સહભાગી થયા હતા. આ સમગ્ર વર્કશોપના સંયોજક તરીકે પ્રા. રાજભાઈ ડુમસિયા અને પ્રા. ભૂમિબેન મિસ્ત્રી રહ્યા હતા.



### ફિનિશિંગ સ્કુલ ટ્રેનીગ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી – સુરતમાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ કે.સી.જી ગાંધીનગર અંતર્ગત તા. ૨૯/૭/૨૦૨૪ થી ૨૨/૮/૨૦૨૪ દરમિયાન ફિનિશિંગ સ્કુલ ટ્રેનીગ આપવામાં આવી હતી. જેના પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન તા. ૦૮/૦૧/૨૦૨૫ ને બુધવારના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઇ, પ્રા. ડૉ. રીતુબેન અગ્રવાલ, પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરીગયા અને પ્રા. નિર્મિતાબેન ભાદાણીના વરદ હસ્તે કુલ ૪૩ જેટલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન ફિનિશિંગ સ્કુલ ટ્રેનીગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ફિનિશિંગ સ્કુલ ટ્રેનીગના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. પરેશભાઈ રબારીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ૮૦ કલાકની ટ્રેનીગ દરમિયાનના પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.



## ઇન્ટરવ્યૂ સ્કિલ અને રિઝ્યુમ મેકિંગ વિષય અંતર્ગત સેમિનારનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૯/૧/૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓમાં રોજગારીની તક ઉભી થાય તેવા ઉમદા હેતુથી 'ઇન્ટરવ્યુ સ્કિલ અને રિઝ્યુમ મેકિંગ' વિષય અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે એ.ઈ.સી.સીના આસિસ્ટન્ટ મૅનેજર શ્રી દીપકભાઈ સોની અને સિનિયર કન્સલ્ટન્ટ શ્રી મોહિતભાઈ પુનમીયા હાજર રહ્યા હતા. કાર્યક્રમના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયાએ વકતાઓનું પુસ્તક આપી સ્વાગત કર્યું હતું. આ સેમિનારમાં ટી.વાય.ના વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂ સ્કિલ અને રિઝ્યુમ મેકિંગ અંગે વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. સેમિનારના અંતે આભારવિધિ પ્રા. રોહિતભાઈ ચૌહાણએ કરી હતી. સેમિનારમાં કુલ ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ તાલીમ લીધી હતી.

## ૭૬મો પ્રજાસત્તાક પર્વ દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના કૉલેજ કેમ્પસ પર ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ને રવિવારના રોજ ૭૬મો પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૮:૩૦ કલાકે ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ દેસાઈના નેતૃત્વ હેઠળ પ્રાધ્યાપક શ્રી ડૉ. ઋજુતાબેન ગાંધીના વરદ્ હસ્તે ધ્વજવંદન થયું હતું. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, સી.એ.વિલ્કી તમાકુવાલા, શ્રીમતી ઇલાબેન સારંગ, અને એસ.પી.બી.સ્કુલના આચાર્ય શ્રી કેયુરભાઈ શર્મા તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીનીઓ કગફ કું. આયુષા કાકડીયા, વગફ કુ. નેહા કચારીયા અને કુ. રીયા પંચાલ તથા રાઈફલના ગાર્ડ ઓફ ઓનરના કમાન્ડર કું. આયુષા કાકડીયાની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી. ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. સુરતથી આર્મી મેડિકલ કોર સુબેદાર રાજેશ સિંઘ યાદવ અને નાયક કુકડકર રાહુલ પણ હાજર રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ રાષ્ટ્રના વિકાસમાં અને આવનાર ૨૦૪૭માં ભારત રાષ્ટ્રને વિકસિત બનાવવા યુવા શકિતની ભૂમિકા વિશે માર્ગદર્શન આપ્યું હતું તેમજ ૭૬માં પ્રજાસત્તાક દિવસની ઉપસ્થિત સૌને શુભેચ્છા અને શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતે આભારવિધિ પ્રા. ડૉ. રુસ્તમ એન.સદરીએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે NCC CTO પ્રા.ડૉ. સોનલબેન જરીવાલા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વી.એમ.ચૌધરી, પ્રા. જે.બી.ચૌધરી, પ્રા. એન.એચ.જોષી, પ્રા. પંકજભાઈ નાયકા, તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી બી.સી.એ., બી.બી.એ., બી.કોમ.માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૨/૧/૨૦૨૫નાં રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી તરીકે સુરેશ કળથીયા (Founder & CEO. Ebizzinfotech, Italish, EBS Media & Wellheal), શ્રી સવજીભાઈ ALP પટેલ (Educationalist, Thinkar & Social Leader), તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી ગિરધરગોપાલ મુન્દ્રજી, સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને શ્રી સુરેશ કલાથીયા તેમજ શ્રી સવજીભાઈ બી. પટેલએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૮૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન બી.કોમ, બી.સી.એ, બી.બી.એ.નાં કૉ–ઓર્ડિનેટર તથા કૉલેજના અધ્યાપક ગણ વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. તન્વીબેન ભાલાળા, ડૉ. વિશાલ પંડયા અને ડૉ. વિશ્વનાથ બોરસે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. વિશાલ પંડયાએ કરી હતી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો હતો.

## બ્યુટીકેર વર્કશોપ




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. 30 ડિસેમ્બર ૨૦૨૪ થી ૦૪ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન ઓલ ઇન્ડિયા વુમન્સ ઓર્ગેનાઈઝેશન 'શકિતમંત' દ્વારા બ્યુટીકેર વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. શકિતમંચ ગુજરાત દ્વારા ભારત ભરમાં મહિલા વિકાસના કાર્ય કરે છે. કૉલેજની વિદ્યાર્થીની (બહેનો)ને આત્મનિર્ભર બનવા/ સ્વરોજગાર મળી રહે એ હેતુ માટે બ્યુટીકેર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શકિતમંચનાં શ્રી કૌશિક ઠક્કર (ગુજરાત હેડ) અને સુષ્મા પાટીલ દ્વારા કૉલેજની ૪૨ જેટલી વિદ્યાર્થીની (બહેનો)ને વર્કશોપમાં વિવિધ પ્રકારનાં કોર્ષ જેવા કે, બ્રાઈડલ મેક–અપ (એચ.ડી.), એડવાન્સ વેક્સ, ન્યુ એડવાન્સ હેર કટીંગ, ન્યુ પેટન સાડી સ્ટાઈલ, આઇબ્રો, એડવાન્સ હેર સ્પા, એડવાન્સ મશીનરી નૉલેજ, હેર ટ્રીટમેન્ટ હોમમેડ, ફ્રેશ ટ્રીટમેન્ટ હોમમેડ, ગરબાના સ્ટેપ, ફેસીયલ, ચોકલેટ મેકિંગ વગેરે શીખવવામાં આવ્યું હતું. વર્કશોપ આયોજન આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. હેમાદ્રી ટીકાવાલાએ કર્યું હતું.

## સાહસિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા શિબિરનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩ જાન્યુઆરી ૨૦૨૫ થી ૬ જાન્યુઆરી, ૨૦૨૫ દરમ્યાન રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી તથા જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી સુરત દ્વારા આયોજિત ઝોન કક્ષા સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાહસિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૩ જાન્યુઅઆરી, ૨૦૨૫ના રોજ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી સુરત તેમજ કૉલેજનાં સંયુકત ઉપક્રમે હથગઢ (મહારાષ્ટ્ર) તથા સાપુતારા ખાતે કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપરાંત NSS અને NCC મળી કુલ ૧૦૭

વિદ્યાર્થીઓએ ટ્રેકિંગ કર્યું હતું. તેમજ તા. ૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કૉલેજ કેમ્પસમાં ફાયર વિભાગ અમરોલી દ્વારા 'ફાયર સેફટી'ના ડેમોસ્ટ્રેશનનું આયોજન થયું, જેમાં આગ લાગે ત્યારે કયાં સાવચેતીનાં પગલાં લેવા તેમજ ફાયરના સાધનોને ઉપયોગ કેવી રીતે કરવો. તે બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમ દરમ્યાન ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારી તેમજ રમત ગમત યુવા અને સંસ્કૃતિ વિભાગ અધિકારી શ્રીમતી રાધિકા લાઠીયા હાજર રહ્યા હતા. જ્યારે સાયબર સિકયોરીટી કાર્યક્રમ અંતર્ગત સુરત શહેરના (DSP) હેતલ પટેલે હાજર રહી વિદ્યાર્થીઓને સળગતા પ્રશ્નો અને તેમના ઉકેલ વિશે માહિતગાર કર્યા સાયબર સિકયોરીટી તથા મોબાઈલ અને સોશિયલ મીડિયા સંબંધિત સમસ્યાથી અવગત કરાવ્યા અને તેના ઉપાયો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તમામ કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઑફિસર જ્યોતિકા ટેલર, NCC CTO ડૉ. અનિલા પિલ્લાઈ અને સ્પોર્ટ્સ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા દ્વારા સફળતા પૂર્વક યોજી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

## Zeal & Voyage-2025 ઇવેન્ટનું પ્રિલોન્ચિગનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨/૧/૨૦૨૫નાં રોજ "Zeal & Voyage-2025" ઇવેન્ટનું પ્રિલોન્ચિગ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. "Zeal & Voyage Event -2025" પ્રિલોન્ચિગનાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સુરેશ કળથીયા (Founder & CEO. Ebizzinfotech, Italish, EBS Media & Wellheal), શ્રી સવજીભાઈ બી. પટેલ (Educationalist, Thinker & Social Leader), તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી ગિરધરગોપાલ મુન્દ્રાજી, સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલ અને ડૉ. મુકેશ ગોયાણીના હસ્તક પરંપરાગત રીતે શ્રીફળ અને ગોળ ધાણા સાથે Pre-Zeal અને Voyageનું પ્રિ–લોન્ચ કરવામાં આવ્યું હતું. ઇવેન્ટ અંતર્ગત ગરવી ગુજરાતની થીમ આધારિત "Brand Quest, Squid Game, Recruitment Rush, Reel Making, Fashion Murder Mystery, Financial Foresigth, Vocal Vibes of 90's, Quiz Mania, Minute to Win it." જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૦૦ જેટલી કૉલેજમાં ૭૦૦ વિદ્યાર્થી ભાગ લેશે. પ્રિ–લોન્ચિન ઇવેન્ટના અંતે આચાર્યશ્રીઓ Zeal & Voyage Event ઇન્ટર કૉલેજ મેનેજમેન્ટ ઇવેન્ટની તા. ૧૧/૧/૨૦૨૫ જાહેર કરી હતી. ઈવેન્ટનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એ. અને બી.કોમ.નાં કૉ–ઓર્ડિનેટર તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલન કરવામાં આવેલ હતું.

## AI in our Daily Lives માટે સેમિનાર પ્રોગ્રામનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૦૯/૦૧/૨૦૨૫ને ગુરુવારે Discover the future of AI in our Daily Lives Explore cutting- edge advancement and trends સેમિનારનું આયોજન થયું હતું. સેમિનાર પ્રોગ્રામના અતિથિ વિશેષ તરીકે Mr. Jaydeep Parmar (Founder of satvbiz academic and Jaydeep app ka digital partner) T[DH Mr. Ashishbhai Shindav (Perfect Click Photography institute) મહત્વ અને ફાયદા વિશે વિસ્તૃત સમજ આપી. પ્રથમવર્ષના કુલ ૨૫૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી ના માર્ગદર્શન હેઠળ બી.સી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાળા અને બી.એ.સી.ડેટા સાઈન્સનાં પ્રા. હિતેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું. અંતે આમંત્રીત મહેમાનોનો, તેમજ હાજર તમામ સ્ટાફ, તેમજ હાજર તમામ વિદ્યાર્થીઓનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## મેનેજમેન્ટ ઇવેન્ટ Zeal & Voyage- 2025નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૧/૧/૨૦૨૫નાં રોજ બી.બી.એ. અને બી.કોમ.ની ઈવેન્ટ Zeal & Voyage - 2025નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૩ મેનેજમેન્ટ ગેઇમ્સ જેવી કે Brand Quest, Reel Making, Check Mate, Vocal Vibes of 90'S, Squid Game, Fashion Fusion, Murder Mystery, Quiz Mania, Recruitment

Rush, The Book Time, Financial Foresight, Minute to Win it રાખવામાં આવી હતી. Zeal & Voyageમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૪૫ થી વધુ કૉલેજોમાંથી ૮૬૬ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ઇવેન્ટમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે Shri Satishbhai Maniya (Chairman & MD, Shish Group), Dr. Manish Vagela (CEO Just Abroad), Shri S. K. Singh (Sr. Director and Head Bureau of Indian Standards), Shri Naveentbhai Gopani (CEO, Aviate), Shri Ashish Sindhv ( Founder- Perfect Click), Shri Dishant Babariya (Founder- Perfect Click), જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટી કાંતિભાઈ શાહ, જે.ઝેડ. શાહ કૉલેજનાં આચાર્ય સેજલ દેસાઈ, છાપરાભાઠાના સ્કુલનાં આચાર્યશ્રી અંજનીબેન જાની અને દિલીપભાઈ પરમાર તેમજ અમરોલી કેમ્પસ સ્કૂલનાં આચાર્ય કેયુર શાહે હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશ પટેલ, બી.કોમ.નાં કૉ–ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાણી, કૉલેજના સ્ટાફ સભ્યો તથા બી.બી.એ.ના વિદ્યાર્થીઓ (સ્વયંસેવકો) દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટીફિકેટ તેમજ દરેક સ્પર્ધકોને ઇ–સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.









## જોબ પ્લેસમેન્ટનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૭/૧/૨૦૨૫નાં રોજ અંતિમ વર્ષમાં ફાઈનાન્સ, માર્કેટિંગ અને એચ.આરમાં અભ્યાસ કરતા બી.બી.એ અને બી.કોમ વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ટુ કોપોર્રેટ હેઠળ નોકરીનાં ઇન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કુલ ૧૦૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનો NIIT Digital Center, ICICI અને અન્ય બેંન્કિંગ ક્ષેત્રની જોબ માટે, Imagica Health અને Dot3 Solutions જેવી કંપનીઓએ કેમ્પસ ટુ કોર્પોરેટ પ્રોગ્રામના ભાગરૂપે વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ માટે પ્લેટફોર્મ પૂરું પાડયું હતું. ૩૭ વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ માટે કંપનીઓ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ કૉ–ઓર્ડિનેટર પ્રા. સોયેબ મેમણ, ડૉ. વિશ્વનાથ બોરસે અને પ્રા. રાકેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટ અને સ્ટાફ પસંદગી પામેલા ઉમેદવારોને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવ્યાં હતાં.




## કલરવ અંતાક્ષરી કોમ્પિટિશન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં કલરવ અંતાક્ષરી કોમ્પિટિશનનું ભવ્ય અને અત્યંત સુરમય સૂર્યોદય પ્રોગ્રામનું આયોજન તા. ૨૨/૧/૨૦૨૫નાં રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે શ્રી તેજસ મર્ચન્ટ અને શ્રી નરેશભાઈ કાપડીયાએ હાજર રહી વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક વધાર્યો હતો. આ સ્પર્ધાનો ઉદ્દેશય વિદ્યાર્થીઓને તેમની ગાયકી કળાને વિકસાવવા અને પ્રદર્શિત કરવાની તક પૂરી પાડવાનો હતો. આ દિવ્ય સંગમમાં દર્શકોને ભક્તિ, લોકગીત, બોલીવુડ સોંગનો અદ્ભૂત સમન્વય જોવા મળ્યો હતો. દરેક રજૂઆત એક અલગ જ કલાત્મક અનુભવ

કરાવનાર હતી. કુલ ૧૨ ટીમના ૨૪ વિદ્યાર્થીઓએ પોતાની કલા, સુર અને તાલ સાથે સ્પર્ધામાં ભાગ લઈને મંચ ધ્રુજાવ્યું હતું. સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓએ પોતાની કલા, ટીમવર્ક અને કૌશલ્યને વિકસાવવાનો હતો. કાર્યક્રમના અંતે નિર્ણાયકશ્રી મુકુંદ કાપડીયા અને શ્રીમતી ચંદા કાપડીયાએ પરિણામ જાહેર કર્યું હતું. સ્પર્ધાના પરિણામ સ્વરૂપે પ્રથમ ક્રમાંક પાયલ શિવાઆસરે સૈની અને શિવાની રાજકુમાર કૈલાશ, દ્વિતીય ક્રમાંક પૂજા વિશ્વાસ અને શ્રુતિ ચૌહાણએ પ્રાપ્ત કર્યો હતો. અત્યંત સુરમય સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં નેતૃત્વમાં અને બી.કોમ. કૉ–ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાણી અને પ્રા. સુનિતા યાદવના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## BISના મહત્વ બાબતે સેમિનાર




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૩/૦૧/૨૦૨૫ને ગુરુવારે ભારતમાં Bureau of Indian Standards (BIS) મહત્વ વિષય પર સેમિનારનું આયોજન કરેલ હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રી નીતિનભાઈ દોરીયા (Standards Promotion Officer) ઉપસ્થિત રહી BIS અને તેના વિવિધ માનકો જેમકે, ISI, ISO, CRS, Hallmark વિશે વિસ્તૃત સમજ આપી હતી. બી.બી.એ.નાં કુલ ૩૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આમંત્રીત મહેમાનોના, તમામ સ્ટાફ, તેમજ તમામ વિદ્યાર્થીઓનો આભારમાની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ટ્રાફિક અવેરનેશ સપ્તાહની ઉજવણીનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૪/૧/૨૦૨૫નાં રોજ એન.એસ.એસ. વિભાગ તથા અમરોલી પોલિસ સ્ટેશનના સંયુકત ઉપક્રમે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે પોલિસ સબઇન્સ્પેકટરશ્રી કામલીયા અને શ્રી બી.એ.ભાંભર (હેડકોસ્ટેબલ) તેમજ અન્ય પોલીસ સ્ટાફ સભ્યો હાજર રહી વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. જેમાં ટ્રાફિકની સમસ્યા, સિગ્નલસ તેને નિવારવાના ૦૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ટ્રાફિક અવેરનેશ સપ્તાહની ઉજવણી અંતર્ગત ઉપાયો, એક જાગૃત નાગરિક તરીકે શું કરવું જોઈએ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓની ટ્રાફિક કંટ્રોલમાં શું ભૂમિકા હોઇ શકે એ વિશે માર્ગદર્શન આપયું. ટ્રાફિક સમસ્યામાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ સહયોગ કરશે એવી વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી. ૦૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ટ્રાફિક અવેરનેશ સપ્તાહની ઉજવણી એન.એસ.એસ.નાં કુલ ૧૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર જ્યોતિકા ટેલર દ્વારા સંપન્ન થયો.





## રકતદાન શિબિરનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો. વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, લાયન્સ કલબ ઓફ સુરત (ઇસ્ટ), સુરત રકતદાન કેન્દ્ર અને રીસર્ચ સેન્ટર, જમાહ બેંક, ફેમીલી ફિઝીશયન એસોસિએશન (FPA) સુરત, સંતોશ વુમન્સ કેર હોસ્પિટલ અને IVF સેન્ટર અને અમરોલી પોલીશ સ્ટેશનનાં સહયોગ અને સંયુકત ઉપક્રમે તા. ૨૫/૧/૨૦૨૫નાં રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી વ્યવસ્થાપક કમિટીનાં સભ્યશ્રી સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ અને સોલંકીની સ્મરણાર્થ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ એન.સોલંકીના સુપુત્ર ડૉ. ભવ્યેશ સોલંકી

અને જીવન જ્યોત ટ્રસ્ટનાં માનંદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે હાજરી આપી હતી. પ્રા.ડૉ.ચક્ષુ મહેન્દ્રભાઈ સોલંકી દ્વારા દિપ પ્રાગટય કરી રકતદાન શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. ડૉ. ભવ્યેશ સોલંકી, આચાર્યશ્રી, કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ રકતદાન કર્યુ. રકતદાન શિબિરના અંતે કુલ ૬૨ બોટલનું રકતદાન એકત્ર થયું હતું. આ તમામ રકતદાતાને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. જ્યોતિકા ટેલર, ડૉ. પ્રદીપકુમાર લેંકાભ અને તમામ કૉલેજ સ્ટાફના સહકારથી સફળતા પૂર્વક યોજી શકાયો હતો.





## ૭૬માં પ્રજાસત્તાક પર્વ–ગણતંત્ર દિનની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી. બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૬/૧/૨૦૨૫નાં રોજ ૭૬માં પ્રજાસત્તાક પર્વ–ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી વીલ્કી તમાકુવાલા (સી.એ.) જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે, ૬ ગુજરાત બટાલિયન આર્મી ઓફિસર નાયક શ્રી રાહુલસર, સુબેદારશ્રી ઇશ્વર સિંગ તેમજ શાળાના આચાર્ય દિલીપભાઈ પરમાર અને અંજનીબેન જાની હાજર રહ્યા હતા. એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ પરેડ કરી મહેમાનોને ધ્વજા રોહણ માટે આમંત્રિત કર્યા હતા. ૭૬માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મહેમાનોએ પ્રસંગોચિત ઉદ્બોધન આપ્યું હતું. શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી દરેકના મન–મોહી લીધા હતા. કાર્યક્રમના અંતે નેશનલ કેમ્પ પૂર્ણ કરનાર એન.સી.સી કેડેટ કગફ કિષ્ના ડાવરા, વગફ ત્વીસા સાંકડાસરિયાનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. પ્રદીપકુમાર લેંકા, હતફ ડૉ અનિલા પિલ્લાઈ અને શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સહકારથી સફળતાપૂર્વક યોજી શકાયો હતો.

## સાયન્સ ઇવેન્ટ Mind IT-2025નું આયોજન









જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ, વી.એલ.શાહ.કૉલેજ ઑફ કોમર્સ , સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૮/૦૧/૨૦૨૫નાં રોજ બી.સી.એ. બી.સી.એ.(વિન્ટર) અને બીએસ.સી. ડેટા સાઈન્સની ઇવેન્ટ Mind IT-2025નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૦૯ ગેઇમ્સ જેવી કે IT Ladders, DB Standoff, Quizzy Braniacs, Code Mania, Hack N'Ready, Logic Lord's, Innoventure, Smash, Heatless Harmony રાખવામાં આવી હતી. Mind IT-2025માં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૨૫ કૉલેજો અને ૩ જેટલી પ્રાઈવેટ વિશ્વવિદ્યાલયના ૩૮૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ઇવેન્ટમાં ભાગ લીધો હતો. Mind IT-2025 ઇવેન્ટ દરમ્યાન કૉલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં શરૂ થનાર B.C.A. AI અંતર્ગત AI DOMEનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં AI ના લાઈવ પ્રોજેક્ટ, સ્લાઈડ શો અને AI થી વિવિધ ઉપકરણો કેવી રીતે કામ કરે છે, તે અંગે ૩૦૦૦ વિદ્યાર્થીઓએ સમજ મેળવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે ડૉ. કિશોરકુમાર ચાવડા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત), શ્રી કાનજીભાઈ ભાલાળા, જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ અને ઉપપ્રમુખશ્રી ગિરધરગોપાલ મુન્દ્રાજી, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને અનુજભાઈ શાહ હાજર રહી વિદ્યાર્થીઓની ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી માર્ગદર્શન હેઠળ બી.સી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, ઇવેન્ટ કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાલા અને પ્રા. હિતેશ પી. પટેલ તેમજ કૉલેજનો સ્ટાફ સભ્યો તથા બી.સી.એ., બી.સી.એ. (વિન્ટર) અને બી.એસસી. ડેટાનાં વિદ્યાર્થીઓ (સ્વયંસેવકો) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટીફિકેટ તેમજ દરેક સ્પર્ધાકોને ઇ–સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્ય હતા.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### એ.વી.પટેલ કોમર્સ કૉલેજનું ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત હેન્ડબોલ ભાઈઓનું સિલેકશન કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી મુકામે યોજાઈ હતી, જેમાં વિવિધ કૉલેજના ૪૨ જેટલા ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો જેમાં આપણી કૉલેજનો એફ.વાય.બી. કોમમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પટેલ નિકેશ દીપકભાઈનું વિશ્વવિદ્યાલય હેન્ડબોલ ટીમમાં સિલેકશન થઈ ગયું છે. આ સિદ્ધિ બદલ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા. વષાબેન રાણાએ ખેલાડીને તેમજ કૉલેજના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. સોનલ વસાવાને અભિનંદન પાઠવ્યા છે. અને આવનારા સમયમાં ખૂબ સારું પ્રદર્શન કરીને આગળ વધે એવી શુભેચ્છા પાઠવી હતી.

### ગુજરાતમાં પ્રથમવાર વિશ્વવિદ્યાલય ઇન્ટર કૉલેજીએટ હોકી ૫ સાઈડ બહેનોની ટુર્નામેન્ટનું આયોજન





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ ૫ સાઈડ હોકી બહેનોની ટુર્નામેન્ટ એ.વી. પટેલ કૉલેજ બીલીમોરાના યજમાન પદે તા. ૧૦/૧/૨૦૨૫ના રોજ રમાડવામાં આવી હતી. આ ટુર્નામેન્ટ સૌ પ્રથમવાર વિશ્વવિદ્યાલય અને ગુજરાત માં બંધ બાઉન્ડ્રી સાથે રમાડવામાં આવી છે જેમાં રેગ્યુલર હોકીમાં ૧૧ ખેલાડી રમાડવામાં આવે છે ૯૧.૪૦ મીટર લંબાઈ, ૫૫ મીટર પહોળાઈ દ્વારા મળવામાં આવે છે જ્યારે ફાઈવ સાઈડ હોકી સ્પર્ધામાં ૫ ખેલાડી અને ૪૮ મીટર બાય ૩૧.૭૬ મીટરના મેદાનમાં રમાડવામાં આવે છે અને મેદાનની ફરતે ૧૦ થી ૨૫ મીટરના પાટિયા મારી મેદાની બાઉન્ડ્રી બંધ કરી બોલને રીબાઉન્ડ લઈ રમી શકાય છે હોકી ૫ સાઈડ સ્પર્ધા હોકીની રમતને વધારે ફાસ્ટ બનાવવા માટે રમાડવામાં આવે છે. આ ટુર્નામેન્ટમાં મુખ્ય મહેમાન તરીકે પ્રાંત અધિકારી ડેપ્યુટી કલેક્ટર મિતેશ પટેલ, પી.આઈ.કેડી નકુમ સર ટુર્નામેન્ટના ઉદ્ઘાટક તરીકે શ્રી ડૉ કિરીટસિંહ વાસદિયા તથા અતિથિ વિશેષ તરીકે બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મંત્રીશ્રી જસ્મીનભાઈ દેસાઈ, સ્ટૅન્ડિંગ કમિટીના ચેરમેન ભરતભાઈ

અમીન પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમીન અધ્યક્ષ નરેશચંદ્ર નેમાણી એડ્વોકેટ સુશ્રી નમિતાબેન મહેતા, તેમજ જિલ્લા રમતગમત વિકાસ અધિકારી શ્રી અલ્પેશભાઈ પટેલે ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણા તથા સમગ્ર કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન તેમજ શુભેચ્છાઓ પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૭ ટીમો એ ભાગ લીધો હતો જેમાં ચેમ્પિયન ટીમ જે.પી.શ્રોફ આર્ટસ કૉલેજ, વલસાડ રહી હતી અને ઉપવિજેતા એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બની હતી સાથે બેસ્ટ સ્કોરર હળપતિ નેહાનગી, બેસ્ટ ડિફેન્ડર સંજના રાઠોડ, બેસ્ટ ગોલકિપર પટેલ હેતસ્વી. ટુર્નામેન્ટનું સંપૂર્ણ આયોજન મેજર ડૉ. ભાવેશ દેવતા તથા સબ લેફટનન્ટ ડૉ. સોનલબેન વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. હિતેશ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગ્રુપ ક્વિઝ કોમ્પીટીશન




એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય, તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીને માર્ગદર્શન મળી રહે, અને મોબાઈલ અને ટૅક્નૉલૉજીની દુનિયામાં વિદ્યાર્થીઓનો નૉલેજ પાવરફુલ બને એવા હેતુથી ગ્રુપ ક્વિઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને આ ક્વિઝ કોમ્પિટિશનને સફળ બનાવી હતી. અને આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ રોમાંચક તૈયારી બતાવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનું સમગ્ર સંચાલન પ્રા. હરમિત સિંગ સરદારે કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગ્રુપ–F રહ્યું હતું. જેમના વિજેતા પવાર રોહન, પટેલ ફેનીલ, તાદે હેમંત (FY DIV-3), જ્યારે ગ્રુપ A, ઉપવિજેતા રહ્યું હતું. જેમાં ગીતાંજલિ, ખુશ્બુ અને સુહાની જેમનો દેખાવ પણ આકર્ષક હતો. (FY DIV-3), આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની ઉત્સાહ વધારવા અન્ય સ્ટાફ સભ્યો પણ જોડાયા હતા. અંતે આભારવિધિ પ્રા. તેજલ બેન ટંડેલ એ કરી હતી અને સૌના સહકારથી આ સ્પર્ધા પૂર્ણ થઈ.

## મને ગમતું પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગ ઉપક્રમે "મને ગમતું પુસ્તક વાર્તાલાપ" યોજવામાં આવ્યો હતો. સારા પુસ્તકોનું વાંચન માનવીને સદ્કર્મ, સદ્ભાવના અને સદ્વિચારથી સમૃધ્ધ બનાવે છે. રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ વધુ સભાન બને તેવા આશયથી મને ગમતું પુસ્તક વાર્તાલાપ નિયમિત રીતે યોજવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના અધ્યાપકોએ હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.



## NSS ખાસ શિબિર



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજના એન.એસ.એસ.યુનિટ દ્વારા ચીખલી તાલુકાના સુંથવાડ ગામ ખાતે સાપ્તાહિક ખાસ શિબિરનું આયોજન થયું હતું. એ.વી.પટેલ કોમર્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા સુંથવાડ ગામની વૃંદાવન ઉત્તર બુનિયાદી શાળામાં તારીખ ૨૨ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરીર ૨૦૨૫ દરમિયાન યોજાયેલ આ સાત દિવસીય શિબિર અંતર્ગત થયેલ વિવિધ પ્રવૃત્તિમાં શાળાઓ, ગ્રામ પંચાયત તેમજ મંદિરના પ્રાંગણની સાફ સફાઈ, વૃક્ષારોપણની કામગીરી હાથ ધરાઈ હતી. કેમ્પસમાં જોડાયેલ કૉલેજના સ્વયંસેવકો દ્વારા ગામના લોકોનો અવાર નવાર સંપર્ક સાધી સાંસ્કૃતિક કાર્યક્રમ, શેરી નાટક તેમજ રેલી યોજી કુટુંબ નીયોજન, અંધશ્રદ્ધા નિવારણ, વ્યસનમુક્તિ અંગે સંદશા પાઠવવામાં આવ્યા હતા. શિબિરાર્થીઓ દ્વારા સ્થાનિક લોકોનો

આર્થિક અને સામાજિક પરિસ્થિતિ અંગેનું સર્વેક્ષણ હાથ ધરાયું સાથે સાથે તેમને વિવિધ સરકારી યોજનાઓ બાબતે પણ માહિતગાર કરવામાં હતા. ઉપરાંત કેટલાક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરી મનોરંજન પુરું પાડી સંસ્કૃતિનું જતન થાય તેવા પ્રયત્નો પણ હાથ ધરાયા હતા. સ્વાસ્થ્ય જાગૃતિ બાબતે પ્રચાર કરી મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ડાયાબિટીસ, સિકલ સેલ જેવી બીમારીઓ અંગેની તપાસ અને નિદાન કરી તે અંગે જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ ઉપરાંત વિષયોની માહિતગાર થાય તે માટે અલગ અલગ વિષયો પર વ્યાખ્યાનો યોજાયા હતા. ઇન્ચાર્જ આચાર્ય શ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન મુજબ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ પચ્ચીગર અને પ્રા. પૂજા વાઘેલાના નેતૃત્વ હેઠળ સફળ રીતે યોજાયેલ આ સાપ્તાહિક શિબિરના અંતે સ્વયંસેવકોની અનુભૂતિ મુજબ તેમનામાં સામાજિક ભાવના, સંયમ, શિષ્ટતા, સમય સંચાલન અને આત્મવિશ્વાસ જેવા ગુણોનો વિકાસ થયો હતો.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### CNK- Fest 2024-25 (Annual Cultural Program) Reporting




On 4th January 2025, C. N. Kothari Homoeopathic Medical College & Research Center Organised “CNK- Fest 2024”, Annual Cultural Program.

The program commenced by lighting lamp and offering floral tribute to Maa Sarasvati, Lord Natraj and Master Hahnemann. Management and trustees, Shree Dr Kanaiyalal Desai (President of Aruna Anil Vyara pradesh Vikas Pratisthan); Shree Shirishbhai Pradhan (Vice President); Shree Nikhilbhai shah (Secretary); Shree Dahyabhai Patel (Treasurer); Shree Chiragbhai Kothari (trustee); Shree Hashmukhbhai Shah (invet. Trustee); Shree Dr. Ajay Desai (Trustee & Hon. Chief Executive Director of College) were present in this event. They are welcomed and Felicitated with flowers by Principal Dr. Jyoti Rao, Members of Co-curricular committee and staff of the college. Program started with Welcome speech followed by speech on the occasion of the day by trustees. Followed by awarding the Ranker students of the college and all class representatives (LR and CR).

Dr Jyoti Rao Felicitated Dr Ajay Desai with flowers as he is being appointed as Dean, faculty of Homoeopathy at VNSGU, Surat, Chairman of Para-Clinical board of studies in faculty of Homoeopathy VNSGU, Surat; and recently he is designated as one member of Committee for clinical establishment act for Tapi district(The representative concerned with Homeopathy) appointed by health and family welfare department Gandhinagar.

After this program was started with Lord Ganesh Vandana, which followed by series of performances by Students of all years as well as staff of the college. The whole event was Anchored by Student of 4th year Jignyasa Ahire, 3rd year Jeel Trivedi, Dhruvi Pathak and 1st year Dhruvi Rohit. Towards the conclusion of the event Co-curricular committee Head and all the members of the committee were Felicitated with flowers by Principal Dr. Jyoti Rao, for their tireless hardwork and contribution, which made this event successful. The program concluded with dinner.

This whole event was carried out by Dr. Dhruni Gavli Head of Activity Committee and her team under guidance of Dr. Jyoti Rao.

### Republic Day Celebration - 2025




C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara enthusiastically celebrated 76th Republic Day. All invitees gathered in college campus for flag unfurling. 3rd year BHMS student Ghevariya Kaushal Bharatbhai Escorted the Chief Guest & marched towards the Flag. Flag was unfurled by Trustee Shri. Keyurbhai Shah. Then the Chief Guest of the day delivered a short patriotic speech. After that Principal Dr. Jyoti R. Rao addressed the doctors and students to make more and more progress for the betterment of the country and the name of the Institution.

The anchoring of this Programme was done by 4th BHMS student Jignyasa Ahire. Then all dispersed after taking sweets. This program was conducted by the Activity Committee under the guidance of Principal Dr. Jyoti R. Rao.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે નિષ્ણાંત વ્યાખ્યાન




નવયુગ કોમર્સ કૉલેજ ખાતે આચાર્ય ડૉ. વિનોદભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ ડિપાર્ટમેન્ટ ઑફ ઍકાઉન્ટન્સી અને કોમર્સના સંયુક્ત ઉપક્રમે એમ.કોમ. સેમ–૪ ના વિદ્યાર્થીઓ માટે નિષ્ણાંત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાડિયા વિમેન્સ કૉલેજના નિવૃત્ત અધ્યાપક ડૉ. ભરતભાઈ બી. ભંડારી વિશિષ્ટ વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ફાઈનાન્સિયલ અને મૅનેજમેન્ટ ઍકાઉન્ટ વિષયનું ઊંડાણપૂર્વક જ્ઞાન પુરું પાડવો તેમજ પરીક્ષામાં પૂછાતા વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાનું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બ્રિજેશ એસ. પટેલ અને ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને ઍકાઉન્ટન્સીના તમામ અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ નિષ્ણાંત વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓને ઍકાઉન્ટન્સી વિષયમાં માર્ગદર્શન મેળવી પોતાની શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દીને મજબૂત બનાવવાનો અવસર મળ્યો હતો.

### વિદ્યાર્થીઓને બૅંકની કામગીરી અને સેવાઓ અંગે શૈક્ષણિક મુલાકાત




નવયુગ કોમર્સ કૉલેજમાં NEP-2020 અંતર્ગત આપવામાં આવતા બૅન્કિંગ વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રાસંગિક જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટિવ બૅંક લિ ની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ માટે બૅન્કિંગ સેવાઓ અને તેની દૈનિક કામગીરીને નજીકથી સમજવાનો હતો. વિદ્યાર્થીઓને બૅંકના વિવિધ વિભાગો તેમજ લોકર્સ વિશે પ્રત્યક્ષ માહિતી બેન્કના કર્મચારીઓ દ્વારા પૂરી પાડવામાં આવી તેમજ ખાતાના પ્રકારો, ઓનલાઈન બેન્કિંગ, લોન રોકાણ વગેરે વિષયો પર પણ બેંકના કર્મચારીઓ સાથે સીધી ચર્ચા કરવાની વિદ્યાર્થીઓને તક મળી હતી. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રદ અને પ્રેરણાદાયી બની. આ મુલાકાતનું સફળતાપૂર્વક સંચાલન શૈક્ષણિક પ્રવાસ કમિટીના સભ્યો શ્રી છગન અસારીયા, ડૉ. રૂપેશ દવે, ડૉ. કૃણાલ ખેંગાર અને ડૉ. પ્રિયંકા ફુલવાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમજ સુરત ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટિવ બૅંક લિ.ના શાખાના મૅનેજરશ્રી જીગ્નેશભાઈ જે. પટેલનું પણ મહત્વપૂર્ણ યોગદાન હતું.

### નવયુગ કોમર્સ કૉલેજમાં Cyber Awareness and Safety પર ગેસ્ટ લેકચરનું આયોજન




તા. ૧૭/૦૧/૨૦૨૪ના રોજ નવયુગ કોમર્સ કૉલેજમાં આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના ૮૬૬૬૯ અને સાઈબર ક્રાઈમ સેલના સંયુક્ત ઉપક્રમે "Cyber Awareness and Safety" વિષય પર વિશેષ ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્ય પ્રવકતા રાંદેર પોલીસ સ્ટેશનના પી.આઈ.આર.જે.ચૌધરી સાઈબર સલામતીના મૂળભૂત મુદ્દાઓ ડિજિટલ ડેટા સંરક્ષણ, મજબૂત પાસવર્ડ બનાવવાની રીત, ફિશીંગ ઇમેલ્સ અને સોશિયલ મીડિયા સલામતી અંગે નિવારણની રીતો સમજાવવામાં આવી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. અને તેને ખૂબ જ ઉપયોગી ગણાવ્યું કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. બ્રિજેશ પટેલ અને પ્રા. છગનભાઈ અસારીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધી એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રૂપેશ દવે દ્વારા કરવામાં આવી હતી.

### માર્ગ સુરક્ષા જાગૃતિ વિષયક સેમિનારનુ આયોજન

નવયુગ કોમર્સ કૉલેજમાં ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત 'મેરા યુવા ભારત' સુરત તથા જીલ્લા ટ્રાફિક શાખા, સુરત દ્વારા કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ 'માર્ગ સુરક્ષા

સપ્તાહ ૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે 'માર્ગ સુરક્ષા જાગૃતિ' વિષય પર એક મહત્વપૂર્ણ વ્યાખ્યાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફને માર્ગ સુરક્ષાના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી. આ કાર્યક્રમમાં મોટર વાહન અંગેના આસિસ્ટન્ટ ઇન્સ્પેકટર એન.એસ.પરમાર, રોડ સેફટી ટ્રેઇનર, આર.ટી.ઓ. ઑફિસ બ્રિજેશ વર્મા મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વકતાએ માર્ગ અકસ્માતોના ચિંતાજનક આંકડાઓ રજૂ કરી અને તમામ માર્ગ વપરાશકર્તા માટે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટેના અટકાવનારા પગલાઓ સમજાવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને માર્ગ સુરક્ષા માટે ટ્રાફિકના નિયમો વિશે પ્રાયોગિક જ્ઞાન આપવા માટે વિદ્યાર્થીઓને ટ્રાફિક સિગ્નલ પર લઈ જઈને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન માય ભારત કમિટીના સભ્યો ડૉ. મેહુલભાઈ શાહ, ડૉ. કૃણાલ ખેંગાર, ડૉ. ધરિત નાયક અને ડૉ. પ્રિયંકા ફૂલવાલા તથા તમામ શૈક્ષણિક સ્ટાફે કર્યું હતું. કાર્યક્રમનું સમાપન ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને તેમના સમાજમાં જાગૃતિ ફેલાવવા અંગેની પ્રતિજ્ઞા લઈને કરવામાં આવ્યું હતુ.




## રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૨૫ ની ઉજવણી

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ દ્વારા આચાર્ય ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૨૫/૦૧/૨૦૨૫ના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે કૉલેજના સેન્ટ્રલ હોલમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોમાં મતદાર તરીકેની જવાબદારી અને લોકશાહીના મહત્વ વિશે જાગૃતિ લાવવા હતો. જેની થીમ હતી "મતદાનથી વિશેષ કંઈ નથી, હું અવશ્ય મતદાન કરીશ" જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં શ્રી રવિ જાદવ કે જેઓ ચૂંટણી વિભાગ કલેકશન કચેરી, સુરતથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે લોકશાહીનું મહત્વ સમજાવતાં કહ્યું કે, "લોકશાહીનું બળ દરેક નાગરિકના મતમાં છે. મતદાન એક પવિત્ર કર્તવ્ય છે જે નાગરિકોને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવાની તક આપે છે." કાર્યક્રમનની શરૂઆત મતદાર શપથ ગ્રહણથી કરવામાં આવી હતી જે એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા લેવડાવવામાં આવી હતી. જેમાં શપથ લીધી હતી કે તેઓ જવાબદાર મતદાર તરીકે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી દેશના લોકશાહી તંત્રને મજબૂત બનાવશે. ઉત્સાહ વધારવા માટે રાષ્ટ્રીય, મતદાર દિવસ વિષય પર પોસ્ટર બનાવટની સ્પર્ધા પણ યોજાઈ હતી. જેનો વિષય 'લોકશાહી અને મતદાનનું મહત્વ' હતો. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની સર્જનશીલતા દર્શાવી, નવનવાં વિચારો સાથે લોકશાહીનું મેસેજ આપતા રંગીન પોસ્ટરો તૈયાર કર્યા. દકકના પ્રોગ્રામ ઑફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા તેમજ ડૉ. રૂપેશ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામા આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઇનામ આપવામાં આવ્યા હતા.




## નવયુગ આર્ટસ કૉલેજ, સુરત.

## નવયુગ આર્ટસ કૉલેજનો વિદ્યાર્થી માલી વરૂણનો ૫૧માં રાણી દુર્ગાવતી ખેલકૂદમાં લાંબી કુદમાં ગોલ્ડ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ૫૧મો રાણી દુર્ગાવતીની ખેલકૂદ રમતોત્સવનું તા. ૨૧/૦૧/૨૦૨૫ થી તા ૨૪/૦૧/૨૦૨૫ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૩૪ જેટલી કૉલેજોનાં યુવાનો યુવતીઓએ ભાગ લીધો હતો. જેમાં નવયુગ આર્ટ્સ કૉલેજમાંથી ૧૫ જેટલા ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં F.Y.B.A.Sem-2માં અભ્યાસ કરતા માલી વરુણે પોતાનો ઉત્કૃષ્ઠ દેખાવ કરી ૬.૮૧ મીટર જમ્પ કરી ગોલ્ડ મેડલ મેળવી વિશ્વવિદ્યાલય ટીમમાંથી ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય, ભુવનેશ્વર–ઓરિસ્સા મુકામે રમવા ગયો હતો. આ ગૌરવ બદલ આચાર્ય ડૉ. સાધનાબેન પટેલ તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપિકા ડૉ. સુનિતાબેન વારલી તેમજ કૉલેજ પરિવાર અભિનંદન આપી ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી

નવયુગ આર્ટસ કૉલેજમાં શિક્ષણ અભ્યાસ કરતાં ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થી દોશી આયુષકુમાર અશોકભાઈ એ સંસ્કૃત ભાષામાં પોતાની મહેનત અને રચનાત્મકતાથી પોતાની નવયુગ કૉલેજ માટે ગીતની રચના કરી છે. આ અનોખી અને પ્રેરણાદાયી રચનાની રજૂઆત ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કૉલેજના ગણતંત્ર દિવસના કાર્યક્રમ દરમિયાન કરવામાં આવી હતી. આ ગીતને પ્રસ્તુત કરીને આયુષભાઈએ શ્રોતાઓને સંસ્કૃત ભાષાની મહિમાને નવેસરથી અનુભવાવીને સંસ્કૃત ભાષાને ગૌરવ અનુભવવાનો મોકો આપ્યો હતો.નવયુગ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ અને ફેકલ્ટી મેમ્બર્સે આ યોગદાનની પ્રશંસા કરી હતી અને દોશી આયુષકુમારના શૈક્ષણિક અને સાહિત્યક યોગદાનને સરાહ્યુ છે. આ અવસરે વિદ્યાર્થીઓ અને અભ્યાસકર્તાઓને પણ આ રચનાથી પ્રેરણા મળી છે. આ ઉલ્લેખનીય ઘટના સંસ્કૃત ભાષાના પુનરુત્થાન અને આજની પેઢીને તેમની સંસ્કૃતિક ધરોહર પ્રત્યે કૃતજ્ઞ બનવા માટે પ્રોત્સાહિત કરે છે.

## અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજ, વેસુ, સુરત.

## સૂટ એન્ડ સાડી ડેનું આયોજન




અગ્રવાલ વિધા વિહાર ઈંગ્લીશ મીડીયમ કૉલેજમાં 'સૂટ એન્ડ સાડી ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓએ સૂટ અને સાડી પહેરીને ડાન્સ, માઈમ ડાન્સ તેમજ રોમ્પ વોક કર્યું હતું. જેમાં રેમ્પ વોક સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમ નિશાંત રણછોડભાઈ, દ્વિતીય ક્રમ જિગ્નેશ ડોબારિયા તેમજ વિદ્યાર્થિનીઓમાં પ્રથમ ક્રમ મહેક ધોરાવાલા, અને દ્વિતીય ક્રમ નિહીરા અગ્રવાલે પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત યુગલમાં પ્રથમ ક્રમ શ્રેયાન પટેલ અને આંચલ શેખાવત તેમજ દ્વિતીય ક્રમ મીત કાચરિયા અને નુપુર ઉપાધ્યાયે પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. નિકિતા અગ્રવાલ, પ્રા. હેતલગીરી મેહતા અને પ્રા. સિમરન ગંગવાનીએ કર્યુ હતું. નિર્ણાયક તરીકે સોનલ ગંગવાની અને શાલિની ભાટિયાએ ભૂમિકા ભજવી હતી. અગ્રવાલ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆના હસ્તે વિજેતાઓને ઇનામ અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## કાવ્યોત્સવ–કવિઓ સાથે એક સંધ્યા યોજાયો

સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજમાં 'કાવ્યોત્સવ–કવિઓ સાથે એક સંધ્યા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાવ્યોત્સવમાં વિવિધ ખ્યાતનામ કવિઓએ તેમના રચનાત્મક કાવ્યો દ્વારા ભાવવિભોર પળો સર્જી હતી. આ કાર્યક્રમના વિશેષ આકર્ષણરૂપે કવિયત્રી પ્રજ્ઞા વશી, કવિ કિરણસિંહ ચૌહાણ, હિન્દી કવિ શાહજહાં શાદ, કવિયત્રી પ્રો. શિવાંગી સેઠી અને કવિયત્રી ડૉ. હેતલ ચૌશાણ એ કાવ્યાત્મક માહોલ સર્જ્યો હતો. આ કાર્યક્રમમાં ઘણી મોટી સંખ્યામાં વિવિધ સંસ્થાના પ્રાધ્યાપકો, ચીફ ઍડવાઈઝર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, તેમજ કૉલેજના પ્રાધ્યાપકો, અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને તેમની કવિતાઓને રસાસ્વાદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. કિષ્ના શાસ્ત્રી અને પ્રા. શૌર્ય શાહે કાર્યુ હતું.



## વિશ્વવિદ્યાલય ક્રિકેટ ટીમમાં સંદગી

અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડિયમ કૉલેજ, વેસુ, સુરતના વિદ્યાર્થી મોહિત રાણાની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વેસ્ટ ઝોન ઇન્ટર ક્રિકેટ ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. તેઓ રાજપુર (કોટા) ની જય મીનેશ આદિવાસી વિશ્વવિદ્યાલયમાં વેસ્ટ ઝોન ઇન્ટર વિશ્વવિદ્યાલય ટુર્નામેન્ટમાં ક્રિકેટ ટીમના ખેલાડી તરીકે રમશે.તેમના કોચ લેફ્ટનન્ટ જીગર ચાવડા, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના તમામ પ્રાધ્યાપકો તરફથી આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અભિનંદન.



## પુસ્તક પરિચય સ્પર્ધા





સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજમાં પુસ્તક પરિચય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ કનિષ્કા જૈન, દ્વિતીય ક્રમ યાદવ સવિતા અને શુકલા ખુશી, તૃતીય ક્રમ પરમાર શિવાની અને યશરાજ સોલંકી એ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં અગ્રવાલ કૉલેજના ચીફ ઍડવાઈઝર ડૉ. યુ.ટી. દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, તેમજ કૉલેજના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક પ્રાધ્યાપક CA પૂજન કાપડિયા અને પ્રાધ્યાપક શૌર્ય શાહ હતા. તેમજ સ્પર્ધાના આયોજન ગ્રંથપાલ ડૉ. તૃપ્તિ વાંસિયા, પ્રાધ્યાપક સોનલ અગ્રવાલ અને પ્રાધ્યાપક ડૉ. કુંજલ મહેતા હતા.

## વિશ્વવિદ્યાલય ક્રિકેટ ટીમમાં પસંદગી



અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, વેસુ સુરતની વિદ્યાર્થીની વિશાખા પરીખની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વેસ્ટ ઝોન ઇન્ટર ક્રિકેટ ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. તેઓ વેસ્ટ ઝોન ઇન્ટર વિશ્વવિદ્યાલય ટુર્નામેન્ટ બનાસ્થાલી વિદ્યાપીઠ, ઉદયપુર, રાજસ્થાન ખાતે રમશે. વિદ્યાર્થીનીની આ ઉત્તમ ઉપલબ્ધિ બદલ વિદ્યાર્થીની અને તેમના કોચ લેફ્ટનન્ટ જિગર ચાવડાને ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના તમામ પ્રાધ્યાપકો તરફથી આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અભિનંદન.

## પતંગોત્સવની ઉજવાણી



વેસુની અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લીશ મીડીયમ કૉલેજના પ્રાંગણમાં ઉત્તરાયણ નિમિત્તે એ સંસ્કૃતિક ઉત્સવના ભાગરૂપે પતંગબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પતંગ ઉડાડી આનંદ અને ઉલ્લાસ સાથે સંગીતનો આનંદ માણ્યો હતો. કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના તમામ લેક્ચરર્સ હાજર રહ્યા હતા.

## ગૌરવ



અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ , વેસુના વિદ્યાર્થી વિકાસ વિશ્વકર્માએ ઓરો વિશ્વવિદ્યાલય દ્વારા ૭૬મા ગણતંત્ર દિવસ નિમિત્તે આયોજિત 'તરંગ ૨૦૨૫ : વાદ્ય સંગીત સ્પર્ધા'માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કૉલેજને ગૌરવ અપાવ્યું છે. વિદ્યાર્થીની આ શ્રેષ્ઠ સિદ્ધિ માટે ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સારાવગી, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના તમામ વ્યાખ્યાતાઓ દ્વારા વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારી.

### યોગ સંવાદ કાર્યક્રમ



નવસારીની સુપ્રસિદ્ધ એસ.બી.ગાર્ડા કૉલેજનાં આઈ.ક્યુ.એ.સેલ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે 'યોગ સંવાદ' કાર્યક્રમમાં નવસારી જિલ્લાના યોગ કૉ–ઓર્ડિનેટર શ્રીમતી ગાયત્રીબેન તલાટી અને જિલ્લા યોગ કોચ શ્રી કલ્પેશભાઈ પ્રજાપતિના વ્યાખ્યાનનું ૦૨/૦૧/૨૦૨૫ના રોજ યોગનાં મહત્વ વિશે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરનાં માર્ગદર્શન હેઠળું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત શ્રુતિ, મયુરી, અને અંજલિ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને યોગ અંગે મહત્વની બાબતો જણાવી હતી. આ કાર્યક્રમના મુખ્ય વકતા શ્રીમતી ગાયત્રીબેન તલાટીએ વક્તવ્ય દરમિયાન યોગ સંવાદ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું તથા જિલ્લા યોગ કોચ શ્રી કલ્પેશભાઈ પ્રજાપતિએ જીવનમાં યોગ અંગે વિસ્તૃત સમજૂતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નયનકુમાર ગુજ્જાએ કર્યું હતું. તેમજ આભારવિધિ શ્રી રાઘવેન્દ્ર સિંગે કરી હતી. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ પણ શુભેચ્છા પાઠવી હતી.

### Short Video Making Competition On News Reading સ્પર્ધા



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગ તથા આઈ.ક્યુ.એ. સેલના સંયુકત ઉપક્રમે તા. ૦૬/૦૧/૨૦૨૫ ના રોજ 'Short Video Making Competition On News Reading' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી તથા આઈ.ક્યુ.એ. સેલના કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ તથા અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ. રાધા ગૌતમ તથા અંગ્રેજી વિભાગના અધ્યાપિકા ડૉ. નેહા હરિયાણી, કુ. વૃષ્ટિ પટેલ અને કુ. હિરલ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો યોગ્ય માર્ગદર્શન આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે અધ્યાપિકા કુ. જ્યોતિ કાંજાની તથા કુ. પૂજા ઇંગોલે ઉપસ્થિત રહી નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. તેમાં પ્રથમ ક્રમે વિજેતા યશ રાઠોડ, દ્વિતીય ક્રમે શિવાંશ સોની તેમજ તૃતીય ક્રમે વિકાસ શર્મા વિજેતા જાહેર થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. એષા રાઠોડ અને આભારવિધિ અધ્યાપિકા કુ. વૃષ્ટિ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

### સરપ્રાઈઝ કિવઝ કોમ્પીટીશન




નવસારી શહેરમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી જૂની અને પ્રતિષ્ઠિત ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર નાં અધ્યક્ષપણાં અને માર્ગદર્શન હેઠળ કૉલેજનાં એમ.કોમ. સેમેસ્ટર ૨ અને ૪નાં વિદ્યાર્થીઓ માટે કૉલેજનાં ઍકાઉન્ટન્સી વિભાગ અને I.Q.A. સેલ દ્વારા આજરોજ તા. ૦૪/૦૧/૨૦૨૫ને શનિવારના રોજ 'સરપ્રાઇઝ કિવઝ કોમ્પીટીશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કોમલ શ્રીમલ્લા દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી. સ્પર્ધામાં કૉલેજના ઉપાચાર્યશ્રી અને એકાઉન્ટન્સી વિભાગનાં અધ્યક્ષ ડૉ. હિતેષ જે. પટેલે પણ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતા. પ્રા. રિધ્ધિ કે. લાડે વિદ્યાર્થીઓને સ્પર્ધાનાં નિયમો વિશે માહિતગાર કાર્ય હતા. આ "સરપ્રાઇઝ કિવઝ કોમ્પીટીશન"માં કુલ ૧૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર

ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જેમાંથી પ્રથમ ક્રમે પ્રજાપતિ પાયલ (એમ.કોમ.સેમ.–૪) દ્વિતીય ક્રમે લાડ માનસી (એમ.કોમ.સેમ.–૪) અને તૃતિય ક્રમે પરમાર વિશાખા (એમ.કોમ.સેમ.–૨)ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમને ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર દ્વારા ઇનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. રેઝશ આર. મિસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી. અંતે ડૉ. હિતેષ જે. પટેલ કાર્યક્રમને સફળ બનાવનાર તમામ ફેકલ્ટી મેમ્બર પ્રા. દિવ્યા એસ. લહામગે, પ્રા. પૂજા કે. ઈંગોલે તેમજ તમામ વિદ્યાર્થીઓનો અને કૉલેજ પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. ગાર્ડા કૉલેજનાં ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ વિજેતાઓને શુભેચ્છા આપવામાં આવી હતી.

## 'ભીતરના ભેરુને સંગાથી બનાવીએ' અંતર્ગત શ્રી અજયકુમાર બારોટનું વ્યાખ્યાન




નવસારીની લોકલાડિલી અને વિદ્યાર્થી પ્રિય એક માત્ર ગાર્ડા કૉલેજમાં ગુજરાતી વિભાગ અને આઈ.કયુ.એ. સેલના સંયુકત ઉપક્રમે તા. ૦૮/૦૧/૨૦૨૫ ના રોજ "ભીતરના ભેરુને સંગાથી બનાવીએ" (સર્જન પ્રક્રિયા સંદર્ભે) વિષય પર નિવૃત્ત વિસ્તરણ અધિકારી, તાલુકા પંચાયત નવસારીના શ્રી અજયકુમાર બારોટનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત શ્લોક ગાનથી થઈ હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વકતાશ્રી અજયકુમાર બારોટનું પુષ્પગુચ્છ, સ્મૃતિ ભેટ તેમજ શાલ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને સર્જનપ્રક્રિયા અંગે સંબોધન કર્યું હતું. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, કૉલેજના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. "ભીતરના ભેરુને સંગાથી બનાવીએ" વિષય પર શ્રી અજયકુમાર બારોટે પોતાના મૌલિક વિચારો રજૂ કરી પોતાની સ્વરચિત કવિતાઓ સુંદર શૈલીમાં રજૂ કરી હતી. એમના વકતવ્યમાં સ્વને સંગાથી બનાવીને જીવનમાં ધારેલા મુકામ પર પહોંચી શકાય છે. જીવનની સાર્થકતા માટે સ્વને જાણી, સ્વને ચાહીને આનંદિત જીવન જીવી શકાય છે અને સાથે સાથે આપણે સર્જન યાત્રાને પણ આકાર આપી શકીએ. આ કાર્યક્રમમાં કુલ ૧૬૮ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. ઉર્વિકા પટેલે અને આભાર દર્શન શ્રી રાઘવેન્દ્ર સિંગે કર્યું હતું.

## મનોવિજ્ઞાન વિભાગની વૃધ્ધાશ્રમની મુલાકાત






સમગ્ર નવસારી શહેરમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે શિરમોર સમી એસ.બી.ગાર્ડા કૉલેજના વિવિધ વિભાગોમાં વર્ષ દરમિયાન વિદ્યાર્થી વિકાસ હેતુ જુદી જુદી પ્રવૃતિઓનું સફળ આયોજન થતુ રહે છે. આ કૉલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ગત તા. ૦૪/૦૧/૨૦૨૫ના રોજ વૃધ્ધાશ્રમની સફળ મુલાકાત યોજવામાં આવી. ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી અને મનોવિજ્ઞાન વિભાગ અધ્યક્ષશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શક થકી વિદ્યાર્થીઓને વૃધ્ધ વડીલોના મનોવિશ્વને ઓળખવાની તક પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમ અનુસાર સવારે ૦૯:૧૫ કલાકે કાલિયાવાડી, સ્વપ્નલોક સોસાયટી ખાતે શ્રી ગુર્જર માનવ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.એન.ખાપરીવાલા વૃધ્ધાશ્રમ ખાતે જવા માટે પ્રયાણ કર્યું હતું. વિભાગના પ્રાધ્યાપક ડૉ. અશ્વિન શર્મા તથા શ્રીમતી તૃષાબેન વશી સાથે ૧૦૭ વિદ્યાર્થી ભાઈ–બહેનો જોડાયા હતા. દરેક વિદ્યાર્થીઓએ વૃધ્ધાશ્રમ ખાતે નિવાસ કરતા ૨૬ (છવ્વીસ) વડીલોની મુલાકાત લઈ પ્રશ્નોતરી કરી હતી. વિદ્યાર્થીઓ મળવા આવતા દરેક વડીલોએ ખૂબ ખુશી વ્યકત કરી આર્શીવાદ આપ્યા હતા. આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં ડૉ. અશ્વિન શર્મા, શ્રીમતી તૃષાબેન વશી, ટ્રસ્ટીશ્રી મગનભાઈ ચૌહાણ તથા દમયંતીબેને પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. આ સાથે વિદ્યાર્થીઓમાંથી પ્રિયાંશી પટેલ, હવની ટંડેલ, વિવેક પાંડે તથા વિધિ મૈસુરીયાએ પોતાની લાગણી રજૂ કરી હતી. વૃધ્ધાશ્રમના વડીલો, નરેશભાઈ (મૅનેજર) તથા પિયુષભાઈએ પણ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વડીલોને નાની પુસ્તિકાઓ તથા ચોકલેટ્સ અપર્ણ કરી, સદ્દભાવના વ્યકત કરી હતી. અંતે સૌ વૃધ્ધાશ્રમના સંસ્મરણો વાગોળતા ગાર્ડા કૉલેજમાં પરત ફર્યા હતા.

## ભારતીય સંસ્કૃતિ પોસ્ટર મેકિંગ મહોત્સવ



નવસારીની લોકલાડિલી અને વિદ્યાર્થી પ્રિય એક માત્ર ગાર્ડા કૉલેજમાં ગુજરાતી વિભાગ અનેનવસારીની સુપ્રસિધ્ધ એસ.બી.ગાર્ડા કૉલેજમાં સંસ્કૃત વિભાગ અને IQACનાં સંયુકત ઉપક્રમે તા. ૦૯/૦૧/૨૦૨૫ના રોજ 'ભારતીય સંસ્કૃતિ પોસ્ટર મેકિંગ મહોત્સવ' યોજાયો હતો. જેમાં ૩૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ મહોત્સવનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શકિત બહાર લાવવા માટે અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનો છે. આ મહોત્સવનો આરંભ રાઠોડ યામિનીની પ્રાર્થનાથી કરવામાં આવ્યો. આ મહોત્સવમાં કૉલેજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર ભારતીય સંસ્કૃતિ વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. આ મહોત્સવમાં પ્રથમ ક્રમે યાદવ પૂનમ જી. (બી.કોમ.સેમ.૬) દ્વિતીય ક્રમે રાઠોડ અનમોલ પી. (બી.કોમ.સેમ.૪) અને ત્રીજા ક્રમે ટંડેલ અર્પિતા એ (બી.એ.સેમ.૬) વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આહિર હેત્વીએ કર્યું હતું. આભારવિધિ શ્રીમતિ રેખાબેન પટેલ કરી હતી. નિર્ણાયક તરીકે શ્રી પીયુષભાઈ મોદી અને શ્રી નીપુલભાઈ મિસ્ત્રીએ સેવા આપી હતી. ગાર્ડા ટ્રસ્ટ પરિવાર અને કૉલેજ પરિવાર શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિશ્વવિદ્યાલયની ફાઈવ સાઈડ હોકી ટીમમાં ગાર્ડા કૉલેજની વિદ્યાર્થીનીઓની પસંદગી



ઇન્ટર વિશ્વવિદ્યાલયની ફાઈવ સાઈડ હોકી (બહેનોની) ટીમ પસંદગીનું આયોજન વી.એસ. પટેલ કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા કૉલેજ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગાર્ડા કૉલેજની વિદ્યાર્થીનીઓ ચૌધરી અવિશાબેન સતિષભાઈ (બી.એ.સેમ.૬) રાઈટ ફોરવર્ડ પોજીશન અને પાનસુરીયા જાનકી કિશોરભાઈ (એમ.એ.સેમ.૪) ગોલકીપર ફર્સ્ટ સ્ટેન્ડ બાય પોજીશન માટેવિશ્વવિદ્યાલયની ફાઈવ સાઈડ હોકીની ટીમમાં પસંદગી પામી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યુ. ટીમ મૅનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યતા પ્રા. ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોકત હોકી (બહેનો)ની ટીમમાં પસંદગી થવા બદલ ગાર્ડા કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. એચ.જે. પટેલ, જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવાર અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ હિન્દી વિભાગ અને આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૧૦/૦૧/૨૦૨૫ના રોજ વિશ્વ હિન્દી દિવસ ઉજવણી નિમિત્તે "વિશ્વ સ્તર પર હિન્દીનું મહત્વ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. પ્રિયાંશી પટેલની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના આવકાર પ્રવચનમાં આજના વિશ્વ હિન્દી દિવસનું મહત્વ સમજાવી, કાર્યક્રમની સફળતા માટે શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં પધારેલા વકતા શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા, ભરૂચના હિન્દી વિભાગ અધ્યક્ષા તેમજ પી.જી. ઇન્ચાર્જ ડૉ. ધર્મવીર ગુર્જરે પુષ્પ ગુચ્છ તેમજ સ્મૃતિભેટ આપી કર્યુ હતું. ડૉ. શર્મિલા એચ. પટેલ દ્વારા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષાનું મહત્વ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ અને અન્ય અધ્યાપકોએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી બિનાબેન આહીર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતા માટે કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## મનોવૈજ્ઞાનિક પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા



સમગ્ર ગુજરાતમાં મનોવૈજ્ઞાનિક વિષયના ઉદ્‌ગમસ્થાન તરીકે પ્રચલિત એસ.બી.ગાર્ડા કૉલેજમાં તા. ૧૩/૦૧/૨૦૨૫ના રોજ મનોવૈજ્ઞાનિક પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમની શુભ શરૂઆત આનંદિતા નાયકે રજૂ કરેલી પ્રાર્થનાથી કરવામાં આવી. આ સ્પર્ધામાં મનોવૈજ્ઞાનિક વિષયના સ્નાતક તથા અનુસ્નાતક વિભાગના કુલ ૧૫ ગૃપના ૬૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી તથા મનોવિજ્ઞાન વિષયના અધ્યક્ષ ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચન થકી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડયા હતા. જીવનમાં અભ્યાસ સાથે સંસ્કાર ને આત્મવિશ્વાસની અનિવાર્યતા તેઓએ સમજાવી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડી.ડી.ગર્લ્સ હાઈસ્કૂલના મનોવિજ્ઞાન વિષયના શિક્ષિકા શ્રીમતી નિર્મળાબેન પટેલ તથા બીલીમોરાની રોટરી હાયર સેકન્ડરી સ્કૂલ, બીલીમોરાના મનોવિજ્ઞાન વિષયના શિક્ષિકા શ્રીમતી દર્શનાબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે નિર્મળાબેન પટેલને તેમજ ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે દર્શનાબેન પટેલને બુકે તથા સ્મૃતિભેટ અર્પણ કરી, આવકાર આપ્યો હતો. આ સ્પર્ધામાં મનોવિશ્લેષણ, મેસ્લોનો સિદ્ધાંત, સંગીતનું મનોવિજ્ઞાન, જીવનલક્ષી મનોવિજ્ઞાન, વ્યસનમુકિતનું મનોવિજ્ઞાન, શરીરલક્ષી મનોવિજ્ઞાન જેવા વૈવિધ્યસભર વિષયોનું ખૂબ જ માહિતીપ્રદ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે "Solution Squads" દ્વિતીય ક્રમે "Mind Mates" તૃતીય ક્રમે "Know Your Attachment style" ગૃપને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નિર્ણાયકશ્રીઓએ પોતાના નિરીક્ષણો અને દિશા નિર્દેશો વ્યક્ત કરતુ પ્રવચન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રીમતી તૃષાબેન વશીએ કર્યું હતું. તેમજ કાર્યક્રમના અંતે આભારદર્શન ડૉ. અશ્વિન શર્માએ કર્યું હતું.

## કૃષિ વિશ્વવિદ્યાલય નવસારીની મુલાકાત

નવસારીની સુપ્રસિદ્ધ અને શિક્ષણ–સંસ્કારના ધામસમી એસ.બી.ગાર્ડા કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગ અને આઈ.ક્યુ.એ. સેલના સંયુકત ઉપક્રમે તા. ૧૫/૦૧/૨૦૨૫ ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર ના માર્ગદર્શન અને પ્રેરણાથી કૃષિ વિશ્વવિદ્યાલય નવસારીની શૈક્ષણિક મુલાકાત યોજવામાં આવી હતી. સવારે ૦૮:૩૦ કલાકે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર અને ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે શૈક્ષણિક મુલાકાતે જનાર વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોને શુભેચ્છા પાઠવી હતી. શૈક્ષણિક કૃષિ વિશ્વવિદ્યાલયની મુલાકાતની શરૂઆત સૌ પ્રથમ વિશ્વવિદ્યાલય પરિસરમાં આવેલ સરદાર સ્મૃતિ કેન્દ્રના ડૉ. તૃષારભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને દક્ષિણ ગુજરાતમાં થતા કૃષિ આધારીત જુદા જુદા પાકો, કૃષિ ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાના સાધનો, સંશોધનની માહિતી, બાગાયત પાકો, ઓર્ગેનિક ખેતી, બાયોટૅકનૉલૉજી વગેરેને લગતી વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. કૃષિ પ્રશિક્ષણ અને પ્રદર્શનની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ બામ્બુ રિસોર્સ સેન્ટરમાં શ્રી જયેન્દ્રસિંઘ ચાવડા દ્વારા બામ્બુમાંથી બનતી અવનવી વસ્તુઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સાથે પરિસરમાં આવેલ બેકરી કાર્યશાળામાં જુદા જુદા પ્રકારોની બિસ્કીટ અને કેક વગેરેની તાલીમ લેતા વિદ્યાર્થીઓની પણ મુલાકાત લેવામાં આવી હતી. આ શૈક્ષણિક મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ શિક્ષણ સાથે કૌશલ્ય આધારીત વ્યવસાયનો વિકાસ કેવી રીતે થઈ શકે તેનું માર્ગદર્શન અને પ્રેરણા મળી હતી. આ શૈક્ષણિક મુલાકાતમાં કુલ ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તેમજ મુલાકાત દરમ્યાન અશરફઅલી ખાન અને અંજલી સોનકરે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. આ શૈક્ષણિક મુલાકાત માટે ડૉ. આર.એમ.નાયક(પ્રિન્સિપાલ અને ડીન, એન.એમ.કૉલેજ ઓફ એગ્રીકલ્ચર) અને ડૉ. હેમંતભાઈ શર્મા (ડાયરેકટર ઓફ ઓસ્ટેન્શન ઍજ્યુકેશન, નવસારી એગ્રીકલ્ચર વિશ્વવિદ્યાલય) નો સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. એ.બી.પટેલ, શ્રી કે.સી.પટેલ અને કુ. નસરીન કુરેશીએ અથાક પ્રયત્નો કર્યા હતા. ગાર્ડા કૉલેજ ટ્રસ્ટે પણ આ શૈક્ષણિક મુલાકાતની નોંધ લીધી હતી.






## 'સોશિયલ મિડીયા સુવિધા કે દુવિધા' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન



તા. ૧૬/૦૧/૨૦૨૫ના રોજ નવસારીની પ્રખ્યાત ગાર્ડા કૉલેજ દ્વારા ડિબેટ સમિતિ અને આઈ.કયુ.એ. સેલના સંયુકત ઉપક્રમે સ્વ. ટી.કે.બાટલીવાલા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'સોશિયલ મીડીયા સુવિધા કે દુવિધા' હતો. કાર્યક્રમની શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની જાગૃતિ ઘેવારેની પ્રાર્થના દ્વારા થઈ હતી. કાર્યક્રમમાં સોશિયલ મિડીયાનું મહત્વ અને આપણી નૈતિક જવાબદારીનું પ્રેરણાદાયી વકતવ્ય કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર શ્રી દ્વારા આપવામાં આવ્યું હતુ. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. સ્પર્ધામાં કુલ ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં નિર્ણાયકશ્રી તરીકે ગુજરાતી વિષયના અધ્યાપિકા ડૉ. એ. આર. પટેલ અને ઍકાઉન્ટન્સી વિષયના ઍડહોક અધ્યાપિકા કુ. દિવ્યા લહામાગે સેવા પૂરી પાડી હતી. સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે શ્રીમલ્લા કોમલ (એમ.કોમ.સેમ–૨), દ્વિતીય ક્રમે પાટિલ પૂજા (બી.કોમ.સેમ.૨) અને તૃતીય ક્રમે આંચલ (બી.કોમ.સેમ.૬) બન્યા હતા. ડિબેટ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો અને વ્યવસ્થાના ભાગરૂપે કુ. વૃષ્ટિ પટેલ પણ હાજર રહી જરૂરી સેવા પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રીદ્ધીબેન લાડ દ્વારા કરવામાં આવ્યું અને વિદ્યાર્થીઓનો કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## એન્ટી રેગીગ અવેરનેશ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો

સમગ્ર દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત એસ.બી.ગાર્ડા કૉલેજ વિદ્યાર્થીઓને જ્ઞાન–વિજ્ઞાનથી સમૃદ્ધ બનાવે છે. આ સાથે વિદ્યાર્થીઓને હિત માટે તેને સંલગ્ન બાબતો માટે જાગૃત પણ કરે છે. આ જ ઉપક્રમે તા. ૨૦/૦૧/૨૦૨૫ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની અધ્યક્ષતામાં એન્ટી રેગીગ અવેરનેશનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત યામિની રાઠોડે રજૂ કરેલ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓને માતાપિતાના સંસ્કારો, માનવીય મૂલ્યો અને ગાર્ડા કૉલેજ દ્વારા ખિલવેલી શિસ્તને નજરમાં રાખી વ્યવહાર કરવા આહવાન કર્યુ હતુ. ગાર્ડા કૉલેજના ઈતિહાસમાં રેગીગનો એક પણ કિસ્સો બન્યો નથી એમ તેમણે જણાવ્યું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વકતા સિનિયર એડવોકેટ શ્રી આશિષભાઈ શાહે એન્ટી રેગીગ અંગેની યુ.જી.સી.ની કાયદાકીય જોગવાઈઓ અંગે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે સ્લાઈડ શો દ્વારા પી.પી.ટી. પ્રેઝન્ટેશન થકી રેગીગના સૌથી સુક્ષ્મ અર્થનું વર્ણન કર્યું. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી કે તમે મેળવેલી આ માહિતી અન્ય તમામ વિદ્યાર્થી સાથે શેર કરશો. કાર્યક્રમના અંતે પ્રશ્નોતરી થકી વિદ્યાર્થીઓની જીજ્ઞાસાઓનો યોગ્ય પ્રત્યુત્તર આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે એન્ટી રેગીગ સેલના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા એન્ટી રેગીગ સેલના સભ્યો ડૉ. અરવિન્દભાઈ પટેલ, ડૉ. આશાબેન પટેલ, ડૉ. અશ્વિન શર્મા સક્રિય રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીમિત્રોએ હાજર રહી, માર્ગદર્શન મેળવ્યું હતુ. કાર્યક્રમના અંતે આભારદર્શન થકી સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. અશ્વિનભાઈ શર્માએ કર્યુ હતું.



## વિશ્વવિદ્યાલયમાં ૫૧મો રાણી દુર્ગાવતી ખેલકૂદ રમતોત્સવમાં ગાર્ડા કૉલેજનું ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે ૫૧મો રાણી દુર્ગાવતી ખેલકૂદ રમતોત્સવનું આયોજન તારીખ ૨૧/૦૧/૨૦૨૫ થી તારીખ ૨૪/૦૧/૨૦૨૫ દરમ્યાન વિશ્વવિદ્યાલય પરિસર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી ૧૩૪ કૉલેજના ૧૮૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં ગાર્ડા કૉલેજના ટી.વાય. બી.કોમ.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અબુકેશ જે.શાહે (પી.એચ.) ૫૦ મીટર દોડ તેમજ લાંબી કૂદમાં ગોલ્ડ મેડલ અને ગોળા ફેંક સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ગાર્ડા કૉલેજ

તથા નવસારીનું ગૌરવ વધાર્યું. ટીમ મૅનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા શ્રી ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. એચ.જે.પટેલ, તેમજ જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવારે અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

## 'સંસ્કારની પાઠશાળા' વિષય પર ડૉ. ધર્મવીર ગુર્જરનું વ્યાખ્યાન યોજાયું

સમગ્ર ગુજરાતમાં મનોવિજ્ઞાન વિષય ઉદગમ સ્થાન તરીકે પ્રચલિત એસ.બી.ગાર્ડા કૉલેજમાં તા. ૨૨/૧/૨૦૨૫ના રોજ મનોવિજ્ઞાન વિભાગ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે "સંસ્કારની પાઠશાળા" વિષય પર કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જરના વ્યાખ્યનનું આયોજન ટી.વાય. બી.કોમના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત કુ. જાગૃતિ ઘેવારેની પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રાસંગિક ઉદ્‌બોધન ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વ્યકિતના જીવનમાં સંસ્કારનું મહત્વ, માતાપિતાનું સર્વોચ્ચ સ્થાન, સંસ્કારના મૂળ સ્ત્રોતો, કારકિર્દી પ્રત્યે સજાગતા જેવી તમામ બાબતોને વાસ્તવિક ઉદાહરણ આપી આવરી લઈ વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. પૂજા ઈંગોલે અને આભાર વિધિ કુ. દિવ્યા લહામગે દ્વારા કરવામાં આવી હતી. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ કાર્યક્રમના સફળ આયોજન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.




## કિવઝ સ્પર્ધાનું આયોજન

નવસારીની સુપ્રસિદ્ધ એવી ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર ના માર્ગદર્શન હેઠળ ઇતિહાસ વિભાગ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે ઇતિહાસ વિષયના વિદ્યાર્થીઓ માટે તા. ૧૭/૦૧/૨૦૨૫ના રોજ કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીની કાજલ અને અંજલી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.ધર્મવીર ગુર્જર પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા શુભેચ્છા પાઠવી હતી. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ અને ઇતિહાસ વિભાગના અધ્યક્ષશ્રી અંબુભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે અંકિત હસમુખભાઈ ચૌધરી (એમ.એ. સેમ.૪), દ્વિતીય ક્રમે ઓમકાર અશોકભાઈ જગતાપ (બી.એ.સેમ.૬) અને તૃતીય ક્રમે રિયા કનુભાઈ પટેલ (એમ.એ.સેમ.૪) વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. કિર્તી પટેલ અને આભારવિધિ શ્રી નયનકુમાર ગુજ્જા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમની સફળતા બદલ ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.



## Film Review Competitionનું આયોજન



એસ.બી.ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગ તથા આઈ.ક્યુ.એ. સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮/૧/૨૦૨૫ના રોજ Film Review Competitionનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા પ્રસંગીક ઉદ્‌બોધન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી તથા આઈ.ક્યુ.એ. સેલના કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ તથા અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ.રાધા ગૌતમ તથા અંગ્રેજી વિભાગના અધ્યાપિકા ડૉ. નેહા હરિયાણી, કુ. એષા રાઠોડ હાજર રહી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધામાં ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા બી.પી.બારીયા સાયન્સ કૉલેજના અધ્યાપિકા ડૉ. સ્વાતિ નાયક તથા શ્રીમતી એકતા દેસાઈ દ્વારા નિભાવવામાં આવી હતી. આ સ્પર્ધાના અંતે પ્રથમ ક્રમે જાગૃતિ ઘેવારે (બી.એ.સેમ.૬), દ્વિતીય ક્રમે પ્રિયાંશી પટેલ (બી.એ.સેમ.૪) તેમજ તૃતીય ક્રમે રાશી પટેલ (બી.એ.સેમ.૨) વિજેતા જાહેર થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. વૃષ્ટિ પટેલ અને આભારવિધિ કુ. હિરલ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન



એસ.બી.ગાર્ડા કૉલેજ આર્ટસ એન્ડ પી.કે.કૉલેજ ઑફ કોમર્સ, નવસારીની સાંસ્કૃતિક સમિતિ અને આઈ.ક્યુ.એ. સેલના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર ના નેજા હેઠળ તા. ૨૪/૧/૨૦૨૫ના રોજ "દેશ ભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવનાને જાગૃત કરવાનો છે. દેશપ્રેમ માટે આપણા દેશભક્તોએ જે બલિદાન આપ્યુ છે તેમને યાદ કરી અંજલિ આપવી તેમજ તેમનામાં રહેલી સંગીત પ્રત્યેની અભિરુચિને પ્રોત્સાહિત કરવાનો છે. આવી સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ પોતાની સંગીતકળાને અભિવ્યક્તિની નવી દિશામાં લઈ જઈ શકે છે. તેઓ પોતાની આ ગાયન શક્તિ દ્વારા પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે છે. સ્પર્ધાનો પ્રારંભ કૉલેજની વિદ્યાર્થીની કુ. સંગીતા રાજભર દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું અને દેશભક્તિ ગીત સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ પોતાની સંગીત સાધનાને આગળ વધારી શકે તેમજ દેશ પ્રત્યેની નિષ્ઠા અને ફરજને ધ્યાનમાં રાખી જીવનમાં આગળ વધે એ માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા આ ઉત્સવમાં પ્રથમ ક્રમે કું. સંગીતા રાજભર, દ્વિતીય ક્રમે પટેલ યામી, તૃતીય ક્રમે શિવાની વિજેતા રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. પુનિતા પટેલે અને આભારવિધિ શ્રીમતી હેતલબેન પટેલ અને શ્રીમતી નયનાબેન પટેલે સેવા આપી હતી. આ સ્પર્ધાના સૌ સ્પર્ધકોને સમગ્ર ગાર્ડા ટ્રસ્ટ પરિવાર અને કૉલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## રક્તદાન શિબિર

એસ.બી.ગાર્ડા કૉલેજ શિક્ષણ સાથે માનવ સેવાની ઉત્તમ કામગીરીઓ છેલ્લા ૮૦ વર્ષથી કરતી આવી છે. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શનથી વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ સત્રમાં પણ રક્તદાન કેમ્પનું આયોજન થયું હતું. જેમાં કુલ ૪૩ યુનિટ રક્તદાન થયું હતું. ચાલુ વર્ષ દરમ્યાન બીજા સત્રમાં પણ રાષ્ટ્રીય સેવા યોજના, એન.સી.સી., જીમખાના સમિતિ અને આઈ.ક્યુ.એ.સેલ તથા ઇન્ડિયન રેડ ક્રોસ, નવસારીના સંયુક્ત સહયોગ અને સહકારથી તા. ૨૯/૦૧/૨૦૨૫નાં રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે ઇન્ડિયન રેડક્રોસ, નવસારીના વહીવટી સ્ટાફનું પુષ્પ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કર્યું હતું અને વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં રક્તદાન કરી માનવમૂલ્યો અને અમૂલ્ય જીવનનું જતન કરવા અપીલ કરી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર કુલ ૬૩ યુનિટ રક્તદાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઇન્ડિયન રેડક્રોસ, નવસારીની પ્રમુખશ્રી તુષારકાંત દેસાઈ, ડૉ. પરેશભાઈ ધનાણી રક્તદાન કેમ્પની મુલાકાત લીધી હતી તથા વહીવટી સ્ટાફે મહત્વની કામગીરી ભજવી હતી. નવસારી લાઈવ ચેનલ પણ રક્તદાન કેમ્પની મુલાકાત લઈ પ્રશંસા કરી હતી. કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા કૉલેજના તમામ અધ્યાપકો તથા વહીવટી સ્ટાફે રક્તદાન કેમ્પની મુલાકાત લઈ રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. કેમ્પમાં રક્તદાતાઓને કૉલેજ તરફથી પ્રોત્સાહનરૂપે સ્મૃતિભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા એન.એસ.એસ.ો પ્રોગ્રામ ઓફિસરો, એન.સી.સી. ઓફિસર, જીમખાના સમિતિના અધ્યક્ષ તથા સ્વયંસેવકોએ અથાક પ્રયત્ન કર્યો હતો. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા આ રક્તદાનકેમ્પની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી.



## ઓરો વિશ્વવિદ્યાલય, સુરતની મુલાકાત




એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગ તથા આઈ.ક્યુ.એ સેલના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત ઓરો વિશ્વવિદ્યાલય, સુરતની મુલાકાત તા.૩૦/૧/૨૦૨૫નાં રોજ લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન સૌ પ્રથમ ઓરો વિશ્વવિદ્યાલયનાં સાયકોલોજી વિભાગના અધ્યાપિકા ડૉ. વીણા વૈશ્ય દ્વારા'પર્સનાલિટી ડેવલોપમેન્ટ' વિષય પર

વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા તથા અંગ્રેજી વિભાગનાં અધ્યાપક ડૉ. પુનિત પાઠક દ્વારા 'રિસર્ચ' વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતુ. વર્કશોપ બાદ સમગ્ર વિશ્વવિદ્યાલયનું નિરીક્ષણ કરાવી વિદ્યાર્થીઓને 'ધ્યાન' પણ કરાવવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં અંગ્રેજી વિભાગનાં ૫૬ વિદ્યાર્થીઓ અને ૦૪ શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. ઉપાચાર્યશ્રી તથા આઈ.કયુ.એ.સેલના કૉ-ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. પ્રવાસની તમામ કામગીરી અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ. રાધાબેન ગૌતમે સંભાળી હતી અને આ કાર્યને સફળ બનાવવામાં અધ્યાપિકા ડૉ. નેહા હરિયાણી તથા એડહોક પ્રાધ્યાપિકાઓ કુ. વૃષ્ટિ પટેલ અને કુ હિરલ પટેલે ભૂમિકા ભજવી હતી.

## શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### એક દિવસીય વ્યાખ્યાનું આયોજન



શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તાલીમ લઈ રહેલા ભાવિ શિક્ષકો દ્વારા 'સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ'ના અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે 'રામકૃષ્ણ સેવા કેન્દ્ર'ના અધ્યક્ષ શ્રી ગૌરાંગભાઈ જોષી, શ્રી હિતેશભાઈ ભંડારી અને શ્રી ગિરીશભાઈ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો આરંભ દૈનિક પ્રાર્થના દ્વારા થયો હતો. ત્યારબાદ ભજન તેમજ સુવિચારમાં વિવેકાનંદના વિચારો અને તેમના જીવનને લગતી પ્રશ્નોતરી રજૂ કરવામાં આવી. આચાર્યશ્રી ડૉ. કલ્પેશભાઈ ટંડેલે મહેમાનોનો પરિચય અને આવકાર સ્વાગત કર્યા તેમજ સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદના જન્મદિવસે વિવેકાનંદજીની મૂર્તિ 'રામકૃષ્ણ સેવા કેન્દ્ર' દ્વારા ભેટમાં મળી હતી અને BVK મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમિન દ્વારા અને રામકૃષ્ણ સેવા કેન્દ્રના સેક્રેટરી શ્રી ગૌરાંગભાઈ જોષી દ્વારા સ્વામી વિવેકાનંદજીની મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા મૂર્તિ ભેટ આપવા બદલ 'રામકૃષ્ણ સેવા કેન્દ્ર'નો આભાર માન્યો હતો. તેમજ શ્રી રંગ શિક્ષણમાં વિદ્યાલય અને 'રામકૃષ્ણ સેવા કેન્દ્ર' દ્વારા MoU કરવા માટે કરારબદ્ધ થયા. કાર્યક્રમના મુખ્ય વકતા શ્રી ગૌરાંગભાઈ જોષી દ્વારા શિક્ષકની ભૂમિકા અને વિવેકાનંદ ના વિચાર વિશે વાતો કરવામાં આવી હતી જેમાં સ્વામી વિવેકાનંદનું ભારતને વિશ્વગુરુ બનાવવાનું સ્વપ્ન અને તેના સાકાર કરવાના પ્રયત્નોમાં શિક્ષકની મહત્વની ભૂમિકા વિશે વિચારો રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી તેજલ પટેલ અને રોશની ટંડેલ તેમજ આભારવિધિ પ્રા. ડૉ. અરૂણાબેન કસવાલા દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### વ્યાખ્યાન માળા અંતર્ગત વ્યાખ્યાન યોજાયું



શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૧૬/૧/૨૦૨૫ના રોજ વ્યાખ્યાન માળા અંતર્ગત 'રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ'ના સહકાર્યવાહશ્રી યશવંતભાઈ ચૌધરીનું વકતવ્ય યોજાયું હતું. આ કાર્યક્રમમાં VNSGU સુરતના પૂર્વ સિન્ડિકેટ સભ્ય ડૉ. કેતનભાઈ સી. દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમનો આવકાર સ્વાગત અને શાબ્દિક પરિચય આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું. બી.વી.કે. મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમીને તેમનું સંસ્થાનું શ્રી રંગમ્ મેગેઝીન તથા પુસ્તક આપી સ્વાગત કર્યું. આચાર્ય અને ભુપેન્દ્રભાઈ અમીન દ્વારા મુખ્ય મહેમાનશ્રીને યાદગીરી સ્વરૂપે સ્મૃતિભેટ અર્પણ કરી હતી. યશવંતભાઈ ચૌધરીએ તેમના વકતવ્યમાં તાલીમાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કરતાં, આત્મીયતા પ્રેમ અને જીવંતતા એ શિક્ષક વિદ્યાર્થીને આપીશ કે તેમજ શિક્ષકની સજ્જતા વિશે માર્ગદર્શન આપ્યું હતું. સ્વને ઓળખી ભારતનું નિર્માણ કરવું તેમજ વિશ્વકલ્યાણ એ ભારતનો સ્વભાવ હતો, છે અને રહેશે જેવી બાબતોનો સમાવેશ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલ તથા આભારવિધિ ડૉ. ગાયત્રીબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, ડેડીયાપાડા.

### NSSની વાર્ષિક શિબિર (સાત દિવસીય) સમારોહ

સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ ડેડીયાપાડાની NSSની વાર્ષિક શિબિર તા. ૨/૧/૨૦૨૫ થી તા. ૮/૧/૨૦૨૫ સરકારી માધ્યમિક શાળા, ડુમખલ તા. દેડિયાપાડા જી. નર્મદામાં યોજવામાં આવ્યો છે. શિબિરના પ્રથમ દિવસે સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડાના પ્રિન્સિપાલ ડૉ.અનિલાબેન પટેલની અધ્યક્ષતામાં આર્શીવચન આપી દેડિયાપાડાથી ડુમખલ ગામે જવા નીકળ્યા. સરકારી માધ્યમિક શાળા ડુમખલ, શિબિરના સ્થળે પહોંચીને રહેવાની જગ્યાએ સાફસફાઈ કરી વિદ્યાર્થીઓની ટુકડી પાડવામાં આવી

હતી. દરેક ટીમમાં એક લીડર અને એક સહાયક લીડરની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ ભોજન કરી સાંજની મીટીંગ કરી આજનો દિવસની પુર્ણાહૂતી કરી.



## શિબિરના બીજા દિવસે પ્રભાત ફેરી કરાવવામાં આવી

સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ ડેડીયાપાડાની NSSની વાર્ષિક શિબિર તા. ૦૩/૦૧/૨૦૨૫ શિબિરના બીજા દિવસે સવારે પ્રભાત ફેરી કરી હળવી કસરત કરાવવામાં આવી હતી. સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડાના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલના પ્રમુખ પદે ઉદ્‌ઘાટન સમારંભ યોજવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ વિશેષ તરીકે સરકારી માધ્યમિક શાળા ડુમખલના આચાર્ય શ્રી સુરેન્દ્રભાઈ શંકરભાઈ વસાવા, માજી સરપંચ ગણપતભાઈ તડવી અને જીલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતી બસંતીબેન ગણપતભાઈ તડવી એ હાજરી આપી આર્શીવભનો આપ્યા હતા. કૉલેજના આચાર્યશ્રીએ એન.એસ.એસના સ્વયંસેવકોને કાર્યક્રમને અનુરૂપ ઉદ્‌બોધન કરી માર્ગદર્શન કર્યું હતું સાથે ડૉ. રીતેશભાઈ પરમાર અને ડૉ. ચનાભાઈ ટાલીયા હાજરી આપી આર્શીવચન આપ્યા હતા. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવા એ આ સાત દિવસીય વાર્ષિક શિબિરમાં થનાર કાર્યક્રમો, અંધશ્રધ્ધા, બેટી બચાવો બેટી પઢાઓ, મતદાન જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ, પ્રાકૃતિક ખેતી વગેરે અંગે માહિતગાર કર્યા હતા. આભારદર્શન સ્વયંસેવિકા વૈષ્ણવ મોનિકાબેન દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમનું સંચાલન સ્વયંસેવક સુનિલભાઈ પારસીગભાઈ વસાવાએ કર્યું હતું.

## NSSની વાર્ષિક શિબિર (સાત દિવસીય) સમારોહ

સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ ડેડીયાપાડાની NSSની વાર્ષિક શિબિરના તા. ૦૮/૦૧/૨૦૨૫ શિબિરનાં સાતમાં દિવસે સવારે પ્રભાત ફેરી કરી હળવી કસરત કરાવવામાં આવી હતી. સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડાના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલના અધ્યક્ષતા હેઠળ સવારે ચા નાસ્તો કરી સ્વયંસેવકો સરકારી માધ્યમિક શાળા ડુમખલના વિદ્યાર્થીઓ માટે રમત ગમતની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબુ ચમચી સંગીત ખુરશી કોથડા દોડ વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ અને દ્વિતીય ક્રમાંક આવેલા બાળકોને બોલપેન આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સાતમાં દિવસના રોજ સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ, સંજયભાઈ પરમાર, હંસાબેન વસાવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. માધ્યમિક શાળા, ડુમખલના આચાર્યશ્રી અને સ્ટાફ તેમજ ડુમખલ ગામના માજી સરપંચ ગણપતભાઈ તડવી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદબોધન ડૉ. અનિલાબેન પટેલ અને સંજયભાઈ પરમાર દ્વારા આપવામાં આવ્યું હતું. પ્રસંગોચિત NSSના સ્વયંસેવકો ને જીવનઘડતરમાં NSSનું કેટલું મહત્વ છે એ અંગે માહિતી આપી હતી. સ્વયંસેવકો NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવાએ સમાપનમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ બે વિદ્યાર્થીઓ દ્વારા પોતાના અનુભવો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા અને સાથે સંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSSના સ્વયંસેવકો સુનિલભાઈ પારસીગભાઈ વસાવાએ કર્યુ હતું અને આભારદર્શન વૈષ્ણવ મોનિકાએ કર્યું હતું. અંતે રાષ્ટ્રગાન કરી સમાપન કાર્યક્રમને પૂર્ણ જાહેર કરી સરકારી માધ્યમિક શાળા ડુમખલ થી સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડીયાપાડા માટે રવાના થઈ હતી.



## ૭૬માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

તા. ૨૬/૦૧/૨૦૨૫ના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડામાં ડૉ. અનિલાબેન પટેલની અધ્યક્ષતામાં ૭૬મો પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે ગુજરાતી વિષયના અધ્યાપક ગંભીરભાઈ વસાવાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું અને એમના દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને તમામ સ્ટાફ હાજર રહ્યા હતા.



## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-01-2025 to 31-01-2025

| Detail | Description | Jan. -2025 | |
|---|---|---|---|
| User | Visitors | 3048 | |
| | Internet Lab User | 75 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 57 | |
| | Research Scholars | 5 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 1 | |
| | Online User | - | |
| | Total | | 3186 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| January-2025 | 797 | 740 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2025 | 17 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2025 | 17 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2025 | 14 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.
**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.
**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.
**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.
**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.
'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in
This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in